

# શ્રી ગૌતમસ્વામી મહાપૂજન

-: સંશોધક :-

પ. પૂ. આચાર્યદેવ સ્વ. શ્રી ભાનુચંદ્રસૂરી મ. સા. ના શિષ્યરત્ન પંન્યાસ શ્રી સુબોધવિજયજી મ. સા.

-: પ્રકાશક :-

શ્રી ભાનુપ્રભા જૈન સેનેટોરીયમ ટ્રસ્ટ, માદલપુર, એલીસબ્રીજ, અમદાવાદ.

ॐ ह्रीँ अर्हं नमः।
तीर्थनायक श्री वर्धमानस्वामीने नमः।
अनंतलब्धिनिधानाय श्री गौतमस्वामीने नमो नमः।
परमपूज्य जैनाचार्य नीति-दान-तिलक-भानुचंद्रसूरी सद्‌गुरुभ्यो नमः।

**મહાપ્રભાવિક, વાંછિતપૂરક, કામધેનુ-કલ્પવૃક્ષ- ચિંતામણીરત્નસમ**
**સર્વમનોરથપૂરક, વિનયગુણસંપન્ન, પ્રાતઃ સ્મરણીય, અનંતલબ્ધિસંપન્ન**

# શ્રી ગૌતમસ્વામી મહાપૂજન

**:સંશોધક :**

પરમપૂજ્ય આચાર્યદેવ શ્રી ભાનુચંદ્રસૂરી મ.સા. ના શિષ્યરત્ન પંન્યાસશ્રી સુબોધવિજયજી મ.સા.

**: સંકલનકર્તા :**

★ સુશ્રાવક સુવિધિકાર શ્રી મફતલાલ ફકીરચંદ શાહ (ડભોઈવાળા) ★ મુકેશકુમાર એમ. શાહ.

**: પ્રકાશક :**

શ્રી ભાનુપ્રભા જૈન સેનેટોરીયમ ટ્રસ્ટ, માદલપુર, એલીસબ્રીજ, અમદાવાદ.

૧. ચરમતીર્થપતિ શ્રી મહાવીરસ્વામીની સ્તુતિ - અષ્ટપ્રકારી પૂજા - સ્તોત્રપાઠ- ધૂન
૨. અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીની સ્તુતિ - મંત્રગર્ભિત સ્તોત્રપાઠ
૩. સ્વઅંગે તિલકવિધિ - મંત્રોચ્ચારપૂર્વક
૪. પાપોક્ત આત્માનુ શુદ્ધિકરણ - ઈરિયાવહીયા વિધિ દ્વારા
૫. ભૂમિશુદ્ધિ (ભૂમિગત ઉપદ્રવનિવારણાર્થે)
૬. દેહશુદ્ધિવિધાન - મંત્રસ્નાન - (શરીર શુદ્ધિ માટે)
૭. હૃદયશુદ્ધિ - (હૃદય નિર્મળ કરવા)
૮. કલ્મષદહન - (પાપોનું દહન કરવાની ક્રિયા)
૯. સકલીકરણ - (ક્ષિપ નોન્યાસ - પંચમહાભૂત નું બનેલ શરીર પર મંત્રબીજો સ્થાપવા.)
૧૦. પંચાગન્યાસ (શરીરતંત્રને ચેતન્યમય - પવિત્ર બનાવવા)
૧૧. કરન્યાસ - (આંગળીઓને પવિત્ર બનાવવા)

૧૨. વજ્રપંજર - આત્મરક્ષા સ્તોત્ર (અનિષ્ટ શક્તિઓથી રક્ષણ માટે કવચ ધારણ કરવું.)
૧૩. છોટિકાન્યાસ - (દુષ્ટશક્તિઓના વિઘ્ન નિવારણ માટે)
૧૪. ક્ષેત્રપાળદેવ પૂજન
૧૫. રક્ષાપોટલી વિધાન
૧૬. પીઠસ્થાપન
૧૭. યંત્ર (પ્રતિમા) સ્થાપન
૧૮. મુદ્રાપંચક દ્વારા ગુરુ ગૌતમસ્વામીની આહ્વાનાદિક ક્રિયા - અમૃતિકરણ
૧૯. સંકલ્પવિધિ
૨૦. ગુરુસ્મરણ - ગુરુ પાદુકાપૂજન
૨૧. અધિષ્ઠાયક દેવ-દેવી પૂજન
૨૨. મહાપ્રભાવિક ગૌતમસ્વામીજીના અષ્ટકનો પાઠ

યંત્રના પૂજન પ્રસંગે પ્રારંભિક પૂર્વભૂમિકાસ્વરૂપ ( પૂર્વસેવારૂપ) વિધિ પૂર્ણ થઈ

# - યંત્રપૂજનમ્ -

| | | |
|---|---|---|
| પ્રથમ વલય | :- | - શ્રી ગૌતમસ્વામીજીની અષ્ટપ્રકારી પૂજા |
| | | - મનવાંછિતપૂરક વિશિષ્ટ વિધાન |
| | | - સ્તોત્રપાઠ |
| | | - મહિમાવાચક દુહા - ધૂન |
| બીજું વલય | :- | દશ ગણધર ભગવંતોનું પૂજન |
| ત્રીજું વલય | :- | અઠ્ઠાવીસ લબ્ધિપદ પૂજન |
| ચોથું વલય | :- | અષ્ટમહાસિદ્ધિ પૂજન |
| પાંચમું વલય | :- | નવનિધિ (નવનિધાન) પૂજન |
| છઠ્ઠું વલય | :- | સોળ વિદ્યાદેવી પૂજન |
| સાતમું વલય | :- | પિસ્તાલીસ આગમ પૂજન |

## સ્તોત્રપાઠ - છંદ - સમૂહમંત્રજાપ

૧૦૮ દીવાની આરતી............મંગળદીવો............સમૂહ ચૈત્યવંદન

શાંતિકળશ......................વિસર્જન..................ક્ષમાપ્રાર્થના

**પ્રાપ્તિસ્થાન :**

- **શ્રી ભાનુપ્રભા જૈન સેનેટોરીયમ ટ્રસ્ટ**
  માદલપુર રેલ્વે ગરનાળા પાસે, એલીસબ્રીજ, અમદાવાદ.
- **સુવિધિકાર શ્રી મફતલાલ એફ. શાહ (ડભોઈવાળા)**
- **યુવાવિધિકાર શ્રી મુકેશકુમાર એમ. શાહ**
  જી-૬, ચિંતન ફ્લેટ્સ, કૃષ્ણનગર, સૈજપુર, અમદાવાદ. ફોન નં. (રે) ૨૮૧ ૯૩ ૬૮

**પુનઃ પ્રકાશન :**
વીર સંવત ૨૫૨૪ વિ. સં. ૨૦૫૪
ચૈત્ર સુદ - ૯
શ્રી અજિતનાથ - ભીડભંજન પાર્શ્વ જિનાલય -
દ્વિતિય સંસ્કરણ : પ્રત ૫૦૦

**મુદ્રક :**
મહાલક્ષ્મી ઓફસેટ પ્રિન્ટર્સ, ઘીકાંટા રોડ, ભગત નિવાસ સામે,
અમદાવાદ-૩૮૦૦૦૧, ફોન : ૫૬૨૫૬૩૯, ૪૧૪૩૮૨

# સ..મ..ર્પ..ણ

- જેઓશ્રીની અમીદ્દષ્ટિની વૃષ્ટિએ, અંતરની સૃષ્ટિમાં **પરમાત્મભક્તિ** અને **શ્રદ્ધાના** પૂર પ્રસરાવ્યા છે ...
- અમોઘ ઉપદેશલબ્ધિના ધારક અને પરમ કરુણાના ભંડાર...
- જેઓશ્રીની કૃપાની કિરણાવલિએ, અંતરના અજ્ઞાન અંધકારને ઓગાળીને **જ્ઞાન** ના દિવ્ય-દીપ પ્રગટાવ્યા છે....
- ગુલાબમાં જેમ **સુવાસ, સૌંદર્ય** અને સુકોમલતાનો ત્રિવેણી સંગમ હોય છે તેમ

જેઓશ્રીમાં **પ્રભાવકતા, પુણ્યાઈ** અને **પ્રતિભા**નો ત્રિવેણી સંગમ હતો.... તે

જ્ઞાનસ્થવિર - અનુભવ સ્થવિર - મંત્ર-યંત્રાદિ વિજ્ઞ સિદ્ધાંતનિષ્ઠ શાસનપ્રભાવક પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજયભાનુચંદ્રસૂરીશ્વરજી મ.સા.ની સદૈવ સ્મરણીય સ્મૃતિને....

**સા...દ...ર.....સ...મ...ર્પ...ણ**

- દિવ્યકૃપા પ્રાપ્ત શિષ્યરત્ન પંન્યાસ સુબોધવિજયજી મ.સા.



अहिंसा धर्म की महान विभूति
तीर्थंकर श्रमण भगवान श्री महावीर



तीर्थंकर श्रमण भगवान श्री महावीर के आद्य
गणधर श्री गौतमस्वामीजी

લોકોત્તર શ્રી જિનશાસનમાં પરમપ્રભાવસંપન્ન, પવિત્રતાના પુંજસમાન, તૃષ્ણાઓના ત્યાગી, પરમોચ્ચસ્થાને પ્રતિષ્ઠિત, સર્વજ્ઞ, સર્વદર્શી, કરુણાવત્સલ જગદીશ્વર એવા ત્રિલોકનાથ પરમાત્માની ભક્તિ પાપોનું પ્રક્ષાલન કરી દેવાની પ્રચંડ તાકાત ધરાવે છે.

અરિહંત પ્રભુની ભક્તિ મુખ્યત્વે ચાર પ્રકારે થાય છે (૧) વંદન (૨) પૂજન (૩) સત્કાર (૪) સન્માન.... જે આરાધક આ પ્રકારો દ્વારા અર્હત્‌ની ઉપાસના ભક્તિ કરે છે તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નોની પ્રાપ્તિ થાય છે.

અરિહંત પ્રભુની પૂજા, પૂજન, આરાધના, ઉપાસના બે પ્રકારે થાય છે. તેમાં સુગંધી પદાર્થો, ચૂર્ણો, પુષ્પો આદી દ્રવ્યો વડે થતી પૂજાને દ્રવ્ય-પૂજન કહેવાય છે.

વિનય, ભક્તિ આદી પ્રશસ્ત ભાવો વડે પૂજા થાય છે તેને ભાવ- પૂજન કહેવાય.

જૈન શાસનમાં અરિહંત અને સિદ્ધ એ બે દેવતત્વ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુતત્વ છે. ક્રમાનુસાર જિનશાસનમાં આ "પંચપરમેષ્ઠી" અર્થાત્ પરમ ઈષ્ટ, માનવાને યોગ્ય પાંચ તત્ત્વો સર્વોત્કૃષ્ટ સ્થાને છે.

સિદ્ધને ઓળખાવનારા અરિહંતો છે અને સિદ્ધ થવાનો માર્ગ બતાવનારા પણ અરિહંતો છે. વળી ઉપકારની અપેક્ષાએ અરિહંત પ્રભુ પરમ ઉપકારી હોવાથી પ્રથમ સ્થાન અરિહંત પ્રભુનું અને બીજું સિદ્ધ ભગવંતોનું છે.

આવા અરિહંત, સિદ્ધ ભગવંતોની મૂર્તિ કે પ્રતિમાઓ, ચિત્તમાં સુંદર સમાધિરૂપ ભાવને ઉત્પન્ન કરનારા હોઈ તેમના પૂજન, વંદન, સત્કાર, સન્માન ભાવ અને શ્રદ્ધાપૂર્વક કરવાથી આત્મકલ્યાણ સાધી શકાય છે. તેમાં આ અપસર્પિણીકાળમાં પરમ ઉપકાર કરનાર ચોવીસ તીર્થંકરો પૈકી ચરમતીર્થપતિ શ્રી મહાવીર પ્રભુના શાસનમાં આજે સહુ ધર્મીજીવો ધર્મ કરી રહ્યા છે, ધર્મ પામી રહ્યા છે, કે જે પ્રભુ મહાવીરે ક્ષમાના અદ્‌ભૂત શસ્ત્રથી ગુસ્સાને ગાળ્યો, ક્રોધને કાઢયો. વૈરવૃત્તિના સર્વ બીજોને બાળી, મધુર મૃદુતાને મેળવી માનને માર્યું અને અહંકારને ઓગાળ્યો, નિઃસ્પૃહ બની લોભને લાત મારી તૃષ્ણાઓને ત્યાગીને

અનાસક્તિ અપનાવી તેઓ અક્રોધી, અમાની, અમાયી, અલોભી બની ત્રિલોકેશ્વર બન્યા એવા પરમેશ્વર દેવાધિદેવ પ્રભુ શ્રી મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગણધર શ્રી ગૌતમસ્વામી પણ અચિંત્યપ્રભાવસંપન્ન તથા પ્રભાવશાળી પ્રભુ વીર ને સમર્પિત પુરુષ હતા. જે ગુરુ ગૌતમની લબ્ધિઓનો મહિમા, પ્રભાવ તે કાળમાં પણ પ્રચલિત હતો અને વર્તમાનમાં પણ તેઓનો પ્રભાવ સર્વત્ર વ્યાપેલો છે એવા અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી સારાયે જૈનશાસનમાં "**મંગલવિભૂતિ**" તરીકે પ્રચલિત છે.

જે ગુરુ ગૌતમસ્વામીનું નામ નિત્ય પ્રાતઃસ્મરણીય છે. જેમનું સ્મરણ અને ધ્યાન કરી ભાવિકો આત્માને પવિત્ર બનાવે છે. જે ગુરુ ગૌતમના હૈયે સર્વનું મંગળ ચાહવાની અને કરવાની વિશ્વકલ્યાણની ભાવનાની ભાગીરથી વહેતી હતી. એવા ગૌતમ સૌનું મંગલ કરવાવાળા છે. મહાનજ્ઞાની, અનેક જીવોના ઉદ્ધારક વાત્સલ્ય અને વિશ્વમૈત્રીના અવતાર એવા ગૌતમસ્વામીનો મહિમા આજે પણ એટલો જ વ્યાપકપણે પ્રસરેલો છે.

એવી 'મંગલ વિભૂતિ'ની વિશિષ્ટ ભક્તિ-આરાધના સ્વરૂપ "**શ્રી ગૌતમસ્વામી મહાપૂજન**"ની પ્રતિનું પ્રકાશન કરતા અમો ખૂબ જ હર્ષ અને ગૌરવ અનુભવીએ છીએ.

અમારા 'ભાનુપ્રભા જૈન સેનેટોરીયમ ટ્રસ્ટ'ના આદ્યસ્થાપક પૂજ્યપાદ આચાર્યદેવ સદ્‌ગુણાનુરાગી વિજય ભાનુચંદ્રસૂરી મ.સા. એ આ અંગે પોતાના વિનેય શિષ્યને પ્રેરણા કરેલ હતી તે વિદ્વાન શિષ્યરત્ન પંન્યાસ સુબોધવિજયજી મ.સા. પોતાના ગુરુએ આપેલ જ્ઞાન અને પ્રાચીન પ્રતિઓને આધારે આ પ્રતિનું સંશોધન પરિશ્રમ અને ચોક્સાઈપૂર્વક કરેલ છે. એ પૂજનવિધાનને સુવ્યવસ્થિત સંકલિત કરનાર વિધિવિધાન ક્ષેત્રના દીર્ઘદૃષ્ટા, વિશાળ અનુભવ ધરાવનાર સુશ્રાવક સુવિધિકાર શ્રી મફતલાલ ફકીરચંદ શાહ (ડભોઈવાળા) છે. જેઓશ્રીના શુભહસ્તે જિનશાસનમાં અનેક જિનાલયોની અંજનશલાકા- પ્રતિષ્ઠાદિ કાર્યો શુદ્ધ વિધિપૂર્વક થયેલ છે. અમારે ત્યાં નિર્મિત 'શ્રી અજીતનાથ - ભીડભંજન પાર્શ્વનાથ જિનાલય'ના ખાતમૂહુર્તથી અંજનશલાકા- પ્રતિષ્ઠાદિ તમામ વિધિ તેઓશ્રીની શુદ્ધ મંત્રાક્ષરી વાણી દ્વારા થયેલ છે. સારી

જહેમતપૂર્વક સમય અને જ્ઞાનનો ભોગ આપીને તેઓએ આ પૂર્તિને સંકલિત કરી છે, તેઓશ્રીના પણ અમો આભારી છીએ. પૂજ્યપાદ સંશોધકની તારક નિશ્રામાં જ આ પૂજન 'ટ્રસ્ટ'ના ઉપાશ્રયમાં તા. ૯-૫-૯૩ રવિવાર ના રોજ રાજેન્દ્રભાઈ ભગુભાઈ પરિવાર તરફથી અતિહર્ષોલ્લાસપૂર્વક ભણાવવામાં આવ્યું હતું.

મહામોહના ઘોર અંધકારભર્યા જગતમાં આજે જ્યારે પરમાર્થપ્રકાશની પ્રાપ્તિ કાજે જ્યારે પ્રભુભક્તિના અનેક માધ્યમો પૈકી વિવિધ મહાપૂજનો ભણાવાઈ રહ્યા છે ત્યારે પરમાત્મભક્તિની આવી નવતર સુવ્યવસ્થિત રીતે સુસંકલિત પૂજનપ્રતિ પૂજકોના અંતરમાં શ્રદ્ધાના દીપક પ્રગટાવી રત્નત્રયીની પ્રાપ્તિ દ્વારા પરમપદની પ્રાપ્તિ માટે સહાયભૂત થાય એ જ નમ્ર પ્રાર્થના પરમકૃપાળુ પરમાત્માના ચરણોમાં સમર્પિત કરી વિરમીએ છીએ.

લિ.

**શ્રી ભાનુપ્રભા જૈન સેનીટોરીયમ ટ્રસ્ટ વતી ટ્રસ્ટીગણ**

માદલપુર રેલ્વે ગરનાળા પાસે, એલીસબ્રીજ,

અમદાવાદ - ૩૮૦૦૦૬.

વિક્રમ સંવત ૨૫૨૧ વિ. સં. ૨૦૫૧

તા. ૯-૪-૯૫, રવિવાર

# બીજી આવૃત્તિ વેળાએ....

વિશ્વવંદ્ય ત્રિભુવનપતિ શાસનપતિ ચરમ તીર્થંકર શ્રી મહાવીરપ્રભુના પ્રથમ શિષ્ય અનંતલબ્ધિનિધાન ગણધર ગુરુશ્રી ગૌતમસ્વામી મહાપૂજનની દ્વિતીય આવૃત્તિનું પ્રકાશન કરતા અમો અતિ હર્ષની લાગણી અનુભવીએ છે.

અનાદિકાળથી અનંત ભવોમાં ભ્રમણ કરી ચૂકેલા એવા આપણા આત્માના ભવભ્રમણનું મૂળ દેહમાં આત્મબુદ્ધિની ભ્રાંતિ છે. અનાદિકાલીન આ ભ્રાંતિનું નિવારણ શ્રી પરમાત્માની / દેવતત્વની નિષ્કામ ભક્તિથી જ સરળ બને છે. સાધુજીવન કે સંસારીજીવન સહુને માટે ભક્તિયોગ પરમ આદરણીય છે.

ભક્તિથી મુક્તિ મળે છે. ભક્તિ ભક્તને ભગવાન બનાવી શકે છે, મુક્તિના મહેલમાં પહોંચાડી શકે છે, જેઓને પ્રભુની ભક્તિ જ સર્વે-સર્વા લાગે છે, તેઓને મુક્તિ મળ્યા વગર રહે નહીં, આવો અચિંન્ત્ય મહિમા પ્રભુભક્તિનો છે.

યોગશાસ્ત્રમાં પ્રીતિયોગ, વચનયોગ અને અસંગયોગ અથવા પ્રીતિઅનુષ્ઠાન, ભક્તિઅનુષ્ઠાન અને અસંગઅનુષ્ઠાન ના માધ્યમથી પરમાત્મા અને ગુરૂ સાથે એકતા સિદ્ધ કરવાના ઉપાયો બતાવેલ છે, આવા ઉપાયસ્વરૂપ પ્રભુભક્તિના અનેક માધ્યમો પૈકી મહાપૂજનો જેવા કે ''શ્રી શાંતિસ્નાત્ર'', ''શ્રી સિદ્ધચક્રમહાપૂજન'', ની જેમ ''શ્રી ગૌતમસ્વામી મહાપૂજન'' વિધિ પ્રતિએ પણ એક અનોખી સુંદર પૂજનવિધિ પ્રત છે.

સારાયે જિનશાસનમાં ગણધર ગુરુ ગૌતમસ્વામીનું ભક્તિનું માધ્યમ અલભ્ય હતુ, તે આ પૂજન પ્રકાશન દ્વારા લભ્ય બની સારાયે જન જનમાં અને ઘરમાં ઘરમાં આવકાર્ય બની ચૂકેલ છે.

આ પૂજનપ્રતિનું પ્રથમ પ્રકાશન તા. ૯-૪-૯૫ના રોજ કરવામાં આવેલ, ત્યારબાદ સારાયે ભારતભરમાં 'શ્રી ગૌતમસ્વામીજી ની લબ્ધિની લહેર છવાઈ ગઈ, સર્વત્ર સર્વવ્યાપી સુંદર આવકાર મળ્યો. આ પૂજનવિધિનો પ્રચાર સમગ્ર જિનશાસનમાં સારા પ્રમાણમાં થવાં પામ્યો હતો અને પૂજનની લોકપ્રિયતા વધવા પામી, પરિણામે ત્રણ વર્ષના જ અલ્પ સમયમાં સતત આની માંગણી ચાલુ રહેતા આ ગ્રંથની બીજી આવૃત્તિ પ્રકાશિત કરવાનો નિર્ણય કરવામાં આવ્યો.

સોનામાં સુગંધ ભળે તેમ સમગ્ર પ્રકાશન ખર્ચનો સંપૂર્ણ લાભ ભક્તિરસિક પુણ્યાત્મા ઉદારદિલ શ્રેષ્ઠીવર્ય શ્રી રાજેન્દ્રભાઈ ભગુભાઈ શાહના સુપુત્ર અમેરિકાનિવાસી શ્રી પુલિનભાઈ રાજેન્દ્રભાઈ શાહના ઉમદા સહયોગ મળવાથી શક્ય બનેલ છે. આ તબક્કે અમો તેઓશ્રીના ખૂબ ખૂબ આભારી છીએ. પરમાત્માભક્તિના તેઓ સાચા ઉપાસક બની પરમાત્માનું દર્શન-મિલન મેળવી અનુપમ આત્માનંદ અનુભવે એ જ શુભાકાંક્ષા.

સમગ્ર ભારતભરમાં અનેક આચાર્યદેવો, મુનિવર ભગવંતો તથા સર્વ વિધિકારોએ આ પૂજનને ઉમળકાભેર આવકાર આપી સર્વગ્રાહી બનાવેલ છે, તથા વિધેયાત્મક પ્રતિભાવો આપેલ છે તે સર્વના અમો આભારી છીએ.

આ બીજી આવૃત્તિમાં આરાધકોને ઉપયોગી પરિશિષ્ટ ઉમેરી પ્રતને સમૃદ્ધ બનાવવામાં આપેલ છે.

જિનશાસનમાં બેસતા વર્ષે એટલે કે 'ગુરુ ગૌતમસ્વામીના કેવળજ્ઞાનના પવિત્રદિને' તથા 'આચાર્યપદપ્રદાન' પ્રસંગે 'સૂરિમંત્ર આરાધના' પૂર્ણાહૂતિ પ્રસંગે તથા બેસતા મહિને, વૈ.સુ.૧૧ 'ગણધર સ્થાપના દિને' અને અન્ય મહોત્સવોમાં અન્ય પવિત્ર દિવસોએ આ પૂજન ખાસ કરીને ભણાવવામાં આવી રહેલ છે, જે ખૂબ જ અનુમોદનીય છે, આ પૂજનની આરાધનાથી કેટલાય ભક્તિરસિક પુણ્યાત્માઓ એ એક યા બીજી રીતે પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે પોતાના જીવનમાં ગૌતમસ્વામીની લબ્ધિની પ્રસાદી મેળવી આત્મલબ્ધિને વિકસીત કરવામાં મહત્ત્વનું યોગદાન મેળવેલ છે. એવા ઋધ્ધિ, સિધ્ધિ અને કલ્યાણના દાતા શ્રીગૌતમસ્વામીજી ને શત શત વંદન.

અમારા સંસ્થાના આદ્યસ્થાપક સદ્‌ગુણાનુરાગી પ.પૂ. આચાર્યદેવ ભાનુચંદ્રસૂરી મ.સા. ના શિષ્યરત્ન પ.પૂ. પંન્યાસજી સુબોધવિજયજી મ.સા.ની ધગશ-પુરુષાર્થ અને ઉત્સાહજનક પ્રેરકબળ ના પ્રભાવે જ આ પુનઃ પ્રકાશન શક્ય બનેલ છે.

પ.પૂ. શાસનસમ્રાટ આચાર્યદેવશ્રી વિજયનેમિસૂરીજી મ.સા.ના સમુદાયના પ.પૂ.આ.શ્રી વિજયસૂર્યોદયસૂરિજી મ.સા. ના વિદ્વાનશિષ્ય પ.પૂ.મુનિરાજશ્રી નંદિઘોષ વિજયજી મ.સા. એ પોતાના કિંમતી સમય અને શક્તિનો ભોગ આપી વિના સંકોચે તરત જ સંપૂર્ણ પ્રતનું સાદ્યંત અવલોકન કરી શુદ્ધિકરણ કરી આપેલ છે, એ અંગે અમો તેઓશ્રીના તથા સાગરાનંદ સમુદાયના આગમદિવાકર મુનિરાજ શ્રી દીપરત્નસાગર મ.સા. તથા કૈલાસસાગરસૂરી મ.સા.ના પ.પૂ. અરવિંદસાગર મ.સા.ના તથા અન્ય મહાત્માઓના વિવિધ સૂચનો તથા ક્ષતિઓ પ્રતિ લક્ષ્ય દોરી ક્ષતિપૂર્તિ કરવા અંગે સહકાર આપેલ છે, તે બદલ અમો સૌના આભારી છીએ.

આ પૂજનવિધિ પ્રતને સાદ્યંત અવલોકન કરી આચાર્યદેવો તથા વિદ્વાનો પાસે અવલોકન કરાવી પુનઃ સંકલિત કરી પ્રેસમાં છપાવવા અંગે પોતાના સમય અને શક્તિનો ભોગ આપનાર આ પ્રતના સંકલનકર્તા વિધિકાર શ્રી મફતલાલ ડભોઈવાળા તથા યુવાવિધિકાર શ્રી મુકેશભાઈનાં પણ અમો આભારી છીએ.

સર્વે વિધિકારકોને નમ્ર નિવેદન કે પ્રથમ આવૃત્તિમાં રહેલ પ્રેસદોષ તથા સંસ્કૃતમાં વ્યાકરણની ભૂલો વિગેરે શક્ય તેટલા દૂર કરવામાં આવેલ હોઈ પૂજનવિધિ કરાવતા આ સંવર્ધિત આવૃત્તિનો જ ઉપયોગ કરવા ખાસ ભલામણ છે.

આ પ્રતમાં અમારા તરફથી લખાયેલ લખાણોમાં - મંત્રોક્ષરોમાં કાંઈપણ જિનાજ્ઞા વિરૂદ્ધ લખાયેલ હો તેની ત્રિકરણયોગે ક્ષમા યાચી, ભૂલ પ્રત્યે ધ્યાન દોરવા આરાધકોને નમ્ર અનુરોધ છે.

અંતે પ્રત્યેક આરાધક આત્માઓ આ જિનભક્તિજન્ય કૃતિના સદ્‌ઉપયોગ દ્વારા ભગવંતને ભેટી ભગવત્ સ્વરૂપનો અપૂર્વ અનુભવ કરી સ્વરૂપમગ્નતાના શિખરે પહોંચી પરમાનંદપદના અધિકારી બને એ જ મંગલકામના...........

લિ.

**શ્રી ભાનુપ્રભા જૈન સેનીટોરીયમ ટ્રસ્ટ વતી ટ્રસ્ટીગણ**

માદલપુર રેલ્વે ગરનાળા પાસે, એલીસબ્રીજ,

અમદાવાદ - ૩૮૦૦૦૬.

**વિક્રમ સંવત ૨૫૨૪ વિ.સં. ૨૦૫૪**

તા. .............. વાર

# સંપાદકીય

પ્રકૃતિ - સંસ્કૃતિ - વિકૃતિના ત્રિભેટે માનવ ઊભો છે, માનવ મનને લલચાવવા - બહેકાવવા વિકૃતિના વમળો એ સંસ્કૃતિનો સત્યાનાશ વાળવાનું શરૂ કરી ચૂકેલ છે. માનવે આ બધાની વચ્ચે રહીને વિકૃતિના વિનાશક વાવાઝોડા વચ્ચે ય સંસ્કૃતિની સંસ્કારજ્યોતને જીવંત રાખી મુક્તિ કાજે મક્કમ થવું જોઈએ. માનવ પાસે સુંદર શરીર છે, મનોહર મન છે અને એથી ય વિશેષ આ બધાના માલિકરૂપે અનંત શક્તિનો સ્વામી આત્મા છે. એ આત્માની શક્તિની અભિવ્યક્તિ કાજે ભોગને ત્યાગીને યોગની ઉપાસના કરવાની છે, એ દ્વારા આત્માને પરમાત્મસ્વરૂપ પ્રદાન કરવાનું છે અને તે માટે અનેકાનેક યોગમાંથી શ્રેષ્ઠ યોગની ખોજ કરતા માનવને જડ્યો છે **ભક્તિયોગ....**

ભક્તિ હૃદયની ભાવનાઓનું જાગૃતિકરણ કરે છે. ભક્તિ ચિત્તની ચંચળતા દૂર કરી સ્થિરીકરણ કરે છે. ચિત્ત સ્થિરીકરણ થતાં ચિત્તની અશુદ્ધિઓનું પણ આખરે શુદ્ધિકરણ થાય છે. આવું શુદ્ધિકરણ મનના રાગ-દ્વેષોને નિર્મૂળ કરી મૈત્રી અને કરુણાના આંદોલનો પ્રગટાવે છે, આવા આંદોલનોના પ્રગટીકરણ સાથે સૌ સાધકોના પરમ ઉપાસ્ય જિનેશ્વર પરમાત્મા અરિહંતદેવ સાથે તાદાત્મ્ય સધાય છે, કે જે પરમાત્મા પુણ્યકર્મની પ્રાપ્તિનું શ્રેષ્ઠ સ્થાન છે. જે પરમાત્માની ભક્તિમાં લીન બનવાપૂર્વક પ્રચંડ પુણ્ય પામી શકાય છે.

આત્માને ઉન્નત બનાવવાની અમોઘશક્તિ છે પરમાત્મભક્તિમાં, કે જે પરમાત્મભક્તિ પરમાનંદની સંપત્તિનું બીજ છે. આત્મઆનંદ ની પ્યાસને છીપાવવાનો અનોખો સાગર છે. આવા પરમાનંદને પ્રાપ્ત કરતા ભક્તિયોગની સાધના-આરાધના દ્વારા પરમતારક પરમાત્માનું સાનિધ્ય સામિપ્ય પામી શકાય.

"**બહુ પુણ્યકેરા પુંજથી, શુભ દેહ માનવનો મળ્યો**" . . . . શ્રીમદ્ રાજચંદ્રની આ પંક્તિ મુજબ અનંત પુણ્યોદયે આપણે સહુ માનવજન્મ પામ્યા છીએ. પરંતુ એટલામાત્રથી કાર્યસિદ્ધિ થઈ જતી નથી, હજુ આત્માને ઉન્નત કરવાનું પરમપદે પ્રતિષ્ઠિત કરવાનું વિરાટ કાર્ય બાકી છે.

પરંતુ માનવી જીવન-મરણના ચકરાવામાં અનંતકાળથી અટવાયેલો છે. આવો અટવાયેલો આત્મા જ્યારે પ્રચંડ પુણ્યકર્મના ફળસ્વરૂપે જૈનકુળમાં જન્મ પામ્યા પછી પણ જીવનની પ્રત્યેક પળોને આનંદિત, હર્ષયુક્ત બનાવવા અવનવા અભિગમોને અપનાવતો રહ્યો છે.

ભક્તિની શક્તિની અનુભૂતિ કરવા માટે ભગવાનના ભક્ત બનવું જ પડે. મગધપતિ મહારાજા શ્રેણિક રોજ ત્રિકાળ સુવર્ણના અષ્ટોતરશત જપનો સ્વસ્તિક કરવા દ્વારા પ્રભુવીરની ભક્તિ પ્રારંભી ભક્ત, પરાભક્ત યાવત્ ભગવાન બની ચૂક્યા.

આપણે સૌ પણ પ્રભુભક્તિ, પ્રભુમયતા દ્વારા પ્રભુતા પામી શકીએ તે હેતુથી જ ભક્તિસમ્રાટ યોગીજનોએ - મહાપુરુષોએ અનેક પ્રકારે ભક્તિવિધાનોનું સર્જન કરીને સૌ કોઈને એ માર્ગે પ્રયાણ કરાવી માર્ગઅભિમુખ કરવાનો પ્રયત્ન કર્યો છે.

વિવિધ પૂજા-પૂજનોના માધ્યમથી આજ સુધી અનેક ભાવિકો ભક્તિ દ્વારા ભગવાનને પ્રાપ્ત કરવાનો અને ભગવાનમય બનવાનો પ્રયાસ કરી રહ્યા છે અને પરમાત્મસામીપ્યની લૌકિક આનંદ અનુભૂતિનો આસ્વાદ લઈ ભક્તિથી મુક્તિ મેળવવાનો પુરૂષાર્થ કરી રહેલ છે. આજે પંચમકાળ, પડતોકાળ, ભૂંડો અવસર્પિણી દેખાય છે. છતાં જ્યાં જુઓ ત્યાં પ્રભુભક્તિની છોળો ઉછળે છે, પ્રભુભક્તિની સૌંદર્યવાન સરિતા શ્રી જિનશાસનના બંને કાંઠે વહી રહી છે.

એક કાંઠે વિભિન્ન પ્રકારે, અવનવા પ્રકારે, પ્રકૃષ્ટ પ્રકારે પ્રભુની અંગપૂજા, ભાવપૂજાઓ તથા મહાપૂજાઓ, અને ભવ્યાતિભવ્ય મનોહર લાખેણી અદ્‌ભૂત અંગરચનાઓ થઈ રહી છે. બીજે કાંઠે મનોહર વિધિવિધાન પવિત્ર મંત્રમુગ્ધ મંત્રાક્ષરો

સહિત પરમ પ્રભાવિક, કલ્યાણકારી પ્રભુપ્રેમ પ્રગટાવનાર મહાપૂજનોના આયોજન અત્ર-તત્ર-સર્વત્ર થતા હોય છે. મહાપ્રભાવ સંપન્ન શ્રી સિદ્ધચક્ર મહાપૂજન-શ્રી ઋષિમંડળ મહાપૂજન - શ્રી વીશસ્થાનક મહાપૂજન, શ્રી ભક્તામર મહાપૂજન, શ્રી શાંતિસ્નાત્ર આદી અનેક મહાપૂજનોનાં માધ્યમથી ભવ્ય આડંબર સહિત ભાવોલ્લાસપૂર્વક વિશિષ્ટસ્વરૂપે પરમાત્માના પૂજન- ભક્તિ થાય છે.

આવા મહાપૂજનોની સાથોસાથ ચરમતીર્થપતિ પરમાત્મા શ્રી વીરપ્રભુના પ્રથમ શિષ્ય ગણધર અનંતલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી મહાપૂજનવિધાન પણ ભાવુક આત્માઓને પરમ કલ્યાણકારક - પરમ આરાધ્ય બની રહેશે કે જે ગુરુ ગૌતમસ્વામીનું નામ જ પરમ મંગલને આપનાર છે. જેમનો પ્રભાવ, મહિમા સારાયે જિનશાસનમાં પ્રચલિત છે, તેમની વિધિવત્ આરાધના ઉપાસનાનો માર્ગ પણ જ્ઞાનીપુરુષોએ પૂર્વાચાર્યોએ શાસ્ત્રોમાં દર્શાવેલ છે. આ પૂજનવિધિ સંકલન તથા પ્રકાશન અંગે પૂજ્ય યુગદિવાકર ધર્મસૂરી મ. સા. ના વિદ્વાન શિષ્ય આચાર્યદેવ કનકરત્નસૂરી નો સહયોગ તથા અન્ય સમુદાય ના સાધુભગવંતો નો સહકાર અને માર્ગદર્શન સાંપડેલ છે. તે અંગો અમો તેઓશ્રીના ઋણી છીએ. તે જ રીતે આ મહાપૂજનવિધાન પણ ગૌતમસ્વામીની વિશિષ્ટ ભક્તિ કરવાનું અનુપમ માધ્યમ બની રહેશે અને એ માધ્યમ દ્વારા ગુરુ ગૌતમસ્વામીની ભક્તિ કરી આત્મા પરમ વિનેય ગુણને પામી મંગલ અને કલ્યાણને પામે અને ગુરુ ગૌતમની જેમ ભાવિક આત્માઓ તેમનું જીવન પરમાત્મ પ્રતિ સમર્પિત કરી અંતે મોક્ષમુખના ભોક્તા બને એ જ મંગલકામના....

આ પ્રતમાં અમારા તરફથી લખાયેલ લખાણોમાં - મંત્રાક્ષરોમાં - સંયોજનમાં કાંઈપણ જિનાજ્ઞા વિરુદ્ધ લખાયેલ હોય તો ભૂલ પ્રત્યે ધ્યાન દોરવા પૂજકોને નમ્ર અનુરોધ છે.

- સુશ્રાવક શ્રી મફતલાલ ફકીરચંદ શાહ (ડભોઈવાળા)
- યુવાવિધિકાર શ્રી મુકેશકુમાર એમ. શાહ

# બીજી આવૃત્તિ પ્રકાશન નો લાભ લેનાર



સ્વ. પ્રેમિલાબેન રાજેન્દ્રભાઈ
ના સ્મરણાર્થે
જ.તા. ૬-૧-૧૯૩૩
સ્વ.તા. ૪-૩-૧૯૯૦

: સૌજન્ય :

શ્રી રાજેન્દ્રભાઈ ભગુભાઈ શાહ
શ્રી પુલીનભાઈ રાજેન્દ્રભાઈ શાહ
અ.સૌ. આરતીબેન પુલીનભાઈ શાહ
રાજુ પુલીન શાહ સપરિવાર તરફથી
સપ્રેમ ભેટ

# ગુરુ ગૌતમસ્વામી : વિરલ વ્યક્તિત્વ

-: લેખક :-

**પ.પૂ.આ. શ્રી સૂર્યોદય સૂરીશ્વરજી મ.સા. ના**

**વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી રાજરત્નવિજયજી મ.સા.**

ગણધર ભગવાન ગુરુ ગૌતમસ્વામી !! સમયની સરિતામાંથી કાળના જળ ૨૫૦૦ વર્ષથી વણથંભ્યા વહી રહ્યા હોવા છતાં ય ગુરુ ગૌતમસ્વામીની સ્મૃતિને અંશ પણ ઘસારો નથી લાગ્યો. બલ્કે આજે ય એ સ્મૃતિ જ્યોતની જેમ જનમાનસમાં ઝળહળી રહી છે. જૈન સંઘ એમને **'લબ્ધિતણા ભંડાર'** કહીને નવાજે છે અને **'વાંછિત ફળ દાતાર'** રૂપે નિહાળે છે. અરે એથી ય આગળ વધીને પ્રત્યેક મહત્ત્વના કાર્યોમાં એમના મંગલમય નામનું સહુ સ્મરણ કરે છે. કારણ કે અનુભવીઓના વચન છે કે **'ગોતમ નામે નવે નિધાન'** !!

એમના પાવન નામમાં જ જગતની ત્રણ અચિંત્યપ્રભાવશાલી શક્તિઓ સમાવિષ્ટ છે. **ગૌ-ત-મ.** આ નામમાં પ્રથમ અક્ષર છે **ગૌ.** ગૌ એટલે અર્થાત્ **કામધેનુ.** દ્વિતીય અક્ષર છે **ત** એટલે **તરુ** અર્થાત્ **કલ્પવૃક્ષ** અને તૃતીય અક્ષર છે **મ.** મ એટલે મણિ અર્થાત્ **ચિંતામણિ.** કામધેનુ, કલ્પવૃક્ષ અને ચિંતામણિ જેવી સંસારની સર્વોત્તમ શક્તિઓની સાથે ગુરુ ગૌતમસ્વામીનું નામ આ રીતે સમાનતા ધરાવે છે. કિંતુ કવિજનો કહે છે કે એમનું નામ ભલે સામ્ય ધરાવતું હોય, બાકી કામ તો પેલી ત્રણે શ્રેષ્ઠ શક્તિઓ કરતાંય અધિક મહાન છે. કામધેનુ-કલ્પવૃક્ષ અને ચિંતામણિ તો માત્ર ભોતિક સામગ્રી જ અને તે પણ માંગ્યા

પછી જ, આપવાની ક્ષમતા ધરાવે છે !! જ્યારે ગુરુગૌતમસ્વામી તો ભૌતિક અને આત્મિક તમામ શ્રેષ્ઠતાઓ વગર માંગ્યે અર્પવાની ક્ષમતા ધરાવે છે !! હવે નથી લાગતું કે ગુરુ ગૌતમસ્વામીનું કામ પેલી ત્રણેય શક્તિથી શ્રેષ્ઠ છે !! આથી જ કવિજનોએ એમની આ રીતે સ્તુતિ કરી છે કે :- "कल्पद्रु - चिन्तामणि - कामधेनु समान नामानममानशक्तिम्...."

ગુરુ ગૌતમસ્વામીની ભૌતિક અને આત્મિક ઉપલબ્ધિઓ કરાવવાની ક્ષમતા અંગે એક/એક ઝલક આપણે નિહાળીએ:

એકદા ગુરુ ગૌતમસ્વામીએ પ્રભુ મહાવીરદેવના મુખેથી સાંભળ્યું કે જે વ્યક્તિ સ્વશક્તિથી અષ્ટાપદમહાતીર્થની યાત્રા કરે તે વ્યક્તિ તે જ ભવમાં મુક્તિ પામે. એમના અંતરમાં અષ્ટાપદયાત્રાના મનોરથ મહોર્યા અને એ અષ્ટાપદગિરી સમીપ પધાર્યા. લબ્ધિના તો તેઓ નિધાન હતા જ. એથી બાળક જેમ રજ્જુ ગ્રહીને ઉપર ચઢે તેમ તેઓ સૂર્યકિરણો ગ્રહીને અષ્ટાપદગિરીના શિખર સુધી પહોંચી ગયા. [ના, આ સૂર્યકિરણ પકડવાની ઘટના મનઘડંત ચમત્કાર નથી, આજનું વિજ્ઞાન પણ 'સોલાર કૂકર' દ્વારા સૂર્યકિરણો પકડવાની વાતને સત્ય પૂરવાર કરે છે. ] ત્યાં રહેલા જિનબિંબોની 'જગ ચિંતામણિ' સૂત્રથી તેઓએ સ્તુતિ કરી. યાત્રા કરીને તેઓ પુનઃ અષ્ટાપદગિરીની તળેટીએ પધાર્યા ત્યારે, ત્યાં રહીને સાધના કરતાં કૌડિન્ન-દિન્ન અને સેવાલ નામના તાપસો તથા તે પ્રત્યેકના ૫૦૦-૫૦૦ શિષ્યો ગુરુ ગૌતમને વિસ્મયથી ઘેરી વળ્યાં, તેઓ અષ્ટાપદગિરી પર આરોહણ કરવા કાજે ચિરકાલથી તપ-જપ અને કષ્ટમય ક્રિયા કર્યે જતા હતા, છતાં તેમનું સ્વપ્ન સાકાર થતું ન હતું.

ગુરુ ગૌતમસ્વામી અત્યંત આસાનીથી અષ્ટાપદગિરીની યાત્રા કરી શક્યા એ નિહાળીને તે તમામ તાપસોની આંખમાં આશ્ચર્ય અને અહોભાવના અંજન અંજાયા હતા.

ગુરુ ગૌતમસ્વામીએ એ ભાવિક અને ભદ્રિક તાપસોને પ્રતિબુદ્ધ કર્યા. તમામ તાપસો ગૌતમસ્વામીને ગુરુપદે સ્થાપીને દીક્ષિત થયાં. ચિરકાલના તપસ્વી નવદીક્ષિત શ્રમણોને પારણા કરાવવા કાજે તેઓ એક પાત્રમાં ક્ષીરનું ભોજન વહોરી લાવ્યા.

પારણા ૧૫૦૩ તપસ્વીને હતા અને ક્ષીર માત્ર એક પાત્ર જેટલી હતી. તપસ્વીઓ સહુ વિસ્મિત વદને વિચારમગ્ન થઈ ગયા. પરંતુ ગૌતમસ્વામી જેમનું નામ એમણે જમણા હસ્તનો અંગૂઠો પાત્રમાં સ્થાપ્યો અને તપસ્વીઓને પારણા કરાવવાનો પ્રારંભ કર્યો. ક્ષીરનું પાત્ર અ-ક્ષય બની ગયું અને એક-બે નહિ, પૂરા ૧૫૦૩ તપસ્વીઓ તૃપ્ત થયા ત્યાં સુધી એ અ-ક્ષય પાત્રમાંથી ક્ષીર સંપ્રાપ્ત થઈ !!

હા, ક્ષીરના પાત્રને **અક્ષય** - અખૂટ કરી દેવાની આ ઘટના, ગુરુ ગૌતમસ્વામીની ભૌતિક ઉપલબ્ધિ કરાવવાની શ્રેષ્ઠ ક્ષમતાનો પ્રતીતિજનક પુરાવો છે. તેઓ **'અક્ષીણમહાનસ'** નામની લબ્ધિના ધારક હતા. એથી એમના અંગૂઠામાં આવું સામર્થ્ય સ્થિર થયું હતું. આપણે તેઓને **'અંગૂઠે અમૃત વસે'**... કહીને બિરદાવીએ છીએ તે, પૂર્વોક્ત લબ્ધિને આભારી છે.

આ થઈ ગુરુ ગૌતમસ્વામીની ભૌતિક ઉપલબ્ધિની ક્ષમતાની વાત. હવે તેઓની આત્મિક ઉપલબ્ધિની ક્ષમતા વિચારીએ : ગૌતમસ્વામીની આવી અદ્‌ભૂત **'અક્ષીણ મહાનસ'** લબ્ધિ નિહાળીને એ નવદીક્ષિતોનો અહોભાવ અનેકશ : વૃદ્ધિ પામ્યો અને 'સદ્‌ગુરુ'નો સંયોગ પામ્યાનો આનંદ એમના અંતરના અણુએ અણુમાં પ્રસરી રહ્યો. એ આનંદનો આવેગ એવો અપૂર્વ બન્યો કે ૫૦૧ તપસ્વીઓને તો ક્ષીરનું ભોજન કરતાં કરતાં જ કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થઈ ગયો....... **'કવલ તે કેવલરૂપ હુઓ'**ની અદ્‌ભૂત ઘટનાએ તે ક્ષણે સાકાર સ્વરૂપ ગ્રહ્યું. બીજા ૫૦૧ તપસ્વી ગુરુ ગૌતમસ્વામીના સાન્નિધ્યમાં વિહાર કરતાં કરતાં, દૂરથી સમવસરણ નિહાળીને કેવળજ્ઞાન વર્યા. જ્યારે ત્રીજા ૫૦૧ તપસ્વીઓ પ્રભુના દર્શને કેવળજ્ઞાન વર્યા.

૧૫૦૩ તપસ્વીઓને અત્ય અલ્પ સમયમાં કૈવલ્યપ્રાપ્તિનો આ પ્રસંગ, ગુરુ ગૌતમસ્વામીની ઉચ્ચ આત્મિક ઉપલબ્ધિ કરાવવાની ક્ષમતાનો સજ્જડ પુરાવો છે. આ કૈવલ્યપ્રાપ્તિમાં ઉપાદાનભાવે જેમ તે તે આત્માઓની ઉચ્ચ આત્મિક અવસ્થા કારણભૂત હતી; તેમ નિમિત્તભાવે ગૌતમસ્વામી જેવા સદ્‌ગુરુનો સંયોગ કારણભૂત હતો. માત્ર આ ૧૫૦૩ શિષ્યો માટે જ નહિ, અન્ય તમામ શિષ્યો માટે પણ આવી જ સરસ સ્થિતિ સર્જાઈ હતી. શાસ્ત્રો કહે છે કે ગૌતમસ્વામીએ જીવનકાળ દરમ્યાન કુલ ૫૦,૦૦૦ મુમુક્ષોને દીક્ષિત કર્યા હતા અને તે તમામ ૫૦,૦૦૦ મુમુક્ષુ તે જ ભવે મુક્તિ પામ્યા છે !! અને એથી જ

**'ગૌતમસ્વામીના રાસ'**માં લખાયું છે કે **"જિહાં જિહાં દીજે દિક્ખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ; આપ કન્હે અણહુંત, ગોયમ દીજે દાન ઈમ"....**

ગુરુ ગૌતમસ્વામીની આવી અદ્‌ભૂત ભૌતિક/આત્મિક ઉપલબ્ધિ કરાવવાની ક્ષમતાનું મૂળભૂત કારણ હતું એમનો ઉત્કૃષ્ટ **વિનયગુણ.** પરમાત્મા મહાવીરદેવ પ્રત્યેની ઉચ્ચ વિનયશીલતાને કારણે જ એમનામાં આવી અનુપમલબ્ધિઓ પાંગરી હતી. એમની વિનયશીલતા અંગે **'ભગવતી સૂત્ર'**માં નોંધાયુ છે કે જ્યારે જ્યારે કોઈ કારણવશ ગૌતમસ્વામી પ્રભુ મહાવીરદેવ સમીપ પધારે, ત્યારે ત્યારે કદાપિ આસન બિછાવીને બેસતા નહિ. પરંતુ 'उड्ढं जाणु- अहो शिरे' અર્થાત્ ઉભડક પગે અને નતમસ્તકે જ વિરાજતા. જ્યારે જ્યારે તેઓ પ્રભુને પ્રશ્ન કરે ત્યારે 'भंते' સંબોધન અચૂક કરે જ. મહાન આગમગ્રંથ **'ભગવતીસૂત્ર'** ના ૩૬,૦૦૦ પ્રશ્નો પૈકી મોટાભાગના પ્રશ્નો પ્રભુ મહાવીરદેવને શ્રી ગૌતમસ્વામીએ કર્યા છે. એથી એ આગમમાં વારંવાર પ્રશ્નના સમયે 'भंते' અને ઉત્તરના સમયે **'गोयमा'** શબ્દ કર્ણગોચર થયાં છે. એમાં 'भंते' શબ્દમાં ગૌતમસ્વામીનો વિનયભાવ વિલસે છે. જ્યારે गोयमा શબ્દમાં વીરપ્રભુનું વાત્સલ્ય વિલસે છે. સ્વયં પ્રથમ ગણધર અને ૫૦,૦૦૦ શિષ્યોના ગુરુ હોવા છતાં ય ગૌતમસ્વામી પ્રભુ મહાવીરદેવ પ્રતિ જે ઉત્કૃષ્ટ વિનય વિકસાવી શક્યા હતા, એનાથી જ એમનામાં આવી ક્ષમતાનું સર્જન થયું હતું....

આ ઉત્કૃષ્ટ વિનયશીલતાનું ય મૌલિક કારણ હતું ક્ષતિઓનો સ્વીકાર કરવાની એમની હાર્દિક સરલતા. કારણ કે એક સમય એવો હતો કે આ જ ગૌતમસ્વામી અભિમાનના આકાશમાં ઉડતા હતા અને સ્વયં પરમાત્મા મહાવીરદેવને પરાજિત કરવાની તમન્ના ધરાવતા હતા અને સ્વયં જ્યારે પ્રભુ દ્વારા એમનો **'જીવ'** અંગેનો સંશય દૂર થયો ત્યારે એમને પોતાની ક્ષતિ સમજાઈ ગઈ.... અને ક્ષતિ સમજાતા જ તત્ક્ષણ તેઓ વીરપ્રભુના વિનીત શિષ્ય બની ગયા !! આથી એમ કહી શકાય તે એમની શક્તિઓના મૂલમાં વિનયગુણ હતો અને એ વિનયગુણના મૂલમાં તેમની ક્ષતિ સ્વીકારવાની હાર્દિક સરલતા હતી!!!

એમની આંતરિક સરલતાની એક ઝલક નિહાળીએ : પ્રભુ મહાવીરદેવના પરમભક્ત ગૃહસ્થ શિષ્ય આનંદ શ્રાવકે વાણિજ્યગ્રામમાં આજીવન અનશન સ્વીકાર્યું હતું. અનેક નાગરિકો એના દર્શને જતા હતા. ગુરુ ગૌતમસ્વામી પણ એને 'ધર્મલાભ' આપવા પધાર્યા. મહાશ્રાવકે ગુરુ ગૌતમસ્વામીને વંદન કર્યા અને પોતાને ઉત્પન્ન થયેલ 'અવધિજ્ઞાન'ની વિગત જણાવતા કહ્યું કે હું ઊર્ધ્વલોકમાં સૌધર્મકલ્પ સુધી, અધોલોકમાં લોલુકપ્રભા નામના પ્રતર સુધી, તિર્ચ્છાલોકમાં સમુદ્રમાં ત્રણ દિશાએ ૫૦૦ યોજન સુધી અને ઉત્તરમાં લઘુહિમવંત પર્વત સુધીના તમામ રૂપી પદાર્થો નિહાળી શકું છું. ગૌતમપ્રભુને એ કથનમાં અતિશયોક્તિ લાગી. એથી એમને આનંદ શ્રાવકને 'મિચ્છામિ દુક્કડં' દેવાનું સૂચન કર્યું. કિંતુ આનંદ શ્રાવકે પોતાના કથનમાં દૃઢતા દાખવી. આથી સત્ય જાણવા કાજે ગૌતમસ્વામીએ પરમાત્મા મહાવીરદેવને એ અંગે પ્રશ્ન કર્યો. પ્રભુએ સ્પષ્ટતા કરી કે આનંદનું કથન સત્ય છે. એને નહિ, તમારે 'મિચ્છામિ દુક્કડં' દેવું જોઈએ. હાર્દિક સરલતાના સ્વામી ગુરુગૌતમ તત્ક્ષણ આનંદ શ્રાવક પાસે પધાર્યા અને એમણે નિર્દંભભાવે આનંદ શ્રાવકને ' મિચ્છામિ દુક્કડં' દીધું. જેઓની ગણના 'તીર્થ' રૂપે થઈ છે તે ચાર જ્ઞાનના ધારક ગુરુ ગૌતમસ્વામી એક શ્રાવકને ' મિચ્છામિ દુક્કડં' કહે ત્યારે એમાં એમની 'ટોચ' કક્ષાની સરળતા જ પ્રતિબિંબિત થાય છે.... આવી સરસ સરલતાએ એમનામાં વીરપ્રભુ પ્રત્યે સમર્પણભર્યો વિનય વિકસાવ્યો હતો અને વિનયના કારણે એમનામાં શક્તિનો સ્ત્રોત એવો પ્રગટ્યો હતો કે આજે પણ આપણે સહુ ગાઈએ છીએ કે :-

**"જ્ઞાન-બલ-તેજ ને સકલ સુખ-સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે;**
**અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં. સુર નર જેહને શીશ નામે.."**

[ગૌતમ સ્વામી છંદ]

સરલતાના સાગર, વિનયના ભંડાર અને લબ્ધિના ભંડાર ગણધર ભગવંત ગુરુ ગૌતમસ્વામીના વિરલ વ્યક્તિત્વ અને અનુપમ અસ્તિત્વને કોટિ કોટિ નમન.....

(શ્રુતઘોષણા' માસિકમાંથી સાભાર સ્વીકૃત)

# પરમ પૂજ્ય આચાર્યદેવ ભાનુચંદ્રસૂરી મ. સા. નું સંક્ષિપ્ત જીવનચરિત્ર

**જન્મ દિન : વિ. સંવત ૧૯૭૦ કા. સુ. ૧૧** **સ્વર્ગારોહણદિન : વિ. સંવત ૨૦૪૭ વૈ. વદ ૧૪**

સૌરાષ્ટ્રની સાધુસંતોની ભૂમિ પર ભાવવાહી ભાવનગર શહેર છે, તેમાં જૈન-જૈનેતરોની પચરંગી વસ્તી છે. અહીં એક ધર્મનિષ્ઠ દંપતી રહે ઉમિયાશંકર અને ગિરીજાબહેન. ઉમિયાશંકર બંદર પર ધંધો કરે; પણ નસીબજોગે તેમને ભાવનગર છોડી પરદેશ જવું પડ્યું; ગિરીજાબહેન પિયર પાલીતાણા આવ્યા, ત્યાં તેમને સં. ૧૯૭૦ના કારતક સુદ ૧૧ - દેવઉઠી એકાદશીને દિવસે પુત્રરત્નનો જન્મ થયો. પુત્રનું નામ દુર્ગાશંકર પાડ્યું. દુર્ગાશંકરે સાત ગુજરાતી ધોરણનો અભ્યાસ કર્યો; પરંતુ પિતાની સ્થિતિ નબળી હોવાથી તે અમદાવાદ આવ્યા. ત્યાં શામળાની પોળના વકીલ ગુમાસ્તા ડાહ્યાભાઈની સાથે રહ્યા. ડાહ્યાભાઈ ધાર્મિક કાર્યો માટે અવારનવાર લવારની પોળના ઉપાશ્રયે જતા, તેની સાથે દુર્ગાશંકર પણ જતા ત્યાં તે વખતે પ.પૂ. શાંતમૂર્તિ આ . શ્રી વિજય નીતિસૂરીશ્વરજી મ.સા. બિરાજમાન હતા. તેઓશ્રી દુર્ગાશંકરના લલાટના લેખ પામી ગયા. ધીમે ધીમે પં. શ્રી દાનવિજયજી મ.સા. અને અન્ય મુનિવરો આ યુવાનને ધાર્મિક શિક્ષણ આપવા લાગ્યા. એમ કરતાં દુર્ગાશંકર પૂ. પં. શ્રી તિલકવિજયજી મ.સા. સાથે વિહાર કરતાં લુણાવાડા આવ્યા. દરમ્યાન દુર્ગાશંકરની દીક્ષા લેવાની ભાવના દૃઢ થઈ ગઈ હતી, લુણાવાડા સંઘની વિનંતી થઈ અને સં. ૧૯૮૭ના પ્રથમ અષાઢ વદ બીજના શુભદિને પ.પૂ. શ્રી શાંતિવિજયજી મ.સા.ના વરદ્ હસ્તે દીક્ષા થઈ. દુર્ગાશંકરને 'મુનિ શ્રી ભાનુવિજયજી' નામે પં. તિલકવિજયજી મ.સા.ના શિષ્ય તરીકે જાહેર કર્યા. આસો માસમાં વડી દીક્ષાના જોગ કરાવી, સં. ૧૯૮૮ના કા.વ. ૨ના દિને વડી દીક્ષા આપી.

દીક્ષા ગ્રહણ કરીને પૂજ્યશ્રીએ વિનય-વિવેકસહ વિદ્યાભ્યાસ વધાર્યો. ગુરુદેવ સાથે કપડવંજ, અમદાવાદ, મુંબઈ આદિના ચાર્તુમાસો કર્યા અને શાસ્ત્રો, કાવ્યો, ન્યાય-વ્યાકરણ આદિ ગ્રંથોનો અભ્યાસ આગળ વધાર્યો. મુંબઈથી ખંભાત, પાલીતાણા, વાંકાનેર, રાધનપુર, અમદાવાદ, વઢવાણ, લુણાવાડા આદિ સ્થળોએ ચાતુર્માસ કર્યા. સં. ૧૯૯૫નું લુણાવાડાનું ચોમાસુ પૂ.પં. શ્રી શાંતિવિજયજી મ.સા. અને પ.પૂ. શ્રી તિલકવિજયજી મ.ની નિશ્રામાં કર્યું. આ ચોમાસા દરમ્યાન કલ્પસૂત્રના, નંદીસૂત્રના, અનુયોગદ્વારના અને દશ પયન્નાસૂત્રના જોગ કર્યા. સં. ૧૯૯૬ના અમદાવાદના ચોમાસા દરમ્યાન પૂ.પં. શ્રી શાંતિવિજયજી મ.સા. તેઓશ્રીને મહાનિશીધસૂત્રના જોગ કરાવ્યા. સં. ૧૯૯૭ના સિપોર ગામના ચાતુર્માસ વખતે દાદાગુરુ શ્રી દાનવિજયજી મ.ની નિશ્રામાં સૂયગડાંગસૂત્ર, ઠાણાંગસૂત્ર, તથા સમવાયાંગસૂત્રના જોગ કર્યા. પૂજ્યશ્રીને સં. ૧૯૯૯ના કા.વ. ૨ કપડવંજ મુકામે ગણિપદ આપવામાં આવ્યું. અને વૈ.સુ. ૧૧ના દિવસે અમદાવાદ ડહેલાના ઉપાશ્રયે પંન્યાસપદવીથી વિભૂષિત કરવામાં આવ્યા.

ત્યારબાદ પૂ.પંન્યાસજીએ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં ધર્મપ્રભાવના કરતા કરતા સુરત, સુરતથી મારવાડ અને મારવાડથી સૌરાષ્ટ્રના પ્રદેશોમાં વિહાર કરતા રહ્યા. સૌરાષ્ટ્રમાં જામનગર, જૂનાગઢ, પોરબંદર, વેરાવળ, પાલિતાણા આદિ સ્થળોએ વિહાર કર્યો. અનેક સ્થળોએ ઉપધાન તપાદિ આરાધના અને ઉદ્યાપનના મહોત્સવો ઉજવાયા. અનેક ભવ્યાત્માઓએ પ્રવજ્યા અંગીકાર કરી. અનેક ભાવિકો સાથે ગિરનાર, પાલિતાણા, તારંગા આદિ તાર્થરાજોના છરી પાલિત સંઘો કાઢવામાં આવ્યા. ગુજરાતમાં પણ અમદાવાદ, ખેડા, સુરત આદિ નગરોના વિસ્તારમાં વિહાર કરીને પૂજ્યશ્રીએ ધર્મ પ્રભાવનાના અનેક કાર્યો કર્યા. સં. ૨૦૨૮માં અમદાવાદ શ્રી વીરવિજયજી મ.ના ઉપાશ્રયે પધાર્યા ત્યારે શ્રીસંઘની વારંવારની વિનંતીને માન આપી, દ્વિતીય વૈ. સુ. ૬ને દિવસે પૂ.પં. શ્રી કીર્તિમુનિ મ.ના વરદ્ હસ્તે આચાર્યપદથી અલંકૃત બની આચાર્ય ભાનુચંદ્રસૂરિશ્વરજી મ.સા. તરીકે જાહેર થયા.

તેઓશ્રી અર્ધી સદી ઉપરાંતના દીર્ઘ દીક્ષાપર્યાય દરમ્યાન અનેકાનેક ધર્મકાર્યો કરતા રહ્યા છે. સં. ૨૦૩૦માં અમદાવાદમાં શ્રી ભાનુપ્રભા સેનેટોરીયમનું મકાન બનાવરાવી - સાધુ - સાધ્વી મહારાજોને સ્વાસ્થ્ય માટે સગવડ કરી અપાવી. એવી જ રીતે પૂજ્યશ્રીની પ્રેરણાથી અનેક સ્થળોએ જિનાલયો, ઉપાશ્રયો, પાઠશાળાઓ, ભોજનશાળાઓ આદિના ઉદ્ધાર અથવા નિર્માણકાર્ય થયા છે.

પૂજ્યશ્રીની પવિત્ર વાણીથી આ સેનેટોરીયમ ટ્રસ્ટના સંકુલમાં નાનકડું સુંદર, મનોહર પાયાથી શિખર સુધી શુદ્ધ સફેદ આરસનું મહાપ્રભાવી ''શ્રી અજીતનાથ - ભીડભંજન પાર્શ્વ - પદ્માવતી જિનમંદિર'' પણ નિર્માણ થયેલ છે. તેની ખનનવિધિ ૨૮-૮-૮૫ દ્વિ. શ્રા.સુ. ૧૩ બુધવારના શુભમુહુર્તે ઉત્સાહપૂર્વક થયેલ હતી તથા સં.૨૦૪૨ વૈ.વદ ૫ બુધવારના રોજ શુભમુહુર્તે અંજનશલાકા - પ્રતિષ્ઠા મહોત્સવ પૂજ્યશ્રીની નિશ્રામાં ધામધૂમપૂર્વક થયેલ.

દર વર્ષે સારી એવી રકમ દેવદ્રવ્યમાં - ભોજનશાળામાં વૈયાવચ્ચ ખાતે જીવદયા - સાધારણ ખાતે વપરાવવા માટે પ્રેરક થતા.

છેલ્લે જીનાલયની પાંચમી વર્ષગાંઠ ઉજવી સં.૨૦૪૭ વૈ.વ. ૧૪ના રોજ અરિહંતસ્મરણ કરતાં સમાધિપૂર્વક કાળધર્મ પામ્યા.

તેઓશ્રીના જીવનકાર્યો સદૈવ ચિરસ્મરણીય બની રહેશે.

# ગણધર ગુરૂ શ્રી ગૌતમ સ્વામી

## (ટૂંક પરિચય)

| | | | |
|---|---|---|---|
| (૧) | નામ | : | શ્રી ઈન્દ્રભૂતિ |
| (૨) | ગોત્ર | : | ગૌતમ |
| (૩) | જન્મ | : | ગોબરગામ (મગધદેશ) |
| (૪) | જન્મ સંવત | : | વિક્રમ સંવત પૂર્વે ૫૫૦ વર્ષ |
| (૫) | માતાનું નામ | : | પૃથ્વીમાતા |
| (૬) | પિતાનું નામ | : | વસુભૂતિ વિપ્ર |
| (૭) | ભાઈ | : | બે - અગ્નિભૂતિ - વાયુભૂતિ |
| (૮) | વર્ણ | : | કંચન (સુવર્ણવર્ણ) |
| (૯) | ઉંચાઈ | : | સાત હાથ - સપ્રમાણ દેહ |
| (૧૦) | દીક્ષા દિવસ | : | વૈશાખ સુદ ૧૧ |
| (૧૧) | દીક્ષા ઉંમર | : | ૫૦ વર્ષ |
| (૧૨) | દીક્ષા નગર | : | પાવાપુરી (અપાપાપુરી) |
| (૧૩) | દીક્ષા દાતા | : | શ્રી મહાવીર પ્રભુ |

| | | | |
|---|---|---|---|
| (૧૪) | શિષ્ય સંખ્યા | : | દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો |
| (૧૫) | ભગવંતના કેટલામાં શિષ્ય | : | પ્રથમ |
| (૧૬) | પદવી | : | પ્રથમ ગણધર |
| (૧૭) | દીક્ષા વખતે શું કર્યુ | : | દ્વાદશાંગીની રચના |
| (૧૮) | દીક્ષા છદ્મસ્થ પર્યાય | : | ૩૦ વર્ષ |
| (૧૯) | દીક્ષા પર્યાયમાં તપશ્ચર્યા | : | છઠના પારણે છઠ સદાય |
| (૨૦) | કૈવલ્ય પ્રાપ્તિ દિન | : | કારતક સુદ ૧ પ્રાતઃકાળે |
| (૨૧) | કૈવલ્ય પ્રાપ્તિ નિમિત્ત | : | ભગવાન મહાવીરનું નિર્વાણ |
| (૨૨) | કેવળજ્ઞાન પ્રાપ્તિ વર્ષ | : | વિક્રમ સંવત ૪૭૦ વર્ષ પૂર્વે |
| (૨૩) | કેવલી પર્યાય | : | ૧૨ વર્ષ |
| (૨૪) | કેવળજ્ઞાન | : | ૮૧માં વર્ષે |
| (૨૫) | હસ્ત દીક્ષિત શિષ્ય | : | ૫૦,૦૦૦ (પ્રત્યેક કેવલી થયા) |
| (૨૬) | નિર્વાણ સમયે તપ | : | એક માસનું અનશન |
| (૨૭) | કુલ આયુષ્ય | : | ૯૨ વર્ષ |
| (૨૮) | નિર્વાણ નગર | : | વૈભારગિરિ (રાજગૃહી નગરમાં ગુણશીલચૈત્ય) (હાલ :- ગુણિજી તીર્થ) |

## ચરમ શાસનપતિ આસન્નઉપકારી શ્રી વર્ધમાનસ્વામીની સ્તુતિ

कल्याण-पादपारामं, श्रुतगंगाहिमाचलम्।
विश्वाम्भोज रविंदेवं, वंदेश्रीज्ञातनन्दनम् ।।१।।

नमो दुर्वाररागादि, वैरिवार-निवारिणे।
अर्हते योगिनाथाय, महावीराय तायिने ।।२।।

पन्नगे च सुरेन्द्रे च, कौशिके पादसंस्पृशि।
निर्विशेष-मनस्काय श्री वीरस्वामिने नमः ।।३।।

श्रीमते वीरनाथाय, सनाथायाद्भूतश्रिया:।
महानंद-सरोराज-मरालायाऽर्हते नमः ।।४।।

कृतापराधेऽपि जने, कृपा मंथरतारयो:।
इषद्बाष्पाद्रयोर्भद्रं, श्री वीरजिननेत्रयोः ।।५।।

## ભાવાર્થ

કલ્યાણરૂપી વૃક્ષોના બગીચારૂપ, શ્રુતજ્ઞાનરૂપી ગંગાને માટે હિમવાત્ પર્વત સમાન, વિશ્વમાં રહેલા ભવ્યજીવોરૂપી કમળને વિકસાવવા માટે સૂર્યસમાન જ્ઞાતપુત્ર શ્રી સિધ્ધાર્થનંદન શ્રી વર્ધમાનસ્વામિને નમસ્કાર થાઓ. (૧)

ઘણી મહેનતે દુર કરી શકાય એવા રાગાદિ શત્રુઓના સમુહનું નિવારણ કરનાર અર્હત્ યોગીઓના સ્વામિ અને જગતના જીવોનું રક્ષણ કરનાર મહાવીરદેવને નમસ્કાર કરૂં છું. (૨)

દંશ કરવાની બુધ્ધિથી પગને સ્પર્શ કરનાર (દંશ આપનાર) પૂર્વજન્મના કૌશિકગોત્રી સર્પના ઉપર અને નમન કરવાની બુધ્ધિથી પગનો સ્પર્શ કરનાર ઇંદ્રના ઉપર પણ જેમનું મન સરખુંજ હતું, તે શ્રીમાન મહાવીરદેવને નમસ્કાર કરૂં છું. (૩)

ચોત્રીશ અતિશયરૂપ અદ્ભુત લક્ષ્મીએ કરી સહિત, મહાઆનંદરૂપ સરોવરને વિશે રાજહંસસમાન અને પૂજય અરિહંત એવા શ્રીમાન વીરસ્વામિને નમસ્કાર થાઓ. (૪)

અપરાધ કરવાવાળા જીવો ઉપર પણ કરુણાંથી ચંચલ બનેલ કીકીયુકત કાંઇક અશ્રુથી આર્દ્ર એવા શ્રી વીર પરમાત્માના નેત્રોનું કલ્યાણ થાઓ. (૫)

# પ્રભુ કલ્પનામંત્ર

શ્રી મહાવીરસ્વામી પરમાત્માની પ્રતિમાજીના અભાવમાં અન્ય ભગવંતની પંચતીર્થી પ્રતિમા હોય તો શ્રી મહાવીર પરમાત્માની કલ્પના કરીને નીચે દર્શાવેલ મંત્રોચ્ચારપૂર્વક અવતરણ કરવું. વાસક્ષેપ કરાવવો.

ॐ नमोऽर्हद्भ्यस्तीर्थंकरेभ्यो जिनेभ्योऽनाद्यनन्तेभ्यः समबलेभ्यः समश्रुतेभ्यः समप्राचेभ्यः समकेवलेभ्यः समतात्वोपदेशेभ्यः समपूजितेभ्यः समकल्पनेभ्यः समस्ततीर्थंकर श्री महावीरस्वामी नामधराणां पञ्चदशकर्मभूमिभवस्तीर्थंकरो यो यत्राराध्यते सोऽत्र प्रतिमायां सन्निहितोऽस्तु स्वाहा ॥

# धर्मघोषसूरिकृत श्रीवीरजिनस्तव

(छंद : आर्या.....) (राग : आज मारा देरासरमां)

जय श्रीसर्वसिद्धार्थ ! सिद्धार्थनृपनन्दन !
सुमेरुधीर ! गम्भीर ! महावीर ! जिनेश्वर ! ॥१॥

योऽप्रमेय प्रमाणोऽपि सप्तहस्त प्रमोपितः।
पूर्णेन्दुवर्ण्यवर्णोऽपि स्वर्णवर्णसवर्णकः ॥२॥

सदृशं कौशिके सर्पे शक्रे च क्रमसंस्पृशि ।
पीयूषंवृष्टिसृष्टया यं दृष्टया दिष्टया विदुर्बुधाः ॥३॥

विष्टपत्रितयोत्सङ्ग रङ्गदुत्तुङ्ग कीर्त्तिना ।
सनाथं येन नाथेन विश्वं विश्वम्भरातलम् ॥४॥

यस्मै चक्रे नमः सेवाहेवाकोत्सुकमानसैः ।
वीराय गतवैराय मर्त्यामर्त्यासुरेश्वरैः ॥५॥

यस्माद् द्वेषादयो दोषाः क्षिप्रं क्षीणाः क्षमाखनेः।
दोषा पूषमयूखेभ्य इवहर्यक्षलक्षणात् ॥६॥

यदेहद्युतिसन्दोह सन्देहितवर्पुदधौ ।
रविः खद्योतपोतद्युत्या डम्बरविडम्बनाम् ॥७॥

भविनां यत्र चित्तस्थे स्युर्धीवृद्धिसिद्धयः।
तं वर्धमानमानौमि वर्धमान सुभावनः ॥८॥

इतियस्ते वा स्तवं पठंति वीर! जिनचन्द्र! जातारोमाञ्चः
यात्यपवर्ग स द्रुतमखर्वगर्वारिवर्गजयी ॥९॥

---

ॐ ह्रीं श्रीं परमपुरुषाय परमेश्वराय जन्म-जरा-मृत्यु निवारणाय ब्रह्मशांति - सिद्धायिका परिपूजिताय श्रीमते वीरजिनेन्द्राय जलं चंदनं पुष्पं धूपं दीपं अक्षतं नैवेद्यं फलं यजामहे स्वाहा ॥

---

- થાળીના ૨૭ ડંકા વગાડી, સિંહાસનમાં બિરાજિત મહાવીરસ્વામીની મૂર્તિને અષ્ટ પ્રકારી પૂજા કરવી.

## ✺શ્રી મહાવીરસ્વામી ભગવંતનું મંત્રગર્ભિતસ્તોત્ર ✺

ॐ अर्हं ह्रीँ महावीर, सर्पविषं हर द्रुतम्।
दुष्टरोगविनाशेन, रक्ष रक्ष महाविभो ! ॥ १ ॥
त्वन्नामजाङ्गुलीमंत्र- जापेन सर्व देहिनाम्।
तक्षकादिमहासर्प- विषं नश्यतु तत्क्षणम् ॥ २ ॥
ग्रन्थिकज्वरनाशोऽस्तु, भूतबाधां विनाशय।
वातपित्तकफोद्भूतान्, सर्वरोगान् क्षयं कुरु ॥ ३ ॥
जले स्थले वने युद्धे, सभायां विजयं कुरु।
ॐ अर्हं स्रौं महावीर, वर्धमान नमोऽस्तुते ॥ ४ ॥

- કુસુમાંજલિ વધાવવી.

### ધૂન

☐ જય મહાવીર, જય મહાવીર ત્રિશલાનંદન જય મહાવીર
વીર વીર બોલ, મહાવીર બોલ, ત્રિશલાનંદન વીર વીર બોલ.

# અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામીજી ની સ્તુતિ

सर्वारिष्टप्रणाशाय, सर्वाभीष्टार्थदायिने।
सर्वलब्धि-निधानाय,श्रीगौतमस्वामिने नमः ॥ १॥

उन्निन्द्र सौवर्ण-सहस्त्रपत्रं, गर्भस्थ-सिंहासन-संनि षण्णं।
दिव्यातपत्रं परिवीज्यमानं, सश्चामरै श्चामर-राजसेव्यं ॥२॥

श्री गौतम सर्वगुणाभिरामं, विशेषलब्धेःप्रवरैकधामं ।
देवेन्द्र-संसेव्य पदारविन्दं, वन्दे सदाऽहं शुभवल्लिकंदम् ॥३॥ युग्मम्

अणंत विण्णाण विभायस्स, दुवालसंगी कमलाकरस्स ।
सुबुद्धिवासा जय गोयमस्स, नमो गणाधीसरगोयमस्स ॥४॥

छठ्ठ छठ्ठ तप करे पारणुं, चउनाणी गुणधाम ।
ए सम शुभपात्र को नहि, नमो नमो गोयमस्वाम ॥५॥

## ભાવાર્થ

સર્વ વિઘ્નોને મૂળથી જ નાશ કરનાર અને અભિષ્ટ પદાર્થોને આપનારા અનંત લબ્ધિના નિધાન એવા ગૌતમ ગણધરેન્દ્રને નમસ્કાર થાઓ (૧)

સુવર્ણના ઉત્તુંગ સહસ્ત્ર પાંખડીઓયુક્ત કમળના ગર્ભ પર રહેલ સિંહાસન પર બિરાજમાન, દૈવી છત્રયુક્ત તથા શ્રેષ્ઠ ચામરો વડે ઈન્દ્રો/સુરેન્દ્રો દ્વારા સેવા કરાતા, સર્વ ગુણોથી સુશોભિત, વિશેષ લબ્ધિના ઉત્તમ સ્થાનસ્વરૂપ, જેઓના ચરણકમળની સેવા દેવેન્દ્રો કરે છે, શુભવલ્લીના કંદસમાન શ્રી ગૌતમસ્વામિને હું સદા વંદન કરું છે. (૨-૩)

અનંતવિજ્ઞાનરૂપી સૂર્યસમાન, દ્વાદશાંગીરૂપ કમલાકર સમાન (સુબુદ્ધિના આશ્રય) ! ગણનાયક શ્રી ગૌતમસ્વામિને નમસ્કાર થાઓ. (૪)

છઠ્ઠના પારણે છઠ્ઠની તપશ્ચર્યા કરનાર, ચાર જ્ઞાનના ધારક, અપૂર્વ વિનયાદી ગુણોના ધામ શ્રેષ્ઠ કોટીના પાત્ર શ્રી ગુરુ ગૌતમને વારંવાર નમસ્કાર હો.(૫)

## મહર્ષિ શ્રી જિનપ્રભસૂરી કૃત

## ⁕ અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમસ્વામી ભગવંતનો મંત્રગર્ભિત સ્તોત્રપાઠ ⁕

ॐ नमस्त्रिजगन्नेतु-र्वीरस्याग्रिम सूनवे। समग्र-लब्धि-माणिक्य-रोहणायेन्द्रभूतये ! ॥ १ ॥

पादाम्भोजं भगवतो, गौतमस्य नमस्यताम्। वशीभवन्ति त्रैलोक्य-सम्पदो विगतापदः ॥ २ ॥

तव सिद्धस्य बुद्धस्य, पादाम्भोज-रजःकणः। पिपर्ति कल्प-शाखीव, कामितानि तनूमताम् ॥ ३ ॥

श्री गौतमाक्षीण-महा-नसस्य तव कीर्तनात्। सुवर्ण-पुष्पां पृथिवी-मुपचिनोति नरश्चिरम् ॥ ४ ॥

अतिशेषेतरां धाम्ना, भगवन् ! भास्करीं श्रियम्। अतिसौम्यतया चान्द्री-महो! ते भीमकान्तता ॥ ५ ॥

विजित्य संसारमाया-बीजं मोहमहीपतिम्। नरः स्यान्मुक्ति-राज्य-श्री-नायकस्त्वत्प्रसादतः ॥ ६ ॥

द्वादशांगी-विधौ वेधाः श्रीन्द्रादि-सुरसेवितः। अगण्य-पुण्य-नैपुण्यं तेषां साक्षात्कृतोऽसि यैः ॥ ७ ॥

नमः स्वाहा पतिज्योति-स्तिरस्कारि तनुत्विषं। श्री गौतम गुरो ! तुभ्यं वागीशाय महात्मने ॥ ८ ॥

इति श्री गौतमस्तोत्र-मन्त्रं ते स्मरतोऽन्वहम्। श्री जिनप्रभसूरेस्तवं, भव सर्वार्थ सिद्धये ॥ ९ ॥

શ્રી ગૌતમસ્વામીજીની મૂર્તિ (યંત્ર)ને કુસુંમાંજલિથી વધાવવો

મહર્ષિ શ્રી જિનપ્રભસૂરિજી એ રચેલ મંત્રગર્ભિત આ સ્તોત્રનું જે પ્રતિદિન પાઠ કરે છે તેની સર્વ મનોકામનાઓ પૂર્ણ થાય છે.

## -દુહો-

વીર વજીર વડો અણગાર, ચોદ હજાર મુનિ શિરદાર,
જપતાં નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર.

# આરાધના-ઉપાસનામાં પ્રવેશ પૂર્વે ભૂમિશુદ્ધિ-દેહશુદ્ધિ શુદ્ધિકરણ ક્રિયાનો પ્રારંભ

- મંત્ર બોલવાપૂર્વક સ્વ અંગે (કપાળે) તિલક કરવું.

**ॐ ह्रीँ श्रीँ क्लीँ ऐँ नमः ।**

પૂજનમાં પોતાની કાયાને સ્વચ્છ અને સુગંધી બનાવવી ખાસ જરૂરી હોવાથી કેસરમિશ્રિત ચંદનથી પોતાના શરીરના અંગો પર તિલક કરવા. પ્રથમ કપાળે, બે ભુજાએ, બે હાથના તળીયામાં, કંઠે, નાભિ આદિ અંગસ્થાને, દેવસ્વરૂપ બની ઈષ્ટદેવની પૂજા કરવાથી આંતરચેતના વધુ જાગૃત બનશે.

ક્રિયાકાર-પૂજનકારોએ ખમાસમણ દઈ ઈરિયાવહીયા, તસ્સઉતરી, અન્નત્થ સુત્રો બોલી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી, પારીને ત્યારબાદ પ્રગટ લોગસ્સ બોલવો- ત્યારબાદ.

## ❑ ૧. ભૂમિશુદ્ધિકરણ :-

**ॐ भूरसि भूंतधात्रि ! सर्वभूतहिते ! भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ! यावदहं पूजां करिष्ये तावत् सर्वजनानां विघ्नान् विनाशय विनाशय स्थिरीभव स्थिरीभव स्वाहा ।**

દર્ભની પીંછી દ્વારા સુવર્ણજળ-સુગંધીજળ વાસક્ષેપનો પૂજનભૂમિ પર છંટકાવ કરવો.

---

સૌને આશ્રય દેનાર ધરતી માતા સમાન છે. પંચ તત્વો પૈકી પૃથ્વીતત્વ પણ દેવતાસમ છે. આવી ધરતી પર બેસીને શાંતિ-ઋદ્ધિ -વૃદ્ધિ માટે મંગળ ક્રિયાઓ કરવાની છે. એ ધરતીમાંથી કોઈ ઉપદ્રવ ન થાય તે માટે ભૂમિને બહુમાનપૂર્વક શુદ્ધિકરણ ક્રિયા કરવાની છે.

☐ ૨. મંત્રસ્નાન :

ॐ अमले विमले सर्वतीर्थजलोपमे पां पां वां वां ज्वीँ क्ष्वीँ

अशुचिः शुचिर्भवामि स्वाहा ।

-પૂજનમાં બેસનાર દરેક જળસ્નાન કરી શુદ્ધ થઈ આવ્યા હોય તો પણ અનુષ્ઠાનમાં કલ્પનાસ્નાન મંત્ર દ્વારા કરવાનું. અંજલિમાં પવિત્ર નદીઓનું-તીર્થોનું જળ રહેલું છે એ મંત્ર બોલી એ જલથી બે હાથથી સ્નાન કરતા હોય તે રીતે ચેષ્ટા કરવી.

☐ ૩. હૃદયશુદ્ધિ :-

मंत्र - ॐ विमलाय विमलचित्ताय ज्वीँ क्ष्वीँ स्वाहा ।

- ડાબો હાથ હૃદય પર મૂકી પાપવિચારોને દૂર કરવારૂપ હૃદય શુદ્ધિની ક્રિયા આ મંત્ર બોલી કરવી. - હૃદયને નિષ્પાપ બનાવ્યું. અશુભ વિચારો ન આવી જાય તેનું ધ્યાન રાખી ચિત્તએકાગ્ર બનાવવું.

☐ ૪. કલ્મષદહન :

ॐ विद्युत् स्फुलिंगे महाविद्ये मम सर्वकल्मषं दह दह स्वाहा ।

-મંત્ર બોલી બે ભુજાએ સ્પર્શ કરી પાપોનું દહન થઈ રહ્યું છે તેમ ચિતવવું. ચિત્તમાં ચાલતા કલુષિત - પાપવિચારોના ઢગને નજર સામે ભસ્મ કરીએ છે તેમ સ્વસ્તિકમુદ્રા કરવાપૂર્વક ક્રિયા કરવી.

## ૫. સકલીકરણ :- ક્ષિપ ૐ સ્વાહા નો ન્યાસ

૧.क्षि - બંને પગના જાનુમાં (ઢીંચણ) પર બીજાક્ષર પીળા વર્ણનો કલ્પી સ્થાપન કરવો.
૨.प - નાભિ ઉપર બીજાક્ષર શ્વેત વર્ણનો કલ્પી સ્થાપન કરવો.
૩.ॐ - હૃદય ઉપર બીજાક્ષર લાલ વર્ણનો કલ્પી સ્થાપન કરવો.
૪.स्वा- મુખ ઉપર બીજાક્ષર નીલ વર્ણનો કલ્પી સ્થાપન કરવો.
૫.हा - મસ્તક ઉપર બીજાક્ષર શ્યામ વર્ણનો કલ્પી સ્થાપન કરવો.

આ પ્રમાણે પંચમહાભૂતરૂપ મંત્રબીજો વડે ત્રણ વખત આરોહ-અવરોહ ક્રમથી સકલીકરણ કરવાનું છે.

ફરી બીજા અંગોને સકલ કરવા માટે આ ક્ષિ પ ૐ નો ન્યાસ છે. શરીરના મુખ્ય સ્થાનોને સકલ બનાવી ચૈતન્યસ્વરૂપે જાગૃત કરવાની ક્રિયા. માનવાદિ શરીર પંચતત્ત્વોનું બનેલ છે, અનુક્રમે પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, આકાશ - આ તત્ત્વો વિષમ ન બની જાય અને દેહમાં સમત્વ જાળવી રાખે એ માટે આર્ષદૃષ્ટાઓએ પંચતત્વના પાંચ મંત્રબીજો નક્કી કર્યા છે. દરેક બીજ સંલગ્ન તત્વો સાથે સંબંધિત હોઈ, તે ઉપર અંકુશ ધરાવે છે. શરીરના જણાવેલા પાંચ ભાગો પર બંને હાથના પંજાથી આરોહ-અવરોહ ક્રમથી તે તે સ્થાને સ્થાપિત કરવા શાસ્ત્રમાં આ પાંચ તત્વોના પાંચ રંગો જે કલ્પેલા છે, તેને ધારણા કરીને તે તે રંગવાળા અક્ષરો કલ્પી સ્થાપિત કરવા.

### ૬. અંગન્યાસ :-

હ્રાઁ - હ્રદયે તત્ત્વમુદ્રા કરી ન્યાસ કરવો.

હ્રીઁ - કંઠે ,,

હ્રૂઁ - તાળવે ,,

હ્રૌઁ - ભ્રૂમધ્યે ,,

હ્રઃ - બ્રહ્મરન્ધ્રે ,,

ન્યાસ એટલે સ્થાપના. શરીરના તંત્રને ચૈતન્યમય અને પવિત્ર બનાવવા શરીરના મુખ્ય જે ભાગોને ઉપયોગમાં લેવાના છે તેને ન્યાસ તે તે જગ્યાએ અંગૂઠાના અગ્રભાગ પર અનામિકા મૂકવાથી તત્વમુદ્રા કરવો મતાંતરે જમણા હાથથી અથવા બંને હાથથી કરવાની પણ પ્રથા છે. - **તાળવું** = મુખની અંદર ઉપરનો ભાગ, **ભ્રૂમધ્ય** = બે ભ્રમરની વચ્ચે અને નાસિકાનો ઉપરનો મધ્ય ભાગ, **બ્રહ્મરધ્ર** = જ્યાં ચોટલી ઊગે છે તે સહિત મસ્તકનો મધ્યભાગ.

**७. करन्यास :-**

કર એટલે હાથ. હાથની આંગળીઓ વગેરેમાં કરવાની સ્થાપના તે કરન્યાસ. પૂજનમાં બંનેય હાથો ઉપયોગમાં લેવાતા હોવાથી બંનેય હાથની આંગળીઓને શુદ્ધ, પવિત્ર અને ચેતનામય બનાવવા આંગળીના મૂળમાંથી સ્પર્શ કરી ટોચ સુધી લઈ જવી.

**ॐ ह्राँ नमो अरिहंताणं - अंगुष्ठाभ्यां नमः ।**

- બંને હાથના અંગૂઠામાં અને પહેલી આંગળી વડે અંગૂઠાને મૂળથી ટોચ સુધી સ્પર્શ કરી શ્વેતવર્ણીય અરિહંત ભગવંતોની આકૃતિઓ સ્થાપવી.

**ॐ ह्रीँ नमो सिद्धाणं - तर्जनीभ्यां नमः ।**

- બંને હાથના અંગૂઠાથી પહેલી આંગળીના મૂળથી ટોચ સુધી સ્પર્શ કરી રક્તવર્ણીય સિદ્ધભગવંતોની સ્થાપના કરવી.

**ॐ हूँ नमो आयरियाणं - मध्यमाभ्यां नमः ।**

- બંને અંગૂઠા વડે બીજી આંગળીઓને સ્પર્શ કરી પીળા વર્ણવાળા આચાર્ય ભગવંતોની સ્થાપના કરવી.

**ॐ ह्रौँ नमो उवज्झायाणं - अनामिकाभ्यां नमः ।**

– બંને હાથના અંગૂઠાઓથી બંને હાથની ત્રીજી (પૂજાની આંગળી) આંગળી પર સ્પર્શ કરી નીલવર્ણીય ઉપાધ્યાય ભગવંતોને સ્થાપવા.

**ॐ ह्रः नमो लोएसव्वसाहूणं - कनिष्ठिकाभ्यां नमः ।**

– બંને હાથના અંગૂઠાઓથી બંને હાથની છેલ્લી (ટચલી આંગળી) ઉપર શ્યામવર્ણીય સાધુભગવંતોની આકૃતિ સ્થાપવી.

**ॐ ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः सम्यग्ज्ञान-दर्शन-चारित्र-तपोभ्यः करतल-करपृष्ठाभ्यां नमः ।**

– બંને હાથના તળીયા એક-બીજાની એક બીજા પર હથેળી ફેરવવી. જ્ઞાનાદિના અક્ષરો-પુસ્તકો રત્નત્રયીની કલ્પના કરવી.

## ❑ ૮. વજ્રપંજર - આત્મરક્ષા સ્તોત્ર :-

ॐ परमेष्ठि नमस्कारं, सारं नवपदात्मकम् ।

आत्मरक्षाकरं वज्र - पञ्जराभं स्मराम्यहम् ॥ १ ॥

ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम् ।

(શિરસ્ક શબ્દથી મસ્તક પર બે હાથથી કલ્પના દ્વારા મજબૂત ટોપ પહેર્યો છે તેવું વિચારવું.)

ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ॥ २ ॥

(લોખંડ જેવી મજબૂત જાળી જેવા વસ્ત્રથી મુખ આચ્છાદન પુરુ છું તેમ ચિંતવવું)

ॐ नमो आयरियाणं, अंगरक्षातिशायिनी ।

(છાતી-વાસા પર સૈનિકો પહેરે તેવું બખ્તર-ક્વચ પહેર્યાની કલ્પના કરવી.)

ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दढम् ॥ ३ ॥

(હાથમાં તલવાર - ઉગ્ર શસ્ત્ર પકડી દુષ્ટ શક્તિઓને ભગાડી રહ્યા છો તેમ ધારવું.)

ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पादयोः शुभे ।

(સમગ્ર પગમાં મોજાની જેમ લોખંડી મોજા પહેર્યા છે તેમ કલ્પવું.)

एसो पंच नमुक्कारो, शिलावज्रमयी तले ॥ ४ ॥

(વજ્રની મજબૂત શિલા પર બેઠો છું તેવી કલ્પના બે હાથ ફેલાવવાપૂર્વક કરવી.

सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः ।

(બેઠકથી મસ્તક સુધી વજ્રથી બનેલા મજબૂત કિલ્લાની કલ્પના બે હાથના પંજા દ્વારા આકૃતિ રચવી.)

मंगलाणं च सव्वेसिं, खादिराङ्गार-खातिका ॥ ५ ॥

(કિલ્લાને ફરતી જ્વાળાયુક્ત અંગારા-અગ્નિથી ભરેલ ખાઈની કલ્પના તર્જની આંગળી ગોળાકારે ફેરવવા દ્વારા)

स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवइ मंगलम् ।
वप्रोपरि वज्रमयं, पिधानं देह-रक्षणे ॥ ६ ॥

(બે હાથના તળીયા માથે રાખી ઢાંકવાની મુદ્રા સાથે વજ્રમય ઢાંકણથી કિલ્લો બંધ કરી રહ્યા છે તેમ કલ્પવું.)

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी ।
परमेष्ठि - पदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥ ७ ॥

यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा ।
तस्य न स्याद् भयं व्याधि-राधिश्चापि कदाचन ॥ ८ ॥

-આત્મરક્ષા સ્તોત્રથી શરીરને ફરતું ક્વચ-બખ્તર ધારણ કરવાનું જેથી ક્ષુદ્ર-અનિષ્ટ શક્તિઓ અંદર પ્રવેશી ન શકે - ટકરાઈને પાછી ફરે - નિસ્તેજ બની જાય તેવું વજ્રપંજર સ્તોત્ર બોલતા બોલતા જે જે કલ્પનાપૂર્વક મુદ્રાઓ કરવાની છે તે કરતા કરતા વજ્રનું બનેલું અભેદ્ય પાંજરૂ રક્ષા કરનારની ચોતરફ બની રહ્યું છે અને સૌ નિર્ભય બની રહ્યા છે તેમ ધારવું, નવકારમંત્રનું એક એક પદ બોલતા જંવાનું અને ત્યાં જણાવ્યા પ્રમાણે તે તે અંગો પર જે મુદ્રા દ્વારા પરિકલ્પના કરવાની છે તે ધારણા-કલ્પના બે હાથ દ્વારા ચેષ્ટા કરી આપણી ફરતે વજ્રનું (અભેદ્ય ધાતુનું) અભેદ્ય ક્વચ પહેરી કિલ્લેબંધી કરી સંપૂર્ણ સુરક્ષિત થયા તેમ અનુભવવું.

## ❑ ૯. વિઘ્ન નાશનાર્થે છોટિકાન્યાસ :-

જમણા હાથનો અંગૂઠો તર્જની આંગળીના અગ્ર ભાગ સાથે જોડી તે વચ્ચે કેસર-કંકુ યુક્ત ગુલાબનું પુષ્પ ધારણ કરી તે તે દિશામાં ઉછાળવું.

| | | | |
|---|---|---|---|
| १) | **अ** | **आ** | - पूर्वस्यां |
| २) | **इ** | **ई** | - दक्षिणस्यां |
| ३) | **उ** | **ऊ** | - पश्चिमस्यां |
| ४) | **ए** | **ऐ** | - उत्तरस्यां |
| ५) | **ओ** | **औ** | - उर्ध्वे |
| ६) | **अं** | **अः** | - अधोः |

- વિધિ દરમ્યાન મહત્ત્વની છ દિશાઓ પૈકી કોઈપણ દિશામાંથી આકાશમાં પસાર થતી વિવિધ શક્તિઓ કે વાતાવરણમાંથી વિઘ્ન થાય તે માટે છોટિકા નામની ક્રિયા કરવામાં આવે છે -

## ❑ ૧૦. ક્ષેત્રપાળ પૂજન :-

**ॐ क्षाँ क्षीँ क्षूँ क्षौँ क्षः अत्रस्थ क्षेत्रपालाय स्वाहा ।**

- માંડલામાં બનાવેલ દેરી પર લીલું શ્રીફળ સ્થાપન કરી તે ઉપર ચમેલીનું તેલ ચઢાવી - જાસુદ (લાલ ગુલાબ)નું પુષ્પ ચઢાવવું.

**☐ ૧૧. રક્ષાપોટલી વિધાન :**

- આ મંત્ર સાત વખત બોલી રક્ષાપોટલી ગુરુભગવંત પાસે મંત્રિત કરાવવી .

**☐ રક્ષાપોટલી મંત્રિત કરવાનો મંત્ર :-**

**ॐ हूँ क्षूँ फूट् किरिटि किरिटि घातय घातय, परकृतविघ्नान् स्फेटय स्फेटय, सहस्रखण्डान् कुरु कुरु, परमुद्रां छिन्द छिन्द, परमन्त्रान् भिन्द भिन्द, हूँ क्षः फूट् स्वाहा ।**

રક્ષાપોટલી બાંધવાનો મંત્ર :

**ॐ नमोऽर्हते रक्ष रक्ष हुँ फुट् स्वाहा ।**

- આ મંત્ર બોલી થાળી - વાગે ત્યારે દરેકે સ્વહસ્તે રક્ષાપોટલી બાંધવી.

**12. પીઠસ્થાપન :-**

શ્રી ગૌતમસ્વામી પૂજનયંત્ર – મૂર્તિ જે પીઠ પર પધરાવેલ હોય તેને સુવર્ણકમળની કલ્પના કરી મંત્ર બોલવાપૂર્વક પીઠને ( બાજોઠને) હસ્તસ્પર્શ કરાવવો.

**મંત્ર : ॐ अर्हं ऐँ ह्रीँ श्री गौतमस्वामि अत्र सहस्रपत्र कनक कमल पीठे तिष्ठ तिष्ठ ठः ठः स्वाहा ।**

**13. બિંબસ્થાપન - યંત્રસ્થાપન :-**

યંત્ર પર બે હાથ રાખી – મૂર્તિ હોય તો તે પર વાસક્ષેપ કરવાપૂર્વક યંત્ર-મૂર્તિની સ્થાપન વિધિ આ મંત્ર બોલી કરવી.

**ॐ अर्हं ऐँ ह्रीँ लब्धिसंपन्न श्री गौतमस्वामिने नमः स्वाहा ।**

---

પૂર્વસેવા એટલે પૂજન પહેલાંની પૂર્વભૂમિકા વિધિ પૂર્ણ થઈ. આ ક્રિયાઓ દ્વારા અશુદ્ધ અને અશુચિપૂર્ણ દેહને મંત્રસ્થાપન ન્યાસાદિ ક્રિયા કરવાપૂર્વક શુદ્ધ પવિત્ર બનાવ્યો. મનને સ્વસ્થ અને નિર્મળ બનાવ્યું. જેથી પૂજન વખતે પૂજ્યો પ્રત્યે આત્મીયતા - તન્મયતા જન્મે તેની ફલ સ્વરુપે આત્મા - પરમાત્માનું મિલન થાય એવી ચેતના પ્રગટી ચિત્તપ્રસન્નતા, આહ્લાદક બને.

## ☐ ૧૪. મુદ્રાપંચક દ્વારા આહ્વાનાદિ ક્રિયા :-

મુદ્રા એ ઉપાસનાનું મહત્ત્વનું અંગ છે. મંત્ર, મંત્રાર્થ, મંત્રચૈતન્ય, યંત્ર આ મંત્રના પંચાગનું સંપૂર્ણ જ્ઞાન થાય તે ઈષ્ટની કૃપા મેળવવા ભાગ્યશાળી થાય, દેવ-દેવીઓ અને અરિહંત પરમાત્માની વિદ્યાઓ-મંત્રો માટે નિયત મુદ્રાઓ હોય છે. દેવ-દેવીઓને બોલાવવાનું મુખ્ય સાધન મુદ્રા જ છે. દેવ- દેવીઓના વિદ્યા-મંત્રનું નિયત મુદ્રામાં ધ્યાન ધરવાથી તેઓનું જાગૃતિકરણ-કરાય છે. એ માટે પાંચ મુદ્રાઓ પૂજનની હોય છે, ઈષ્ટનો સાક્ષાત્કાર કરવા માટેની પાંચ મુદ્રાઓ હોય છે તે બંને ભિન્ન હોય છે. પૂજનની પાંચ મુદ્રાઓથી દેવ-દેવીઓ હર્ષિત/પ્રસન્ન થઈ સ્વસ્થાનેથી પૂજકો ઉપર કૃપા વરસાવે છે. ૧. આહ્વાન ૨. સ્થાપન ૩. સંનિધાન ૪. સંનિરોધ ૫. અવગુંઠન.

| | | |
|---|---|---|
| (૧) | આહ્વાન મુદ્રાઃ- | ટટ્ટાર બેસી બંને હાથની હથેલીઓ છાતી પાસે ચતી રાખી અંગૂઠા ચોથી આંગળી (પૂજાની આંગળી)ના મૂળભાગમાં મૂકી આમંત્રણપૂર્વક બહુમાનપૂર્વક દેવને પધારવાની વિનંતી. |
| (૨) | સ્થાપન મુદ્રાઃ- | તે પછી તેજ સ્થિતિમાં બંને હથેળીઓ ઊંધી કરી હૃદયમંદિરમાં (પૂજનયંત્રમાં) બહુમાનપૂર્વક બિરાજમાન કરવાની સ્થાપન કરવાની વિધિ. |
| (૩) | સંનિધાન મુદ્રાઃ- | પધારેલ દેવને હાર્દિક ભક્તિભાવ સૂચિત કરી નિકટતાદર્શક સંનિધાન મુદ્રા મૂઠી ઊભી રાખી અંગૂઠો બહાર રાખવો તે |
| (૪) | સંનિરોધ મુદ્રાઃ- | તેઓ પૂજન વિધાન ચાલે ત્યાં સુધી રહે તે સંનિરોધ (મૂઠીમાં અંગૂઠો બંધ રાખવો તે) |
| (૫) | અવગુંઠન મુદ્રાઃ- | અદૃશ્યરૂપે રહી સહાય કરવાની વિનંતી. મૂઠી બંધ કરી બંને હાથની પહેલી આંગળી બહાર રાખી મુદ્રા કરવી તે. |

(૧) આહ્વાન મુદ્રા :- ॐ आँ क्रों ह्रीं सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे/यंत्रे अत्र आगच्छ आगच्छ स्वाहा-संवोषट् ।

(૨) સ્થાપન મુદ્રાઃ- ॐ आँ क्रों ह्रीं सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे/यंत्रे अत्र तिष्ठः तिष्ठः ठः ठः ।

(૩) સંનિધાન મુદ્રાઃ- ॐ आँ क्रों ह्रीं सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे/यंत्रे मम सन्निहिता भव भव वषट् ।

(૪) સંનિરોધ મુદ્રાઃ- ॐ आँ क्रों ह्रीं सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे/यंत्रे पूजान्तं यावदत्रैव स्थातव्यम् ।

(૫) અવગુંઠન મુદ્રાઃ- ॐ आँ क्रों ह्रीं सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् अत्र सहस्रपत्र कनककमले बिंबे/यंत्रे परेषामदृश्यो भव भव स्वाहा

(૬) અમૃતીકરણઃ- ॐ आँ क्रों ह्रीं श्रीं सर्वलब्धिसंपन्न श्री गुरु गौतमस्वामिन् सह अन्यदेवदेवी साधिष्ठायकाश्च अस्य पूजनयंत्रे साक्षात् स्थिताः संजीविता अमृतीभूता भवन्तु स्वाहा । - **સુરભિમુદ્રા યંત્ર સમીપે કરવી.**

યંત્રમાં સ્થાપિત ગૌતમસ્વામી સહ અન્ય સેવ્ય દેવ-દેવીઓનું સુરભિમુદ્રા અમૃતીકરણ કરવાપૂર્વક જાગૃતિકરણ કરવામાં આવે છે. - મુદ્રા કરતા ચિંતવવું કે યંત્ર પર ભરપૂર અમૃતવર્ષા થઈ રહી છે. આરાધ્ય દેવ-દેવી જાગ્રત બની ગયેલ છે. એવી શ્રદ્ધા - ભાવના રાખી આદર-બહુમાનપૂર્વક પૂજન કરવું.

### ૧૫. સંકલ્પવિધિઃ-

જપ-પૂજનમાં 'સંકલ્પ' મહત્ત્વનું વિધાન છે. જે કારણે પૂજન- અનુષ્ઠાન કરતા હોય તે કારણો વ્યક્ત કરી કાર્ય ફળીભૂતની પ્રાર્થના કરવાપૂર્વક ઈચ્છિતફળની પ્રાર્થના કરવાપૂર્વક જમણા હાથમાં જળ લઈ મનમાં શુભ સંકલ્પ કરવો.

સંકલ્પમંત્રઃ- ॐ अस्मिन् जंबुद्वीपे भरतक्षेत्रे दक्षिणार्धभरते मध्यखंडे..... देशे -- .....नगरे......संवत......मासे.......पक्षे........तिथौ.....वासरे मम शरीरे रोगादि निवारणार्थं, मनःकामना सिद्ध्यर्थं बोधिबीज प्राप्त्यर्थं, लाभार्थं, क्षेमार्थं, जयार्थं, विजयार्थं...... कार्य सिद्ध्यर्थं श्री गौतमस्वामिनः जापं पूजां आराधनां करिष्ये स च श्री गौतमस्वामी प्रीत्यर्थं - अधिष्ठायक देव प्रसन्नार्थं-एष योगः सफलीभवतु ।

### ☐ ૧૯. ગુરુ સ્મરણ - ગુરુપાદુકા પૂજનઃ-

ગુરુના આશીર્વાદ કે ગુરુપૂજા વગર પૂજા-ઉપાસના મંત્ર, તંત્ર અનુષ્ઠાન કાર્યો પૂર્ણ સફળતાને વરતા નથી. ભારતીય સંસ્કૃતિના તંત્ર, મંત્ર, અનુષ્ઠાનોનો સિદ્ધાંત છે કે પૂજનના પ્રારંભ પહેલા ઉપકારક, તારક ગુરુઓને ભક્તિભાવ સહ બે હાથ જોડી સ્મરણ કરી નમસ્કાર કરવા.

શ્લોક :- **येन ज्ञान प्रदीपेन, निरस्याभ्यंतरं तमः ।**
**ममात्मा निर्मलीचक्रे, तस्मै श्रीगुरुवे नमः॥**

મંત્રઃ- **ॐ ऐँ क्लीँ ह्रीँ श्रीँ ह्रः स्फ्रें सहक्ष्म्ल्व्र्यूं हसौँ स्हौँ**
**गुरुपादुकाभ्यां नमः गुरुपादुकां पूजयामि नमः।**

યંત્રમાં આલેખેલ ગુરુપાદુકા પર વરખ છાપેલું શ્રીફળ સ્થાપન કરી તે પર વાસક્ષેપ - પુષ્પ સુવર્ણમુદ્રા ચઢાવવી ધૂપ ઉખેવવો.

શ્રી ગૌતમસ્વામીથી લઈ ધર્મદાતા, મંત્ર-યંત્રદાતા ગુરુઓનું મનમાં સ્મરણ કરી તેઓશ્રીની ચરણપાદુકા મસ્તકમાં સહસ્રદળમાં કલ્પનાથી સ્થાપવી. ગુરુસ્મરણ કરવું.

# श्री अधिष्ठायक देव-देवी पूजन

| (१) | (२) |
| --- | --- |
| १. ॐ ह्रीँ श्री जयायै स्वाहा । | १. ॐ ह्रीँ श्री सरस्वत्यै स्वाहा । |
| २. ॐ ह्रीँ श्री विजयायै स्वाहा । | २. ॐ ह्रीँ श्री त्रिभुवनस्वामिन्यै स्वाहा । |
| ३. ॐ ह्रीँ श्री जयन्त्यै स्वाहा । | ३. ॐ ह्रीँ श्री श्रीदेव्यै स्वाहा । |
| ४. ॐ ह्रीँ श्री अपराजितायै स्वाहा । | ४. ॐ ह्रीँ श्री गणिपिटकयक्षराजाय स्वाहा । |

- છોલેલા ચોટલીસહિત ના શ્રીફળ પર ચાંદીના વરખ છાપી અષ્ટગંધથી બીજમંત્ર લખી તે શ્રીફળ ઉભા રહે (ચોખાની ઢગલીમાં ) તે રીતે પધરાવી પૂજન કરવું. માંડલાની બહાર ૮ દેરી બનાવી પૂજન કરવું.

- જે ગુણનિધિ સૂરિભગવંતોની વિદ્યામાં પ્રથમપદે સુપ્રતિષ્ઠિત છે અને ગૌતમપદની ભક્તિથી યુક્ત છે તે સરસ્વતી મને સુખ આપો.( - મેરુતુંગાચાર્ય સૂરિમુખ્યમંત્રકલ્પ)

- નિરુપમ માહાત્મ્યવાળી, સહસ્ર ભુજાથી યુક્ત, શાંતસ્વરૂપા , શ્રી ગૌતમના પદકમલનું ધ્યાન ધરતી, માનુષોત્તર પર્વતના શિખર પર રહેલી ત્રિભુવનસ્વામિની નામની દેવી શ્રી સંઘને તથા મને સુખ આપો.

- પદ્મદહના પદ્મમાં રહેલી, ચોસઠ ઈંદ્રોના ગર્વનું મંથન કરનારી, સર્વ અંગે આભુષણોને ધારણ કરનારી ગૌતમ મુનીન્દ્રને પ્રણામ કરી રહેલી, વિજયા, જયા, જયંતી, નંદા, ભદ્રાથી યુક્ત, વિદ્યાપદના ત્રીજા સ્થાનમાં રહેલી 'શ્રીદેવી' સુખ આપો.

- વિદ્યાના ચોથા સ્થાનમાં રહેલો ગૌતમસ્વામી પ્રત્યે ભક્તિવાળો, અણપણ્ણી અને પણપણ્ણી નામની વ્યંતરજાતિમાં પ્રતિષ્ઠિત, સોળ હજાર યક્ષોનો સ્વામી, અતુલબળવાળો, વીસ ભુજાવાળો, 'ગણિપિટક યક્ષરાજ' જિનશાસનના પ્રત્યેક મહાશત્રુવર્ગને નિવારે છે.

# દેવાનંદસૂરી કૃત મહાપ્રભાવિક સ્તોત્રપાઠ દ્વારા....

## શ્રી ગૌતમસ્વામીજી ની સ્તુતિ-પ્રાર્થના

શ્રી ઈન્દ્રભૂતિં વસુભૂતિ પુત્રં, પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્<br>
સ્તુવન્તિ દેવાસુરમાનવેન્દ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૧

શ્રી વર્દ્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુંહૂર્તમાત્રેણ કૃતાનિ યેનઃ<br>
અઙ્ગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૨

શ્રી વીરનાથેન પુરા પ્રણીતં, મન્ત્રં મહાનન્દસુખાય યસ્ય<br>
ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૩

યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે, ગૃહ્ણન્તિ ભિક્ષાભ્રમણસ્ય કાલે<br>
મિષ્ટાન્ન-પાનામ્બર-પૂર્ણકામાઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૪

અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા, યયૌ જિનાનાં પદવન્દનાય<br>
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૫

ત્રિપંચ-સંખ્યા-શત-તાપસાનાં, તપકૃશાઃનામપુનર્ભવાય
અક્ષીણ-લબ્ધ્યા પરમાન્નદાતા, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૬

સદક્ષિણં ભોજનમેવ દેયં, સાધર્મિકં સંઘ સપર્યયેતિ
કૈવલ્ય-વસ્ત્રં પ્રદદૌ મુનીનાં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૭

શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વાઃ
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૮

ત્રૈલોક્યબીજં પરમેષ્ઠિબીજં, સદ્જ્ઞાનબીજં જિનરાજ બીજમ્
યન્નામ ચોક્તં વિદધાતિ સિદ્ધિં, સ ગૌતમો યચ્છતુ વાંછિતં મે ૯

શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિ પુઙ્ગવા યે
પઠન્તિ તે સૂરિપદં ચ દેવા-નન્દં લભન્તે સુતરાં ક્રમેણ ૧૦

# પ્રથમ વલય

## - શ્રી ગૌતમસ્વામીજીની અષ્ટપ્રકારી પૂજા

(૧) જળપૂજા:-

શ્લોક:- श्री इन्द्रभूतिं वसुभूति पुत्रं, पृथ्वीभवं गौतम-गोत्ररत्नम्
स्तुवन्ति देवासुर-मानवेन्द्रा-स गौतमो यच्छतु वाञ्छितं मे॥

મંત્ર:- ॐ ह्रीँ श्रीँ अर्हं परमगुरुरुपाय,परमविनयरुपाय, अप्रमत्तचारित्र - गुणधारकाय, श्रीसूरिमंत्ररचनाकारकाय, शब्दागमपारंगताय. द्वांदशांगीगुंफकाय, श्रीवाणी-त्रिभुवनस्वामिनी,-श्रीदेवी-गणिपिटकयक्षराज संसेविताय, वीरपट्टाम्बर-भास्कराय अनंतलब्धिसंपन्न - प्रथमगणधराय श्रीगौतमस्वामिने जलं समर्पयामि स्वाहा ।

(૨) ચંદનપૂજા:- ઉપરોક્ત શ્લોક-મંત્ર બોલી ચંદનપૂજા કરાવવી.
મંત્રમાં અંતે 'જલં સમર્પયામિ સ્વાહા'ને બદલે **'ચંદનં સમર્પયામિ સ્વાહા'** બોલવું.

(૩) પુષ્પપૂજા :- " (જૂઈ-મોગરો-કમળ) " **'પુષ્પં સમર્પયામિ સ્વાહા'** બોલવું.

(૪) ધૂપપૂજા :- . **'ધૂપં આઘ્રાપયામિ સ્વાહા'** બોલવું.

(૫) દીપકપૂજા :- " " 'દીપં દર્શયામિ સ્વાહા' બોલવું.
(૬) અક્ષતપૂજા :- " " 'અક્ષતં સમર્પયામિ સ્વાહા' બોલવું.
(૭) નૈવેદ્યપૂજા :- " (બુંદીના લાડુ-૧૧/ઘેબર-૧૧) 'નૈવેદ્યં સમર્પયામિ સ્વાહા' બોલવું.
(૮) ફળપૂજા :- " ( નારંગી/પાકી કેરી - ૧૧ ) 'ફલં સમર્પયામિ સ્વાહા' બોલવું.

## ઋદ્ધિ-સિદ્ધિ-કલ્યાણકારક મનવાંછિતફળપૂરક વિશિષ્ટ વિધાન-

મંત્ર:- ॐ ह्रीँ नमो भगवओ गोयमस्स सिद्धस्स बुद्धस्स अक्खीण
महाणसस्स लद्धि संपन्नस्स भगवन् भास्करी मम वांछितं
पूरय पूरय कल्याणं कुरु कुरु स्वाहा ॥

❑ **આ મંત્ર ૧૦૮ વાર બોલવાપૂર્વક**

એક વ્યકિત સુગંધી વાસક્ષેપ ગૌતમસ્વામીજીની મૂર્તિ પર કરે.
એક વ્યકિત સુગંધી જૂઈ અથવા મોગરાના ૧૦૮ પુષ્પ મંત્ર બોલાય તેમ તેમ ચઢાવે.
એક વ્યકિત અક્ષતના અખંડ ૧૦૮ દાણા મંત્ર બોલાય તેમ તેમ ગૌતમસ્વામીના કરકમળમાં સ્થાપે. -

આ ત્રણે ક્રિયાઓ એક સાથે કરવી. આ વિશિષ્ટ અનુભૂત વિધાન છે. તેનું મહત્ત્વ ઓછું ન સમજવું. પૂર્ણ શાંતિપૂર્વક હૃદયના ભાવોલ્લાસપૂર્વક આ ક્રિયા કરવાથી સર્વ મનવાંછિત પૂર્ણ થાય છે.

## દશ પૂર્વધર શ્રી વજસ્વામિ વિરચિત

# મહાપ્રભાવિક શ્રી ગૌતમસ્વામિજી સ્તોત્રપાઠ

(રાગ... અર્હન્તો ભગવંત ઈન્દ્ર... - છંદઃ શાર્દૂલવિક્રિડીત.....)

સ્વર્ણાષ્ટાગ્રસહસ્ર પત્રકમલે, પદ્માસનસ્થં મુનિં,
સ્ફૂર્જલ્લબ્ધિવિભૂષિતં ગણધરં, શ્રી ગૌતમસ્વામિનમ્ ।
દેવેન્દ્રાદ્યમરાવલીવિરચિતો-પાસ્તિં સમસ્તાદ્ભૂતં,
શ્રીવાસાતિશયપ્રભાપરિગતં, ધ્યાયામિ યોગીશ્વરમ્ ॥૧॥

કિંદુગ્ધામ્બુધિગર્ભગૌરસલિલૈ-શ્ચન્દ્રોપલાન્તર્દલૈઃ
કિં કિં શ્વેતસરોજપુંજરુચિભિઃ કિં બ્રહ્મરોચિઃકણૈઃ
કિં શુક્લસ્મિત પિણ્ડકૈશ્ચ ઘટિતા, કિં કેવલત્વામૃતે,
મૂર્તિસ્તે ગણનાથ-ગૌતમ-હૃદિ ધ્યાનાધિદેવી મમ ॥૨॥

શ્રીખંડાદિપદાર્થસાર-કણિકાં, કિં વર્તયિત્વા સતાં,
કિં ચેતાંસિ યશાંસિ કિં ગણભૃતાં, નિર્યાસ્ય તદ્વાક્સુધામ્
સ્ત્યાનીકૃત્ય કિમપ્રમત્તકમુનેઃ સૌખ્યાનિ સંચૂર્ણ્ય કિં ?
મૂર્તિસ્તે વિદધે મમ સ્મૃતિપથા-ધિષ્ઠાયિની ગૌતમ ! ॥૩॥

નીરાગસ્ય તપસ્વિનોદ્ભૂત -સુખ-વ્રાતાદ્ ગૃહિત્વા દલં
તસ્યાઃ સ્વચ્છ-શમાંબુધેઃ રસભરં, શ્રીજૈન-મૂત્તેર્મહઃ
તસ્યા એવ હિ રામણીયક-ગુણં, સૌભાગ્યભાગ્યોદ્ભવં
મદ્-ધ્યાનાંબુજહંસિકા કિમુકૃતા, મૂર્ત્તિઃ પ્રભો! નિર્મલા ॥ ૪ ॥

કિં ધ્યાનાનલગાલિતૈઃ શ્રુતદલૈરાભાસિસદ્ભાવના-
શ્ચોદ્ધૃષ્ટૈઃ કિમુ શીલચંદન-રસૈરાલેપિ મૂર્તિસ્તવ
સમ્યગ્દર્શન પારદૈઃ કિમુ તપઃ શુદ્ધૈરશોધિપ્રભો!
મચ્ચિત્તે દમિતે જિનૈઃ કિમુ શમેન્દુગ્રાવતશ્ચાધટિ ॥૫ ॥

કિં વિશ્વોપકૃતિ ક્ષમોદ્યમમયી, કિં પુણ્યપેટીમયી
કિં વાત્સલ્યમયી કિમુત્સવમયી, પાવિત્ર્યપિંડીમયી
કિં કલ્પદ્રુમયી મરુન્મણિમયી, કિં કામદોગ્ધિમયી
યા ધત્તે તવ નાથ મે હૃદિ તનુઃ કાં કાં ન રુપશ્રિયમ્ ॥ ૬ ॥

કિં કપૂર્રમયી સુચન્દનમયી પિયૂષ તેજોમયી
કિં ચૂર્ણીકૃત ચન્દ્ર-મંડલમયી કિં ભદ્ર-લક્ષ્મીમયી
કિં વાડનન્દમયી કૃપારસમયી, કિં સાધુમુદ્રામયી
ત્યન્તર્મે હૃદિ નાથ ! મૂર્તિ રમણા ના ભાવિ કિં કિંમયી ॥ ૭ ॥

અન્તઃસારમપામુપાસ્ય કિંમુ કિં પાર્થ્ય વ્રજાનાં રસં
સૌભાગ્યં કિંમુ કામનીય-સુગુણ-શ્રેણિર્ભૂષિત્વા ચ કિમ્
સર્વસ્વં શમશીતગો-શુભરુચૈરૌજ્જ્વલ્યમાચ્છિદ્ય કિમ્
જાતા મે હૃદિ યોગમાર્ગપથિ કિં,મૂર્તિઃ પ્રભો ! તેડમલા ॥ ૮ ॥

બ્રહ્માણ્ડોદર-પૂરણાધિક-યશઃ કર્પૂરપારીરજઃ
પુંજૈઃ કિં ધવલીકૃતા તવ તનુઃ મદ્ધ્યાન સદ્મસ્થિતા
કિં શુક્લસ્મિતમુદ્દ્ગરૈર્હતદલા, દુષ્કર્મ-કુમ્ભક્ષરદ્
ધ્યાનાચ્છામૃત-વેણિવિધુતતરા, શ્રી ગૌતમ ! ભ્રાજતે ॥ ૯ ॥

કિં ત્રૈલોક્ય-રમાકટાક્ષ-લહરી, લીલાભિરાલિઙ્ગિતા,
કિં ચોત્ફેન-કૃપા, સમુદ્રમથનોદ્-ગારૈઃ કરમ્બીકૃતા
કિં ધ્યાનાઽનલ દહયમાર્ન-નિખિલાન્તઃકર્મકાષ્ઠાવલી
રક્ષાભિર્ધવલા વિભાતિ હૃદિ મે શ્રી ગૌતમ ! ત્વત્ તનુઃ ॥ ૧૦ ॥

ઈત્થં ધ્યાનસુધા-સમુદ્રલહરી, ચુલાંચ્ચલાંદોલન
ક્રીડા-નિશ્ચલ-રોચિરુજ્જવલવપુઃ શ્રી ગૌતમો મે હૃદિ
ભિત્વા મોહકપાટ-સંપુટમિતિ પ્રૌલ્લાસિતાન્તઃ-સ્ફુરજ્
જ્યોતિર્મુક્તિ-નિતંબિની નયતુ માં સબ્રહ્મતામાત્મનઃ ॥ ૧૧ ॥

શ્રીમદ્ ગૌતમ-પાદ-વન્દન-રુચિઃ શ્રીવાઙ્મયસ્વામિની,
મર્ત્યક્ષેત્ર નગેશ્વરી ત્રિભુવનસ્વામિન્યપિ શ્રીમતીઃ
તેજોરાશિરુદાત્ત-વિંશતિભુજોઃ યક્ષાધિપઃ શ્રી સુરા-
ધીશાઃ શાસનદેવતાશ્ચ દદતાં શ્રેયાંસિ ભૂયાંસિ નઃ ॥ ૧૨ ॥

– કુસુંમાંજલિ વધાવવી.

## - મહિમાવાચક દુહા -

(સમય અનૂકુળતા મુજબ પાઠ કરવો - કરાવવો)

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર,
સમરે વાંછિત સુખ દાતાર, જયો જયો ગૌતમ ગણધાર -મુનિ શ્રી ચંદ્રવિજયજી

ગૌતમ પ્રણમ્યા પાતક ટળે, ઉત્તમનરની સંગત મળે
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન - કવિવર શ્રી લાવણ્યમયજી

ગૌતમ નામે છીજે પાપ, ગૌતમ નામે ટળે સંતાપ
ગૌતમ નામે ખપે સવિ કર્મ, ગૌતમ નામે હોય શિવશર્મ - આચાર્ય શ્રી પાર્શ્વચંદ્રસૂરિ

ગૌતમ સ્વામી જગ ગુરૂ, ગુણ ગણનો ભંડાર,
અનંત લબ્ધિનો એ ધણી, આપે અક્ષય સુખ અપાર. - આચાર્ય શ્રી વિજય સુશીલસૂરિ

વૈરી મિત્ર જ સરીખા થાય, ગૌતમ નામે પ્રણમે પાય
રાજા માને સહુ કો નમે, ગૌતમ નામ હૃદયમાં રમે. - દર્શન વિજયજી ત્રિપુટી

જીજીકાર સહુ કો કરે, બોલ્યું વચન નવિ પાછું ફરે
કીર્તિવેલ જગ પ્રસરે બહુ, ગૌતમ નામે છે એ સહુ. - દર્શન વિજય ત્રિપુટી

## ધૂન

**ઈન્દ્રભૂતિ એ ગૌતમસ્વામ, પ્રભાતે કરૂ હું પ્રેમે પ્રણામ**
**મનોવાંછિત હું માંગુ તમામ, પાઉં સુશીલ શિવ સુખ ધામ.....**

## વલય બીજું

## દશ ગણધર પૂજન

૧. ॐ ह्रीँ ऐँ अग्निभूति गणधराय नमः स्वाहा ।
ગૌતમ ગોત્રવાળા દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૫૦૦ શિષ્યો હતા.

૨. ॐ ह्रीँ ऐँ वायुभूति गणधराय नमः स्वाहा ।
ગૌતમ ગોત્રવાળા ૫૦૦ સાધુઓને વાચના આપતા.

३. ॐ ह्रीँ ऐँ व्यक्त गणधराय नमः स्वाहा ।
ભારદ્વજ ગોત્રવાળા ૫૦૦ સાધુઓને વાચના આપતા.

४. ॐ ह्रीँ ऐँ सुधर्मा गणधराय नमः स्वाहा ।
વૈશ્યાન ગોત્રવાળા આર્ય સુધર્મા સ્થવિર ૫૦૦ સાધુઓને વાચના આપતા.

५. ॐ ह्रीँ ऐँ मंडित गणधराय नमः स्वाहा ।
વાસિષ્ટ ગોત્રવાળા દીક્ષા ગ્રહણ કરી ત્યારે ૩૫૦ સાધુઓને વાચના આપતા.

६. ॐ ह्रीँ ऐँ मौर्यपुत्र गणधराय नमः स्वाहा ।
કાશ્યપ ગોત્રવાળા ૩૫૦ સાધુઓને વાચના આપતા.

७. ॐ ह्रीँ ऐँ अकंपित गणधराय नमः स्वाहा ।
ગોતમ ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

८. ॐ ह्रीँ ऐँ अचलभ्राता गणधराय नमः स्वाहा ।
હારિયાતન ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

९. ॐ ह्रीँ ऐँ मेतार्य गणधराय नमः स्वाहा ।
કૌડિન્ય ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા.

१०. ॐ ह्रीँ ऐँ प्रभास (निर्वाण) गणधराय नमः स्वाहा
-કૌડિન્ય ગોત્રવાળા ૩૦૦ સાધુઓને વાચના આપતા

**કુસુમાંજલિઃ**

**गौतमाद्यान् प्रभासान्ता - नेकादशगणाधिपान् ।**
**पुष्पांजलिं प्रयच्छामि, सङ्घ - कल्याण हेतवे ॥**

*** પૂજન દાડમ થી કરાવવું (માંડલામા) * યંત્ર પર વાસક્ષેપ રૂપાનાણાથી કરવું.**

---

❤ ગણ એટલે વાચના લેનાર મુનિ સમુદાય.

❤ શ્રી મહાવીર પ્રભુને નવ ગણ અને અગિયાર ગણધરો થયા.

❤ કૈવલ્યપ્રાપ્તિ બાદ પ્રભુએ ધર્મતીર્થનું પ્રવર્તન કર્યું . ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ ૧૧ દિગ્ગજ વિદ્વાનોની શંકાનું સમાધાન કરીને તેઓને સ્વકીય શિષ્યરૂપે ગણધરપદે પ્રતિષ્ઠિત કર્યા.

- ગણધરો આચારાંગથી દૃષ્ટિવાદપર્યંત બાર અંગના જાણકાર હતા. તેઓ પોતે જ તેના રચનાર હતા. ચૌદપૂર્વના પણ જાણકાર હતા. તેઓ દ્વાદશાંગીધર, ચૌદપૂર્વધર હતા. એક માસના ઉપવાસ સાથે પાદપોપગમન અનશન વડે રાજગૃહ નગરમાં મોક્ષે ગયા. ૧૧ ગણધરોમાંથી ઈન્દ્રભૂતિ અને સુધર્માસ્વામી સિવાયના ગણધરો ભગવાન મહાવીરદેવ વિદ્યમાન હતા, ત્યારે મોક્ષ પામ્યા છે. અત્યારના સઘળાય સાધુઓ આર્ય સુધર્માસ્વામીના શિષ્યો છે. બાકીના ગણધરો પોતપોતાના ગણને મરણ સમયે સુધર્માસ્વામીને સોંપીને મોક્ષે ગયા હતા.
- શ્રી વીરપ્રભુની પાટે શ્રી સુધર્માસ્વામી પાંચમા ગણધર હતા. ચૌદ વિદ્યાના પારગામી થઈને પચાસ વર્ષના અંતે દીક્ષા લીધી અને ત્રીસ વરસ સુધી વીર પ્રભુની સેવા કરી.
- વીરનિર્વાણ પછી બાર વર્ષે - જન્મથી ૯૨ વર્ષે કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું. ૧૦૦ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી પોતાની પાટે જંબૂસ્વામીને સ્થાપીને મોક્ષે ગયા.
- વીર નિર્વાણ પછી આઠ વર્ષે ગૌતમસ્વામી મોક્ષે ગયા.
- વીર નિર્વાણ પછી વીસ વર્ષે સુધર્માસ્વામી મોક્ષે ગયા.
- વીર નિર્વાણ પછી ચોસઠ વર્ષે જંબૂસ્વામી મોક્ષે ગયા.

## ❑ લબ્ધિ એટલે શક્તિ

- એ શક્તિ આત્માના સહયોગથી ઉત્તમ ચારિત્ર અને તપ ગુણોના પ્રગટીકરણ દ્વારા અશુભ કર્મોને છેદી શુભકર્મો ઉદિત થાય ત્યારે શક્તિ સહજ વિકાસ પામી આત્મામાં પ્રાપ્ત થાય છે. આવી શક્તિઓ અદ્ભૂત, ચમત્કારિક હોય છે. આવી શક્તિઓ અનંત હોય છે. એટલે જ આપણે સૌ ગણધર શ્રી ગૌતમસ્વામીજીને 'અનંતલબ્ધિનિધાન' તરીકે ઓળખીએ છીએ.

આ શક્તિને લબ્ધિ અને ઋદ્ધિ બે શબ્દોથી ઓળખાવે છે. શ્વેતાંબરોમાં 'લબ્ધિ' શબ્દ પ્રચલિત છે. દિગંબરો 'ઋદ્ધિ' શબ્દ વાપરે છે. શબ્દોમાં થોડી અર્થભિન્નતા છે.

આ શક્તિનું પ્રગટીકરણ કરવા તૈજસ તત્વનો પ્રભાવ છે. આ તૈજસ નામનાં સૂક્ષ્મ શરીરનો પ્રભાવ વધારવો પડે એ લબ્ધિ, ઋદ્ધિ શક્તિ છે. શક્તિઓ તો અનંત છે. પણ સિદ્ધચક્ર પૂજનમાં ૪૮, ઋષિમંડલ પૂજનમાં બાર અને ભગવતી સૂત્રમાં પ્રશ્નવ્યાકરણમાં, પન્નવણાસૂત્રમાં અઠ્ઠાવીસ લબ્ધિપદો સૂચવેલ છે.

આ લબ્ધિઓ ઘણી શક્તિશાળી છે. એ લબ્ધિપદોના જાપ, પૂજન વ્યાપકપણે થાય છે. આચાર્ય ભગવંતો પણ મુદ્રાઓ દ્વારા એના જાપ કરે છે. દરેક લબ્ધિ/શક્તિ માનવજાતની જુદી જુદી અનેક તકલીફો, કષ્ટો, દુઃખો દૂર કરવામાં, ઉન્નતિ, કીર્તિ, કાર્યસિદ્ધિ, ધર્મપ્રભાવનાની શક્તિ વગેરેમાં સફળ કામ આપનારી છે. ભવ્ય પુરુષોને અઠ્ઠાવીસ લબ્ધિ હોય છે. ભવ્ય સ્ત્રીઓને અઢાર લબ્ધિઓ હોય છે. અભવ્ય પુરુષોને પંદર લબ્ધિ હોય છે. અભવ્ય સ્ત્રીઓને ચૌદ લબ્ધિઓ હોય છે.

# વલય ત્રીજું

## અટ્ઠાવીસ લબ્ધિપદ પૂજન

૧. ॐ ह्रीँ अर्हं आमोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(શરીરના સ્પર્શમાત્રથી રોગ મટી જાય એવી લબ્ધિ)

૨. ॐ ह्रीँ अर्हं विप्पोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(મલ-મૂત્ર સર્વ ઔષધરૂપ બની સર્વ રોગ મટાડે એવી લબ્ધિ)

૩. ॐ ह्रीँ अर्हं खेलोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(શ્લેષ્મ થકી સર્વ રોગ મટી જાય એવી લબ્ધિ)

૪. ॐ ह्रीँ अर्हं जल्लोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(શરીરના મેલથી સર્વ રોગ મટી જાય એવી લબ્ધિ)

૫. ॐ ह्रीँ अर्हं सव्वोसहिपत्ताणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(કેશ-નખ-રોમ વગેરે સર્વ અંગથી સર્વ રોગ મટી જાય એવી લબ્ધિ)

૬. ॐ ह्रीँ अर्हं संभिन्नसोयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(કોઈ પણ એક ઈન્દ્રિયથી બીજી બધી ઈન્દ્રિયના કાર્ય કરવાની લબ્ધિ)

७. ॐ ह्रीँ अर्हं ओहिनाणाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(રૂપી પદાર્થોને ઈન્દ્રિયની સહાય વગર જાણવાની શક્તિ)

८. ॐ ह्रीँ अर्हं मनःपज्जवनाणाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
( ગર્ભજ પંચેન્દ્રિયના મનોગત ભાવ જાણવાની શક્તિ)

९. ॐ ह्रीँ अर्हं विउलमइणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(અઢીદ્વીપમાં વિશેષપણે મનોભાવ જાણવાની શક્તિ)

१०. ॐ ह्रीँ अर्हं चारणलद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(આકાશગામિની શક્તિ)

११. ॐ ह्रीँ अर्हं आसीविसाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(જેવો શાપ આપે તેવું થાય એવી શક્તિ)

१२. ॐ ह्रीँ अर्हं केवलनाणाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(ત્રણકાળ અને ત્રણલોકના સર્વ ભાવોને જાણવાની શક્તિ)

१३. ॐ ह्रीँ अर्हं गणहरपयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(ગણધરપદ મળે)

१४. ॐ ह्रीँ अर्हं पुव्वहरपयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(ચૌદપૂર્વગામી બને)

१५. ॐ ह्रीँ अर्हं अरिहंतपयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(અરિહંતપદ પ્રાપ્ત કરવાની શક્તિ)

१६. ॐ ह्रीँ अर्हं चक्कवट्टीपयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(ચક્રવર્તિપણું પ્રાપ્ત થાય તેવી શક્તિ)

१७. ॐ ह्रीँ अर्हं बलदेवपयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(બળદેવરૂપે જન્મ થાય તેવી લબ્ધિ)

१८. ॐ ह्रीँ अर्हं वासुदेवपयाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(વાસુદેવરૂપે જન્મ થાય એવી શક્તિ)

१९. ॐ ह्रीँ अर्हं अमियासवीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(ઘી - સાકર - ખીર જેવી મધુરવાણી પ્રાપ્ત થાય એવી શક્તિ)

२०. ॐ ह्रीँ अर्हं कुट्ठबुद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(ભણેલું ભૂલે નહી એવી લબ્ધિ)

२१. ॐ ह्रीँ अर्हं पयानुसारीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(એક પદ ભણતા સંપૂર્ણ શ્લોક આવડી જાય એવી શક્તિ)

२२. ॐ ह्रीँ अर्हं बीयबुद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(એક પદ ભણીને ઘણો અર્થ જાણે એવી શક્તિ)

२३. ॐ ह्रीँ अर्हं तेउलेस्साणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(બાળી નાખે - સખત દાહ ઉપજાવે એવી લબ્ધિ)

२४. ॐ ह्रीँ अर्हं आहारकाणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(સંદેહ નિવારણ માટે ભગવાન પાસે આહારક શરીર બનાવી પહોંચી જવાય એવી શક્તિ)

२५. ॐ ह्रीँ अर्हं सीतलेस्साणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(શીતળ - ઠારી દે એવી શક્તિ)

२६. ॐ ह्रीँ अर्हं विक्कियलद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(નાના મોટા રૂપ ધારણ કરવાની શક્તિ)

२७. ॐ ह्रीँ अर्हं अक्खीणमहाणसीलद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(પોતાના અલ્પ આહારે અનેક માણસોને જમાડે એવી શક્તિ)

२८. ॐ ह्रीँ अर्हं पुलागलद्धीणं झ्रौँ झ्रौँ स्वाहा ।
(સંઘના ભલા માટે ચક્રવર્તી સૈન્યને નાશ કરવાની શક્તિ)

૨૮ લબ્ધિપદોનું પૂજન માંડલામાં ખારેક મૂકાવવાપૂર્વક કરાવવું. યંત્ર મધ્યે કુસુમાંજલિથી

નોંધ - અઠ્ઠાવીસ લબ્ધિપદના નામ ભગવતીસૂત્ર, પ્રશ્નવ્યાકરણ ને પન્નવણાસૂત્રમાં સૂચવેલ છે.

# વલય ચોથું

## અષ્ટમહાસિદ્ધિ પૂજન

ઋદ્ધિ :- વૈભવ - ઐશ્વર્ય - સંપત્તિ અને સામર્થ્ય

સિદ્ધિ :- અણિમા આદી યોગની શક્તિઓ

લબ્ધિ :- યોગ વગેરેથી પ્રાપ્ત થતી વિશિષ્ટ શક્તિઓ

સિદ્ધિઓ અને લબ્ધિઓની શક્તિ યોગસાધના દ્વારા પ્રાપ્ત થતી વિશિષ્ટ ગૂઢ અને ચમત્કારી શક્તિઓ છે. યોગસાધનાના બળે પ્રાપ્ત થતી સિદ્ધિઓ ને મહાસિદ્ધિ તરીકે ઓળખવામાં આવે છે તે અણિમાદી આઠ સિદ્ધિઓ છે તેનું પૂજન

**૧. ॐ ह्रीँ अणिमा महासिद्ध्यै स्वाहा ।**

અણુ જેવુ સુક્ષ્મ શરીર બનાવી શકાય, જે શરીરથી સોયના છિદ્ર જેટલી જગ્યામાંથી પસાર થઈ શકાય તેવી શક્તિ

**૨. ॐ ह्रीँ महिमा महासिद्ध्यै स्वाहा ।**

પોતાના શરીરને મેરુપર્વતથી પણ અધિક મોટું બનાવવાની શક્તિ

**३. ॐ ह्रीँ लघिमा महासिद्ध्यै स्वाहा ।**
વાયુથી પણ હલકુ શરીર બનાવી શકાય; પવનની લઘુતાને પણ વટાવી જાય એવી લઘુત્વકરણ શક્તિ

**४. ॐ ह्रीँ गरिमा महासिद्ध्यै स्वाहा ।**
વજ્રથી પણ અતિશય ભારે શરીર બનાવી શકાય ; ઈન્દ્રાદિ પણ સહન ન કરી શકે એવી ગુરુત્વકરણ શક્તિ

**५. ॐ ह्रीँ प्राप्ति महासिद्ध्यै स्वाहा ।**
મેરુપર્વતની ટોચને પોતે ભૂમિ પર રહી આંગળાથી સ્પર્શ કરવાની શક્તિ

**६. ॐ ह्रीँ प्राकाम्य महासिद्ध्यै स्वाहा ।**
જમીનની જેમ પાણી પર ચાલવાની શક્તિ, પાણીમાં તરતા હોય તેમ ભૂમિ પર ચાલવાની શક્તિ

**७. ॐ ह्रीँ ईशिता महासिद्ध्यै स्वाहा ।**
તીર્થંકર-દેવેન્દ્ર કે ચક્રવર્તી જેવી પોતાની શોભા - ઋદ્ધિ કરી શકવાની શક્તિ

**८. ॐ ह्रीँ वशिता महासिद्ध्यै स्वाहा ।**
ક્રૂર જીવો પણ જેમના દર્શન માત્રથી શાંત થઈ જાય એવી શક્તિ

કુસુમાંજલિ - **अणिमादि-महासिद्ध्यै, सद्भूतार्थेष्ट-सिद्धये । विशुद्धमति-धारिण्यै, पुष्पांजलिं समर्पये ॥**

આઠપદોનું પૂજન માંડલામાં આખી મોટી બદામ (જાયફળ) મૂકાવવાપૂર્વક કરાવવું. યંત્ર પર કુસુમાંજલિ.

# વલય પાંચમું
# નવનિધાન પૂજન

૧. ॐ नैसर्पिकाय स्वाहा ।
ગ્રામ-નગર આદિનો વ્યવહાર જેનાથી થાય છે તે

૨. ॐ पाण्डुकाय स्वाहा ।
નાણા અને મેય દ્રવ્યનો વ્યવહાર જેનાથી થાય છે તે

૩. ॐ पिंगलाय स्वाहा ।
પુરુષ સ્ત્રી, અશ્વ, હસ્તિના આભરણ વિધિ જેનાથી થાય છે તે

૪. ॐ सर्वरत्नाय स्वाहा ।
ચક્રવર્તીના ૧૪ અને અન્ય એકેન્દ્રિયાદિ રત્નોની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

૫. ॐ महापद्माय स्वाहा ।
શ્વેત અને રંગીન વસ્ત્રોની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

**૬. ॐ कालाय स्वाहा ।**

વર્તમાન આદિ ત્રણકાળનું અને બધી કળાઓનું જ્ઞાન જેનાથી થાય છે તે

**૭. ॐ महाकालाय स्वाहा ।**

લોહ આદિ સમગ્ર ધાતુઓ તથા સ્ફટિકમણિ વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

**૮. ॐ माणवकाय स्वाहा ।**

યુદ્ધનીતિ અને દંડનીતિ તથા યોદ્ધા આયુધો વગેરેની ઉત્પત્તિ જેનાથી થાય છે તે

**૯. ॐ शंङ्खाय स्वाहा ।**

સંગીત - નૃત્ય - વાદ્યોની ઉત્પત્તિ જેનાથી થાય છે તે (સ્થાનાંગ સૂત્ર)

---

- દરેક પદનું પૂજન માંડલામાં અખરોટથી કરવું.

## : કુસુમાંજલિ :

**नैसर्पिकादि-नवभ्यो, निधिभ्योऽभीष्ट-सिद्धये,**
**संङ्खाभ्युदयदातृभ्योऽर्पयामि कुसुमांजलिम् ॥**

# વલય છઠ્ઠું

## સોળ વિદ્યાદેવી પૂજન

શ્રી જિનશાસનમાં આ સોળ વિદ્યાદેવીઓનું સ્થાન ઘણું ઊંચું માનવામાં આવેલ છે. મંત્રગ્રંથોમાં સોળ સ્વરની અધિષ્ઠાત્રી તરીકે માનવામાં આવેલ છે. વિદ્યા/જ્ઞાનની ઉપાસનામાં સહાયક બનવાની પ્રાર્થનાસ્વરૂપ સોળ વિદ્યાદેવીનું પૂજન

१. ॐ ऐँ ह्रीँ क्लीँ यां रोहिण्यै अँ नमः स्वाहा ।

२. ॐ ऐँ ह्रीँ क्लीँ सँ प्रज्ञप्त्यै आँ नमः स्वाहा ।

३. ॐ ऐँ ह्रीँ क्लीँ लाँ वज्रशृंङ्खलायै इँ नमः स्वाहा ।

४. ॐ ऐँ ह्रीँ क्लीँ व्हाँ वज्रांङ्कुश्यै इ नमः स्वाहा ।

५. ॐ ऐँ ह्रीँ क्लीँ शाँ अप्रतिचक्रायै उँ नमः स्वाहा ।

६. ॐ ऐँ ह्रीँ क्ली षाँ पुरुषदत्तायै ऊँ नमः स्वाहा ।

७. ॐ ऐँ ह्रीँ क्लीँ साँ काल्यै ऋँ नमः स्वाहा ।

८. ॐ ऐँ ह्रीँ क्लीँ हाँ महाकाल्यै ॠ नमः स्वाहा ।

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ०९. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | यूँ | गौर्यै | लृँः | नमः स्वाहा । |
| १०. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | ऋँ | गान्धार्यै | लॄँ | नमः स्वाहा । |
| ११. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | लूँ | सर्वास्त्रमहाज्वालायै | एँ | नमः स्वाहा । |
| १२. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | वूँ | मानव्यै | ऐँ | नमः स्वाहा । |
| १३. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | शूँ | वैरोट्यायै | ओँ | नमः स्वाहा । |
| १४. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | षूँ | अच्छुप्तायै | औँ | नमः स्वाहा । |
| १५. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | सूँ | मानस्यै | अँ | नमः स्वाहा । |
| १६. | ॐ | ऐँ | ह्रीँ | क्लीँ | हूँ | महामानस्यै | अः | नमः स्वाहा । |

સોળ કમલદલમાં ૧૬ મોતીચૂર લાડુ ૧૬ મોસંબી ૧૬ પાન મૂકાવવાપૂર્વક પૂજન કરવું. યંત્ર પર કુસુમાંજલિ - ૧૬ પુષ્પ - ૧૬ રૂપિયા મૂકાવવા.

## સમગ્ર કુસુમાંજલિ

वामासुतक्रमकुशेशय-भृंगभावं, ये बिभ्रतीह भविका मुदिताशयास्तु ।
तेषां गृहेषु दुरितप्रकरं हरन्त्यः, स्तवन्ति शांतिकममूस्त्रिदशांगना हि ॥

## વલય સાતમુ

## પિસ્તાલીસ આગમોનું પૂજન

१. ॐ अर्हं श्री आचारांग सूत्राय नमः स्वाहा ।
२. ॐ अर्हं श्री सूत्रकृतांग सूत्राय नमः स्वाहा ।
३. ॐ अर्हं श्री स्थानांग सूत्राय नमः स्वाहा ।
४. ॐ अर्हं श्री समवायांग सूत्राय नमः स्वाहा ।
५. ॐ अर्हं श्री भगवती-अंग (व्याख्या प्रज्ञप्ति) सूत्राय नमः स्वाहा ।
६. ॐ अर्हं श्री ज्ञाताधर्मकथांग सूत्राय नमः स्वाहा ।
७. ॐ अर्हं श्री उपासकदशांग सूत्राय नमः स्वाहा ।
८. ॐ अर्हं श्री अंतकृद्दशांग सूत्राय नमः स्वाहा ।
९. ॐ अर्हं श्री अनुत्तरोपपातिक दशांग सूत्राय नमः स्वाहा ।

१०. ॐ अर्हं श्री प्रश्नव्याकरणांग सूत्राय नमः स्वाहा ।
११. ॐ अर्हं श्री विपाकश्रुतांग सूत्राय नम ःस्वाहा

---

१२. ॐ अर्हं श्री औपपातिक-उपांग सूत्राय नमः स्वाहा ।
१३. ॐ अर्हं श्री राजप्रश्नीय-उपांग सूत्राय नमः स्वाहा ।
१४. ॐ अर्हं श्री जीवाजीवाभिगम-उपांग सूत्राय नमः स्वाहा ।
१५. ॐ अर्हं श्री प्रज्ञापना-उपांग सूत्राय नमः स्वाहा ।
१६. ॐ अर्हं श्री जंबूद्वीप प्रज्ञप्ति-उपांग सूत्राय नमः स्वाहा ।
१७. ॐ अर्हं श्री सूर्य प्रज्ञप्ति-उपांग सूत्राय नमः स्वाहा ।
१८. ॐ अर्हं श्री चंद्र प्रज्ञप्ति-उपांग सूत्राय नमः स्वाहा ।
१९. ॐ अर्हं श्री कल्पावतंसिका-उपांग सूत्राय नमः स्वाहा ।
२०. ॐ अर्हं श्री निरयावलिका-उपांग सूत्राय नमः स्वाहा ।

२१. ॐ अर्हं श्री पुष्पचूलिका-उपांग सूत्राय नमः स्वाहा ।
२२. ॐ अर्हं श्री वह्निदशा-उपांग सूत्राय नमः स्वाहा ।
२३. ॐ अर्हं श्री पुष्फिया-उपांग सूत्राय नमः स्वाहा ।

---

२४. ॐ अर्हं श्री चतुःशरण-पयन्ना सूत्राय नमः स्वाहा ।

२५. ॐ अर्हं श्री आतुर प्रत्याख्यान-पयन्ना सूत्राय नमः स्वाहा ।
२६. ॐ अर्हं श्री भक्त परिज्ञा-पयन्ना सूत्राय नमः स्वाहा ।
२७. ॐ अर्हं श्री संस्तारक-पयन्ना सूत्राय नमः स्वाहा ।
२८. ॐ अर्हं श्री तंदूलवैचारिक-पयन्ना सूत्राय नमः स्वाहा ।
२९. ॐ अर्हं श्री चंद्रा वेध्यक-पयन्ना सूत्राय नमः स्वाहा ।
३०. ॐ अर्हं श्री देवेन्द्रस्तव-पयन्ना सूत्राय नमः स्वाहा ।
३१. ॐ अर्हं श्री मरणसमाधि-पयन्ना सूत्राय नमः स्वाहा ।

३२. ॐ अर्हं श्री महाप्रत्याख्यान-पयन्ना सूत्राय नमः स्वाहा ।
३३. ॐ अर्हं श्री गणिविद्या-पयन्ना सूत्राय नमः स्वाहा ।

---

३४. ॐ अर्हं श्री निशीथ-छेद सूत्राय नमः स्वाहा ।

३५. ॐ अर्हं श्री व्यवहारकल्प-छेद सूत्राय नमः स्वाहा ।
३६. ॐ अर्हं श्री दशाश्रुतस्कंध-छेद सूत्राय नमः स्वाहा ।
३७. ॐ अर्हं श्री बृहत्कल्प-छेद सूत्राय नमः स्वाहा ।
३८. ॐ अर्हं श्री जितकल्प-छेद सूत्राय नमः स्वाहा ।
३९. ॐ अर्हं श्री महानिशीथ-छेद सूत्राय नमः स्वाहा ।

४०. ॐ अर्हं श्री दशवैकालिक-मूल सूत्राय नमः स्वाहा ।

---

४१. ॐ अर्हं श्री उत्तराध्ययन-मूल सूत्राय नमः स्वाहा ।
४२. ॐ अर्हं श्री ओघनियुर्क्ति-मूल सूत्राय नमः स्वाहा ।

४३. ॐ अर्हं श्री आवश्यक-मूल सूत्राय नमः स्वाहा ।

४४. ॐ अर्हं श्री नंदि सूत्राय नमः स्वाहा ।

४५. ॐ अर्हं श्री अनुयोगद्वार सूत्राय नमः स्वाहा ।

આગળ પાટ પર પિસ્તાળીસ આગમગ્રંથો ગોઠવી પૂજા કરાવવી અથવા ભગવતીસૂત્ર ગોઠવવું. તેનું પૂજન સોના ચાંદીથી - રૂપાનાણાથી કરવું.- દરેક આગમ પર વાસક્ષેપ કરવો - ફુલ ચઢાવવું - રૂપાનાણુ મુકવું.

એક એક આગમ પાસે ધૂપ ઉખેવવો. માટીના કોડીયામાં ૪૫ દીવડા અગાઉથી બનાવી ક્રમાનુસાર એક એક દીપક આગમ સન્મુખ પ્રગટાવી માંડલામાં દીવડા ગોઠવવા.

- જ્ઞાનની સ્તુતિ -

**જિન જોજન ભૂમિ. વાણીનો વિસ્તાર, પ્રભુ અર્થ પ્રકાશે રચના ગણધર સાર,**
**સો આગમ સુણતા, છેદીજે ગતિ ચાર, પ્રભુ વચન વખાણી, લહીએ ભવનો પાર.**

(આગમપૂજા નંબર- ૧૧ બાદ, ૨૩ બાદ, ૩૩ બાદ, ૩૯ બાદ, ૪૩ બાદ, ૪૫ બાદ સંગીતમય ઉપરોક્ત સ્તુતિ સમૂહમાં કરાવવી-અન્ય જ્ઞાનની સ્તુતિ પણ કરાવી શકાય. )

# ગુરુ ગૌતમસ્વામીનું અષ્ટક

અંગૂઠે અમૃત વસે, લબ્ધિતણા ભંડાર, શ્રી ગુરુ ગૌતમ સમરીએ, વાંછિત ફળ દાતાર ...(૧)

પ્રભુ વચને ત્રિપદી લહી, સૂત્ર રચે તેણીવાર, ચૌદે પૂરવમાં રચે, લોકાલોક વિચાર ...(૨)

ભગવતી સૂત્રે કર નમિ, બંભી લિપિ જયકાર, લોકલોકોત્તર સુખ ભણી, ભાખી લિપિ અઢાર ...(૩)

વીર પ્રભુ સુખીયા થયા, દીવાળી દિન સાર, અંતરમુહુર્ત તત્ક્ષણે, સુખીયો સહુ સંસાર ...(૪)

કેવળ જ્ઞાન લહે તદા, શ્રી ગૌતમ ગણધાર, સુરનર હર્ષ ધરી પ્રભુ, કર અભિષેક ઉદાર ...(૫)

સુરનર પર્ષદા આગળે, ભાખે શ્રી શ્રુતનાણ, નાણથકી જગ જાણીએ, દ્રવ્યાદિક ચૌઠાણ ...(૬)

તે શ્રુતજ્ઞાનને પૂજીએ, દીપ ધૂપ મનોહાર, વીર આગમ અવિચલ રહો, વરસ એકવીશ હજાર ...(૭)

ગુરુ ગૌતમ અષ્ટક કહી, આણી હર્ષ ઉલ્લાસ, ભાવ ધરી જે સમરશે, પૂરે સરસ્વતી આશ ...(૮)

શાસન શ્રી પ્રભુ વીરનું, સમજે જે સુવિચાર, ચિદાનંદ સુખ શાશ્વતા, પામે તે નિરધાર ...(૯)

# મહિમાવાચક શ્રી ગૌતમસ્વામીનો છંદ

માત પૃથવી સુત પ્રાત ઉઠી નમો, ગણધર ગૌતમ નામ ગેલે
પ્રહ સમે પ્રેમશું જેહ ધ્યાતા સદા, ચઢતી કળા હોય વંશ વેલે ૧

વસુભૂતિ નંદન વિશ્વજન વંદન, દુરિત નિકંદન નામ જેહનું
અભેદ બુદ્ધે કરી ભવિજન જે ભજે, પૂર્ણ પહોંચે સહી ભાગ્ય તેહનું ૨

સુરમણિ જેહ ચિંતામણિ સુરતરુ, કામિત પૂરણ કામધેનુ
એહ ગૌતમતણુ ધ્યાન હૃદયે ધરો, જે થકી અધિક નહિ માહાત્મ્ય તેહનું ૩

જ્ઞાનબળ તેજ ને સકળ સુખ સંપદા, ગૌતમ નામથી સિદ્ધિ પામે
અખંડ પ્રચંડ પ્રતાપ હોય અવનિમાં, સુર નર જેહને શીશ નામે ૪

પ્રણવ આદે ધરી, માયાબીજે કરી, સ્વસુખે ગૌતમ નામ ધ્યાવે
કોડી મનકામના સફળ વેગે ફળે, વિઘ્ન વૈરી સવિ દૂર જાયે ૫

દુષ્ટ દૂરે ટળે સ્વજન મેળો મળે, આધિ ઉપાધિ ને વ્યાધિ નાસે
ભૂતના પ્રેતના જોર ભાંજે વળી, ગૌતમ નામ જપતા ઉલ્લાસે ૬

તીર્થ અષ્ટાપદે આપ લબ્ધે જઈ, પનરશે ત્રણને દીખ્ખ દીધી
અઠ્ઠમ ને પારણે તાપસ કારણે, ક્ષીર લબ્ધે કરી અખૂટ કીધી ૭

વરસ પચાસ લગે ગૃહવાસે વસ્યા, વરસ વળી ત્રીસ કરી વીરસેવા
બાર વરસા લગે કેવળ ભોગવ્યું, ભક્તિ જેહની કરે નિત્ય દેવા ૮

મહિયલ ગૌતમ ગોત્ર મહિમા નિધિ, ગુણનિધિ ઋદ્ધિ ને સિદ્ધિદાઈ
ઉદય જશ નામથી અધિક લીલા લહે, સુજસ સૌભાગ્ય દોલત સવાઈ ૯

## સમૂહમંત્રજાપ

**ૐ હ્રીં શ્રીં અરિહંત ઉવજ્ઝાય શ્રી ગૌતમસ્વામિને નમઃ ।**

૧૦૮ વાર સમૂહમાં સર્વેએ જાપ કરવો.

# શ્રી મહાવીર સ્વામિની આરતી

જયદેવ ! જયદેવ ! જય સુખના સ્વામી ! પ્રભુ જય સુખના સ્વામી
વંદન કરીએ તુજને, વંદન કરીએ તુજને, ભવ ભવના ભામી. જય. ૧

સિદ્ધારથના સુત ! ત્રિશલાના જાયા પ્રભુ ત્રિશલાના જાયા,
જશોદાના છો કંથજી, જશોદાના છો કંથજી, ત્રિભુવન જગરાયા. જય. ૨

બાલપણામાં આપ ગયા રમવાં કાજે, પ્રભુ આપ ગયા રમવાં કાજે,
દેવતાએ દીધો પડછાયો, દેવતાએ દીધો પડછાયો, બીવરાવવા કાજે. જય. ૩

એકવારનું રૂપ લીધું છે નાગનું, પ્રભુ રૂપ લીધું છે નાગનું
બીજી વારનું રૂપ, બીજી વારનું રૂપ, લીધું છે બાળકનું. જય. ૪

બાળક બીતા સહું, પોતે નથી બીતા, પ્રભુ પોતે નથી બીતા
દેવતાનું કાંઈ ન ચાલ્યું, દેવતાનું કાંઈ ન ચાલ્યું, હારી જાતાં રે'તા. જય. ૫

એવા છે ભગવાન મહાવીર, તમે જાણો, પ્રભુ મહાવીર તમે જાણો
વંદે છે સહું તેને, વંદે છે સહું તેને, નમે રાય રાણો. જય. ૬

# મંગળદીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો
આરતિ ઉતારણ બહુ ચિરંજીવો .....૧

સોહામણું ઘેર પર્વ દિવાળી,
અંબર ખેલે અમરા બાળી .....૨

દીપાળ ભણે એણે કુલ અજવાળી,
ભાવે ભક્તે વિઘન નિવારી .....૩

દીપાળ ભણે એણે એ કલિકાળે,
આરતી ઉતારી રાજા કુમારપાળે .....૪

અમ ઘેર મંગલિક તુમ ઘેર મંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘને હોજો .....૫

# શ્રી ગૌતમસ્વામી ની આરતી

જયો જયો ગૌતમ ગણધાર, મ્હોટી લબ્ધિતણો ભંડાર,
સમરે વાંછિત સુખ દાતાર, જયો જયો ગૌતમ ગણધાર ૧
વીર વજીર વડો અણગાર, ચૌદ હજાર મુનિ શિરદાર,
જપતા નામ હોય જયકાર, જયો જયો ગૌતમ ગણધાર ૨
ગય ગમણી રમણી જગસાર, પુત્ર કલત્ર સજ્જન પરિવાર,
આવે કનક કોડિ વિસ્તાર, જયો જયો ગૌતમ ગણધાર ૩
ઘેર ઘોડા પાયક નહિ પાર, સુખાસન પાલખી ઉદાર,
વૈરી વિકટ થાય વિસરાલ, જયો જયો ગૌતમ ગણધાર ૪
કવિ રૂપચંદ ગણિ કેરો શિષ્ય, ગૌતમ ગુરુ પ્રણમો નિશદીન,
કહે ચંદ એ સુમતાગાર, જયો જયો ગૌતમ ગણધાર ૫

## મંગળદીવો

શ્રી ગોતમ ગુરુ સમરીએ, ઉઠી ઉગમતે સૂર,
લબ્ધિનો લીલો ગુણનીલો, વેલી સુખ ભરપૂર ૧
ગૌતમ ગોત્રતણો ધણી, રૂપ અતીવ ભંડાર,
અઠ્ઠાવીસ લબ્ધિનો ધણી, શ્રી ગૌતમ ગણધાર ૨
અમૃતમય અંગૂઠડો, ઠવીયો પાત્ર મોઝાર,
ખીર ખાંડ ઘૃત પૂરીયો, મુનિવર દોઢ હજાર ૩
પહેલુ મંગળ શ્રીવીરનું, બીજું ગૌતમ સ્વામ,
ત્રીજું મંગળ સ્થૂલભદ્રનું, ચોથું ધર્મનું ધ્યાન ૪
પ્રહ ઉઠી પ્રણમું સદા, જીહાં જીહાં જિનવર ભાણ,
માનવિજય ઉવજ્ઝાયનું, હોજો કુશળ કલ્યાણ ૫

**ચૈત્યવંદન * શાંતિકળશ * વિસર્જન**

# શ્રી ગોતમસ્વામી નું ચૈત્યવંદન

નમો ગણધર નમો ગણધર, લબ્ધિ તણા ભંડાર,
ઈન્દ્રભૂતિ મહિમાનીલો, વડ વજીર મહાવીરકેરો,
ગૌતમ ગોત્રે ઉપન્યો, ગણ અગ્યારમાંહે વડેરો,
કેવળજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત,
જ્ઞાનવિમલ કહે જેહના, નામ થકી સુખશાત

ઈન્દ્રભૂતિ પહિલો ભણું, ગૌતમ જસ નામ,
ગોબર ગામે ઉપન્યા, વિદ્યાના ધામ;
પંચ સયા પરિવારશું, લેઈ સંયમ ભાર
વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષ જ ત્રીશ
બાર વરસ કેવલ વર્યા એ, બાણું વરસ સવિ આય
નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધિ થાય.

# શ્રી ગૌતમસ્વામીનું સ્તવન

વીર મધુરી વાણી ભાખે, જલધિ જલ ગંભીર રે;
ઈંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ, રજકણ હરણ પ્રવર સમીર રે. વીર ૧
પંચ ભૂતથકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે , ન પરભવ સંજ્ઞાન રે. વીર ૨
વેદ પદનો અર્થ એહવો, કરે મિથ્યારૂપ રે;
વિજ્ઞાનઘનપદ વેદ કેરાં, તેહનું એહ સ્વરૂપ રે. વીર ૩
ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;
પંચભૂતિક જ્ઞાનમય તે, હોય વસ્તુ સંયોગ રે. વીર ૪
જિહાં જેહવી વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવજ્ઞાન વિપર્યયથી, હોય ઉત્તમ જ્ઞાન રે. વીર ૫
એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે;
ઈણિપરે ભ્રાંતિ નિરાકરીને, થયા શિષ્ય વિનીત રે. વીર ૬
દીપાલિકા પ્રભાતે કેવલ લહ્યું, તે ગૌતમ સ્વામ રે;
અનુક્રમે શિવસુખ લહ્યા તેહને, નય કરે પ્રણામ રે. વીર ૭

## થોય :-

(૧)

ઈન્દ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા, જે ગૌતમ ગોત્રે અલંકર્યા.....
પંચશત છાત્રશું પરિવર્યા, વીર ચરણ લહી ભવજલ તર્યા....

- જ્ઞાનવિમલસૂરી

---

(૨) શ્રી ઈન્દ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં, શ્રી વીરતીર્થાધિપમુખ્યશિષ્યમ્
સુવર્ણકાંતિં કૃતકર્મશાંતિં, નમામ્યહં ગૌતમગોત્રરત્નમ્..

- જ્ઞાનવિમલસૂરી

## વિસર્જન મંત્ર

ॐ आँ क्रोँ ह्रीँ सर्वलब्धिसंपन्न श्रीगुरु गौतमस्वामिन् अधिष्ठायकदेवदेवीभिः
सह पुनरागमनाय स्वस्थानं गच्छ गच्छ यः यः यः जः जः जः ।

- રેચક પ્રાણાયમથી સંહારમુદ્રા કરવાપૂર્વક કરવું.

## ક્ષમા પ્રાર્થના

आह्वानं नैव जानामि, न जानामि विसर्जनम् । पूजार्चां नैव जानामि, प्रसीद परमेश्वरः।
आज्ञाहीनं क्रियाहीनं, मंत्रहीनं च यत्कृतम् । तत्सर्वं कृपया देवाः, क्षमन्तु परमेश्वराः ॥

# શ્રી ગૌતમસ્વામી મહાપૂજનમાં જરૂરી સામગ્રીની યાદી

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રી કંકુ | ૫૦ ગ્રામ | ગુલાબનું અત્તર | ૫ ગ્રામ | કરીયાણુ અનાજ વિગેરે | |
| કેસર | ૨ ગ્રામ | મોગરાનું અત્તર | ૫ ગ્રામ | શ્રીફળ | ૧૧ નંગ |
| બરાસ | ૧૦ ગ્રામ | જૂઈનું અત્તર | ૫ ગ્રામ | ચોખા જીણા | ૧૫ કિલો |
| અંબર | ૧ મી. ગ્રા. | સુખડનું અત્તર | ૫ ગ્રામ | બાસમતી ચોખા | ૫૦૦ ગ્રામ |
| કસ્તૂરી | ૧ મિગ્રા | ગુલાબજળ મોટો શીશો | ૧ નંગ | ઘઉં | ૨ાા કિલો |
| વાસક્ષેપ | ૩૦૦ ગ્રામ | તીર્થજળ | ૧ બાટલી | મગ | ૨ાા કિલો |
| દશાંગધૂપ | ૧૦૦ ગ્રામ | સોનારૂપાના ફૂલ | ૧૦ ગ્રામ | અડદ | ૨ાા કિલો |
| ધૂપસળી | ૧ પેકેટ | અષ્ટગંધ | ૧૦ ગ્રામ | ચણાની દાળ | ૨ાા કિલો |
| લાલ નાડાછડી ત્રણતારી | ૧ દડો | | | સાકર ગાંગડા | ૧૧ નંગ |
| સોનેરી બાદલુ | ૫ ગ્રામ | ધૂપસળી (૩ ફૂટ લાંબી) | ૫ નંગ | સાકર કણી | ૧૦૦ ગ્રામ |
| ચાંદીના વરખ | ૧૫ થોકડી | રૂની દિવેટો ઉભી | ૨૦૦ નંગ | અખરોટ | ૧૧ નંગ |
| સોનાના વરખ | ૧ પાન | મેજિક સીલ પી.વી.સી | ૩૦૦ નંગ | માટીના નાના કોડીયા | ૫૦ નંગ |
| પંચરત્નની પોટલી | ૨ નંગ | કોથળી (સાઈઝ ૩''x૨'') | (જરૂર મુજબ) | ખારેક | ૩૫ નંગ |
| કપૂર ગોટી મોટી | ૧ નંગ | | | આખી મોટી બદામ | ૧૦૦ ગ્રામ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| સોપારી મોટી કાચી | ૩૦ નંગ | ફળ | | નાણું | |
| ગાયનું ઘી | ૨ કિલો | નારંગી | ૨૪ નંગ | સુવર્ણમુદ્રા/રૌપ્યમુદ્રા | ૨ નંગ |
| રૂ પીંજેલું | ૧ પેકેટ | દાડમ | ૧૨ નંગ | ચાંદીની મુદ્રા ૧૦ ગ્રામની | ૫ નંગ |
| દીવાસળીની પેટી | ૧ નંગ | મોસંબી | ૧૮ નંગ | રોકડા રૂપિયા | ૧૨૫ નંગ |
| ઈલાયચી | ૨૫ ગ્રામ | ચીકુ | ૬ નંગ | પાવલી | ૪૮ નંગ |
| તજ | ૨૫ ગ્રામ | લીલા શ્રીફળ | ૨ નંગ | પૂજનના દિવસે સવારે | |
| લવિંગ | ૨૫ ગ્રામ | પપૈયા કાચા | ૨ નંગ | દૂધ | ૩ લીટર |
| કાપડ | | લીલી દ્રાક્ષ | ૨૫૦ ગ્રામ | દહીં | ૧ ચમચી |
| મલમલ સફેદ | ૩ મીટર | શેરડીના ટૂકડા | ૬ નંગ | ફૂલ | |
| ડસ્ટર (પોથા) | ૪ નંગ | નાગરવેલના પાન | ૭૦ નંગ | જૂઈ | ૫૦૦ ગ્રામ |
| પીળું પોપલીન | ૮ મીટર | નૈવેદ્ય | | મોગરો | ૫૦૦ ગ્રામ |
| નેપકીન | ૫ નંગ | ઘેબર | ૧૧ નંગ | ગુલાબ | ૨૦૦ નંગ |
| લીલુ સિલ્ક | ૦॥ મીટર | મોતીચૂર (બુંદી)ના લાડુ | ૧૮ નંગ | ડમરો | ૫૦૦ ગ્રા |
| પીળા વસ્ત્રથી બનાવેલ | | પેંડા-બરફી | ૧૧/૧૧ નં | સફેદ દાઉદી | ૨૫૦ ગ્રામ |
| રક્ષાપોટલી | જરૂર મુજબ | મૈસુર | ૧૧ નંગ | પીળા ફૂલના હાર | ૧૫ નંગ |
| | | ગલેફા | ૧૧ નંગ | ગુલાબના હાર | ૨ નંગ |

## દેરાસરનો સામાન

| | |
|---|---|
| સિંહાસન ત્રિગડું - | |
| (ત્રિગડા પર ચંદરવો બાંધવો) | |
| ત્રિગડાના માપની દીવી- | |
| સ્ટેન્ડ-ફાનસ ગ્લાસ સાથે | ૨ નંગ |
| છૂટું ફાનસ ગ્લાસ સાથે | ૧ નંગ |
| ધૂપધાણા | ૨ નંગ |
| માટીના કૂંડા | ૨ નંગ |
| જર્મન થાળ | ૨૦ નંગ |
| નાની થાળી | ૨૦ નંગ |
| પૂજાની વાટકી | ૨૦ નંગ |
| વાટકા | ૧૦ નંગ |
| કળશ | ૧૫ નંગ |
| કુંડી | ૨ નંગ |
| કાંસાની થાળી-વેલણ, | |
| ચામર, દર્પણ, પંખો, ઘંટડી | |
| પાટલા | ૧૫ નંગ |
| પાટ | ૩ નંગ |
| બાજોઠી | ૬ નંગ |
| યંત્ર પધરાવવા મોટો બાજોઠ | ૧ નંગ |

યંત્ર પધરાવવા નાળચાવાળો થાળ

૧૦૮ દીવાની આરતી-મંગળદીવો

અષ્ટમંગળનો ઘડો

ગૌતમસ્વામીની મૂર્તિ/શ્રી ગૌતમસ્વામી પૂજનયંત્ર

મહાવીરસ્વામીની પંચતીર્થી પ્રતિમા

મોતીની ઈંઢોણી (ઘરેથી)

પિસ્તાલીસ આગમના છોડ અને આગમ શાહીબાગ-ગીરધરનગર નોંધાવી લાવવાની વ્યવસ્થા કરી વ્યવસ્થિત બંધાવવા.

# શ્રી ગૌતમસ્વામી મહાપૂજન

## ઉછામણી લીસ્ટ / પૂજનમાં બેસવાનો ક્રમાંક

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧. | ક્ષેત્રપાળ પૂજન | ૧ પુરુષ | ૧૦. | નવનિધાન પૂજન | ચાર કોઈપણ |
| ૨. | ગુરુપાદુકા પૂજન | સજોડે | ૧૧. | સોળ વિદ્યાદેવી પૂજન | ચાર કુમારીકા |
| ૩. | અધિષ્ઠાયક દેવી પૂજન | ચાર સધવા બ્હેનો | ૧૨. | ૪૫ આગમ પૂજન | સાત વ્યકિત |
| ૪. | અધિષ્ઠાયક પૂજન | બે સજોડે | ૧૩. | ૧૦૮ દીવાની આરતી (વીર પ્રભુની) | ઘરના સર્વે |
| ૫. | શ્રી ગૌતમસ્વામી પૂજન | સજોડે અથવા બે જણ | ૧૪. | મંગળદીવા | ઘરના સર્વે |
| ૬. | ૧૦૮ વાસક્ષેપ પૂજા | ત્રણ ભાઈઓ | ૧૫. | ગૌતમસ્વામીની આરતી | ઘરના સર્વે |
| ૭. | દસ ગણધર ભગવંત પૂજન | ચાર ભાઈઓ | ૧૬. | ગૌતમસ્વામીનો મંગળદીવા | ઘરના સર્વે |
| ૮. | ૨૮ લબ્ધિપદ પૂજન | ચાર ભાઈઓ | ૧૭. | શાંતિકળશ | સજોડે |
| ૯. | અષ્ટમહાસિદ્ધિ પૂજન | ચાર કોઈપણ | | | |

# પરિશિષ્ટ - ૧ - અ

## ગણધર - સમજૂતિ

''ગણધર એટલે અનુત્તર જ્ઞાન દર્શનાદિ-ધર્મ ''गणं धारयति इति गणधरः ।'' જ્ઞાન-દર્શન આદિ ધર્મગણને ધારણ કરનાર ગણધર કહેવાય છે એમ આવશ્યક વૃત્તિમાં ગાથા ૧૦૬૨માં જણાવ્યું છે.

પરમાત્માના સ્વમુખેથી ત્રિપદી ગ્રહણ કરી અંતર્મુહુર્તમાં બીજબુદ્ધિથી દ્વાદશાંગીની રચના કરવી એ જ એમના જ્ઞાન-દર્શન નું દાર્શનિક ફળ છે અને ગણધરપદની સાર્થકતા છે.

ગણધરનો અન્ય અર્થ ગણ અથવા શ્રમણસંઘને ધારણ કરવાવાળા ગણના અધિપતિ કે સ્વામી થાય છે.

એક જ પ્રકારની વાચના લેનાર મુનિ સમુદાયને ગણ અને એ મુનિસમુદાયની વ્યવસ્થાનું સંચાલન કરવાવાળા મુનિ ને ગણધર કહેવાય છે.

જૈન ઈતિહાસમાં 'તીર્થંકર' શબ્દ જેટલો અર્થપૂર્ણ છે. એટલો જ અર્થપૂર્ણ શબ્દ છે 'ગણધર', તીર્થંકર અર્થાત્ તીર્થસ્વરૂપ સંઘ - સાધુ, સાધ્વી - શ્રાવક -શ્રાવિકરૂપ ચતુર્વિધ સંઘના નિર્માતા-સ્થાપક છે.

જયારે 'ગણધર' અર્થાત્ સાધુ-સાધ્વીરૂપ સંઘની મર્યાદા - વ્યવસ્થા અને સમાચારીના નિયોજક, વ્યવસ્થાપક તથા પરમાત્માની અર્થરૂપ વાણીને સૂત્રરૂપમાં સંકલન કરવાવાળા હોય છે.

અનુયોગ દ્વારસૂત્રમાં ભાવપ્રમાણ અંતર્ગત જ્ઞાન-ગુણના આગમનામ ભેદમાં જણાવેલ છે કે ગણધરોને સૂત્ર આત્માગમ હોય છે. અર્થાત્ તેઓ સૂત્રોના કર્તા છે.

પ્રત્યેક તીર્થંકરનાં પ્રત્યેક ગણધર તે તીર્થંકર દ્વારા પ્રરૂપિત વાણીનું દ્વાદશાંગીમાં સંકલન કરે છે - પોતપોતાના ગણના શ્રમણોને આગમવાચના આપે છે.

જે તીર્થંકરના જેટલા ગણધરો હોય તેટલી દ્વાદશાંગી રચાય. શ્રી આદિનાથ ભગવંતના ચોર્યાસી ગણધરો હતા તો તેમની ૮૪ દ્વાદશાંગી હતી. મહાવીર પ્રભુના અગિયાર ગણધરો હતો તેથી અગિયાર દ્વાદશાંગી હતી. સૌની ભાષા-ગૂંથણી જુદા જુદા શબ્દોમાં હોય છે, પણ અર્થથી એક જ સરખી હોય છે. તેમાં સહેજ પણ જુદાઈ - ભિન્નતા હોતી નથી.

માત્ર પ્રભુ મહાવીરના અચલભ્રાતા ગણધર અને અકંપિત તથા મેતાર્ય અને પ્રભાસ આ બબ્બે ગણધરોની દ્વાદશાંગી રચના શબ્દથી પણ ભિન્ન ન હતી. આ એક વિશેષતા છે.

અરિહંત ભગવંતો દ્વાદશાંગીને અર્થથી અને ગણધરો ગણધરો દ્વાદશાંગીને સૂત્રથી પ્રકાશે છે.

જૈન પરંપરાના આગમ તથા-આગમેત્તર સાહિત્યમાં વિશ્વવંદ્ય ત્રૈલૌક્યશ્રેષ્ઠ તીર્થંકરપદ પછી 'ગણધર' પદને જ શ્રેષ્ઠ માનવામાં આવે છે એમ બિંદુસાર ગ્રંથમાં જણાવેલ છે.

જેમ તીર્થંકરપદ પ્રાપ્તિ માટે - તીર્થંકર નામ કર્મ ઉપાર્જન માટે, વીસસ્થાનકપદોમાંથી કોઈ એક અથવા એકથી વધુ પદની ઉત્કૃષ્ટ સાધના કરવાથી ઉપાર્જન થાય છે. તેમ 'ગણધર' પદ પ્રાપ્તિ માટે પણ સાધકે ઉચ્ચ કોટિની સાધના કરવી પડે છે.

તીર્થંકરોના જે ગણધરો હોય છે તેઓ પોતાના પૂર્વભવમાં એક વિશિષ્ટ પ્રકારની ઉચ્ચતમ સાધનાથી ગણધર નામકર્મનું ઉપાર્જન કરી લેતા હોય છે.

શ્રમણ ભગવાન મહાવીરના ઈન્દ્રભૂતિગૌતમ આદિ અગિયાર ગણધરોએ પણ પોતપોતાના પૂર્વભવમાં ગણધરપદની પ્રાપ્તિને યોગ્ય કોઈ ને કોઈ વિશિષ્ટ સાધનાઓ કરેલી હોય છે. આ રીતે પૂર્વે કરેલી સાધનાના પ્રભાવે ગણધર નામકર્મ ઉપાર્જન કરી તેઓ એવી ઉત્તમ યોગ્યતા પ્રાપ્ત કરે છે કે પ્રભુના કરકમળોથી સુગંધિત વાસ ચૂર્ણનો મસ્તક પર પ્રક્ષેપ થતાં જ, જેમ ચાવી દ્વારા તાળુ ઉઘડે તેમ તેઓમાં બીજબુદ્ધિનો આવિર્ભાવ થતાં અંતઃર્મુહૂર્તતમાં દ્વાદશાંગી ની રચનાની શક્તિ પ્રગટે છે.

વર્તમાન ચોવીસીના ૨૪ તીર્થંકરોના ગણધરોની કુલ સંખ્યા ૧૪૫૨ છે.

ભગવંત ચારિત્ર ગ્રહણ કરી જ્ઞાન-ધ્યાન અને તપ દ્વારા કર્મક્ષયથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે.

આવું પરમ ઉત્કૃષ્ટ કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી દેવો દ્વારા રચેલ સમવસરણમાં પોતાની દિવ્ય-મધુર વાણી દ્વારા દેશના આપે છે. ભગવંતની વાણીથી પ્રતિબોધ પામેલ ભવ્યત્માઓ ચારિત્ર અંગીકાર કરે છે તેમાં અગ્રેસર મુનિઓ કે જેઓએ પૂર્વે ગણધર પદ નામકર્મ નિકાચિત કરેલ હોય છે તેઓની ગણધર પદે સ્થાપના થાય છે. ગણધરપદ સ્થાપના સમયે પ્રભુ સુગંધી વાસચૂર્ણ ગણધરોના મસ્તકે પ્રક્ષેપે છે. ઈન્દ્ર પણ આ પ્રસંગે ચૂર્ણવૃષ્ટિ કરે છે.

જૈન શાસનમાં ગણધરની પ્રણાલિકા આ રીતે છે. જ્ઞાનમાર્ગની ચૈતન્યદષ્ટિવાળી પ્રરૂપણાના પ્રસ્થાપક ગણધરોનો મહિમા કળિકાળમાં ભવ્યજીવોને માટે મોક્ષમાર્ગની યાત્રામાં પથપ્રદર્શક બની રહે છે.

# પ્રભુ મહાવીરના અગિયાર ગણધરનો ટૂંક પરિચય

## પરિશિષ્ટ-૧-બ

| ક્રમ | નામ | માતા | પિતા | ગોત્ર | ગામ | જન્મરાશિ | જન્મ નક્ષત્ર | છદ્મસ્થ અવસ્થા | દિક્ષા ગ્રહણ | કેવલી પર્યાય | આયુષ્ય | સંશય |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ઈન્દ્રભૂતિ | પૃથ્વી | વસુભૂતિ વિપ્ર | ગૌતમ | ગોબર | વૃશ્ચિક | જયેષ્ઠા | ૮૦ વર્ષ | ૫૧માં વર્ષે | ૧૨ વર્ષ | ૯૨ વર્ષ | 'જીવ છે કે નહિ?' |
| ૨ | અગ્નિભૂતિ | પૃથ્વી | વસુભૂતિ વિપ્ર | ગૌતમ | ગોબર | વૃષભ | કૃતિકા | ૧૨ વર્ષ | ૪૭માં વર્ષે | ૧૬ વર્ષ | ૭૪ વર્ષ | 'કર્મ છે કે નહીં?' |
| ૩ | વાયુભૂતિ | પૃથ્વી | વસુભૂતિ વિપ્ર | ગૌતમ | ગોબર | તુલા | સ્વાતિ | ૧૦ વર્ષ | ૪૨માં વર્ષે | ૧૮ વર્ષ | ૭૦ વર્ષ | 'આ શરીર તે જ આત્મા છે કે શરીરથી આત્મા અલગ?' |
| ૪ | વ્યક્ત | વારુણી | ધનમિત્ર વિપ્ર | ભારદ્વાજ | કોલ્લાક | મકર | શ્રવણ | ૧૨ વર્ષ | ૫૧માં વર્ષે | ૧૮ વર્ષ | ૮૦ વર્ષ | 'પંચમહાભૂત છે કે નહીં?' |
| ૫ | સુધર્માસ્વામિ | ભદ્દિલા | ધનમિત્ર વિપ્ર | અગ્નિ-વેશ્યાયન | કોલ્લાક | કન્યા | ઉ.ફાલ્ગુ | ૪૨ વર્ષ | ૫૧માં વર્ષેની શરૂમાં | ૮ વર્ષ | ૧૦૦ વર્ષ | 'જે પ્રાણી આ ભવમાં જેવો હોય તેવો જ પરભવમાં થાય કે બીજા સ્વરૂપે?' |

| | | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૬ | મંડિત ગણધર | વિજય દેવી | ધનદેવ વિપ્ર | વાસિષ્ઠ | મૌર્ય | સિંહ | મઘા | ૧૪ વર્ષ | ૫૪માં વર્ષે | ૧૬ વર્ષ | ૮૩ વર્ષ | 'બંધ-મોક્ષની બાબતે' |
| ૭ | મૌર્યપુત્ર | વિજય દેવી | મૌર્ય બ્રાહ્મણ | કાશ્યપ | મૌર્ય | વૃષભ | મૃગશિર | ૧૪ વર્ષ | ૬૫માં વર્ષે | ૧૬ વર્ષ | ૯૫ વર્ષ | 'દેવો છે કે નહીં?' |
| ૮ | અકંપિત | જયંતિ | દેવ બ્રાહ્મણ | ગૌતમ | | મકર | ઉત્તરાષાઢા | ૯ વર્ષ | ૪૯માં વર્ષે | ૨૧ વર્ષ | ૭૮ વર્ષ | 'નારકીઓ છે કે નહીં?' |
| ૯ | અચલભ્રાતા | નંદા | વસુ બ્રાહ્મણ | હારિત | કોશલા | મિથુન | મૃગશિર | ૧૨ વર્ષ | ૪૭માં વર્ષે | ૧૪ વર્ષ | ૭૨ વર્ષ | 'પુણ્ય-પાપ છે કે નહીં?' |
| ૧૦ | મેતાર્ય | વરુણ દેવી | દત્ત બ્રાહ્મણ | કૌડિન્ય | તુંગિક | મેષ | અશ્વિની | ૧૦ વર્ષ | ૩૭માં વર્ષે | ૧૬ વર્ષ | ૬૨ વર્ષ | 'પરલોક છે કે નહીં?' |
| ૧૧ | પ્રભાસ | અતિ ભદ્રા | બલ બ્રાહ્મણ | કૌડિન્ય | રાજગૃહી | કર્ક | પુષ્ય | ૮ વર્ષ | ૧૬માં વર્ષે | ૧૬ વર્ષ | ૪૦ વર્ષ | 'મોક્ષ છે કે નહીં?' |

# પરિશિષ્ટ - ૨

## અઠ્ઠાવીસ લબ્ધિઓનું સ્વરૂપ

દિપાવલીના પવિત્ર દિને વીરપ્રભુ નિર્વાણ પામ્યા અને કા.સુ.૧ ના મંગલ પ્રભાતે ગુરુ ગૌતમને કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટયો. આ પર્વનું જિનશાસનમાં અનેરું મહત્વ છે. શારદાપૂજનમાં પણ પુણ્યવાનો 'શ્રી ગૌતમસ્વામીજીની લબ્ધિ હોજો ' એમ ચોપડાના 'પૂજા ના પાને' લખે છે કારણકે સમગ્ર જિનશાસને ગૌતમસ્વામીને 'લબ્ધિતણા ભંડાર' તરીકે નવાજેલ છે.

ચમત્કારી શક્તિવિશેષ દ્વારા લોકો આશ્ચર્યમુગ્ધ બને, તે શક્તિને આપણે લબ્ધિ તરીકે ઓળખીએ છીએ.

લબ્ધિ શબ્દ સંસ્કૃત 'लभ्' ધાતુ પરથી છે. लभ् એટલે પ્રાપ્ત કરવું - મેળવવું. લબ્ધિ એટલે 'લાભ' અથવા 'પ્રાપ્તિ'.

આત્મા પર લાગેલ ગાઢ કર્મનાં આવરણો જેમ જેમ દૂર થાય તેમ તેમ આત્મામાં અસામાન્ય વિશિષ્ટ શક્તિનું અનાયાસે ચમત્કૃતિયુક્ત પ્રગટીકરણ થાય તે 'લબ્ધિ' કહેવાય

'લબ્ધિ' એટલે પ્રાપ્ત થવું. જ્ઞાનવરણીય કર્મના ક્ષયોપશમથી પ્રગટ થતી શક્તિ વિશેષને પણ લબ્ધિ કહેવાય.

તપવિશેષથી પ્રાપ્ત થતી ઋદ્ધિ તે પણ લબ્ધિ, સમ્યગ્જ્ઞાન - સમ્યગ્દર્શન - સમ્યગ્ચારિત્ર સાથે જીવનો સમાગમ એટલે લબ્ધિ.

મનુષ્યમાં વિવિધ પ્રકારની માનસિક - શારીરિક શક્તિઓ સુષુપ્તપણે હોય છે. આત્માના શુભ - નિર્મળ ભાવના આવરણના ક્ષયોપશમથી શક્તિ પ્રાપ્ત થાય ત્યારે લોકોને આશ્ચર્ય થાય છે. કેટલીક શક્તિઓ એવી છે જેનો પ્રભાવ નજરે જોઈને માનવામાં આવે, કેટલાક અશ્રદ્ધાળુ - નાસ્તિક પણ આવી શક્તિની ઘટના નજરે જોયા પછી શ્રદ્ધાવાન બની જાય છે. આવી અનેકવિધ લબ્ધિઓમાં અઠ્ઠાવીસ લબ્ધિઓનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે.

**(૧) આમર્ષ ઔષધિ લબ્ધિ :-** આમર્ષ એટલે 'સ્પર્શ' આ લબ્ધિ જે સાધકે સિદ્ધ કરી હોય તેના હાથ આદિ કોઈ પણ અવયવના સ્પર્શથી રોગનું - વ્યાધિનું નિવારણ થાય.

**(૨) વિપ્રુડૌષધિ લબ્ધિં :-** આ લબ્ધિ જે યોગી પાસે હોય તે યોગીના મળ-મૂત્ર ઔષધિ તરીકે કામ લાગે અને રોગનું નિવારણ થાય.

**(૩) ખેલૌષધિ લબ્ધિ :-** આ લબ્ધિ જે સાધકે કરેલ સિધ્ધ કરેલ હોય તેના શ્લેષ્મથી સર્વ રોગોનું નિવારણ થાય.

**(૪) જલ્લૌષધિ લબ્ધિ :-** 'જલ્લ એટલે મેલ'. આ લબ્ધિ જો સાધકે સિદ્ધ કરેલ હોય તો આ લબ્ધિના પ્રભાવથી સાધકના મેલ વડે રોગોનું નિવારણ થાય.

**(૫) સર્વૌષધિ લબ્ધિ :-** આ લબ્ધિ જો સાધકે સિધ્ધ કરેલ હોય તો આ લબ્ધિના પ્રભાવથી સાધકના મળ-મૂત્ર શ્લેષ્મ, મેલ, નખ, વાળ વ્યાધિનો નાશ કરવા સમર્થ હોય છે.

**(૬) સંભિન્નશ્રોત લબ્ધિ :-** આ લબ્ધિ જો સાધકે પ્રાપ્ત કરેલ હોય તો આ લબ્ધિના પ્રભાવથી સાધક માત્ર એકજ ઈન્દ્રિય દ્વારા પાંચે ઈન્દ્રિયોનાં કાર્ય કરવા સમર્થ હોય છે તથા જુદી જુદી ઇન્દ્રિયો એકબીજાનું કાર્ય કરવા શક્તિમાન હોય છે.

**(૭) અવધિજ્ઞાન લબ્ધિ :-** આ લબ્ધિ જો સાધક પ્રાપ્ત કરે તો તેના પ્રભાવે રૂપી પદાર્થોને ઈન્દ્રિયો અને મનની સહાય વગર આત્મસાક્ષાત્ જાણે - જુવે.

**(૮) મનઃ પર્યવજ્ઞાન લબ્ધિ :-** આ લબ્ધિ જો સાધકે સિદ્ધ કરેલ તો આ લબ્ધિના પ્રભાવથી સાધક અઢી દ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને મનની સહાય વગર જાણે.

**(૯) વિપુલમતિ લબ્ધિ :-** આ લબ્ધિ જે સાધકે સિદ્ધ કરેલ હોય તે લબ્ધિના પ્રભાવે અઢીદ્વીપમાં રહેલા સંજ્ઞી પંચેન્દ્રિય જીવોના મનોગત ભાવોને વિશેષ પ્રકારે જાણવાની શક્તિ ધરાવે છે.

**(૧૦) ચારણલબ્ધિ :-** આ લબ્ધિ જે સાધકે સિદ્ધ કરેલ હોય તે લબ્ધિના પ્રભાવથી આકાશગમનની શક્તિ પ્રાપ્ત થાય છે. તેના બે પ્રકાર (૧) જંઘાચારણ (૨) વિદ્યાચારણ

જે ચારિત્ર અને વિશેષ તપના પ્રભાવથી ઉત્પન્ન થયેલી ગમનાગમનના અતિશયરૂપ લબ્ધિ વડે સંપન્ન હોય છે તે જંઘાચારણ કહેવાય છે.

આ જંઘાચારણથી સાધક પહેલા ઉત્પાત વડે એટલે કે કૂદકા (ઉડાણ) વડે તેરમા રુચકદ્વીપ પર્યંત જઇ શાશ્વત ચૈત્યોને જુહારી પાછા વળતા બીજા કૂદકે (ઉડ્ડયને) આઠમાં નંદીશ્વર દ્વીપે આવી શાશ્વત ચૈત્યોને જુહારી વગર વિસામે સ્વસ્થાને આવે છે.

આવી લબ્ધિવાળા ઉર્ધ્વગતિમાં એક જ કૂદકે (ઉડ્ડયને) મેરુપર્વતના શિખર પર રહેલા પાંડુકવનમાં જઈ શાશ્વત ચૈત્યોને જુહારી પાછા ફરતા એક જ કૂદકે (ઉડ્ડયને) નંદનવનમાં આવી શાશ્વત બિંબોને વંદનાદિ પૂર્વક બીજા કૂદકે (ઉડ્ડયને) સ્વસ્થાને આવે છે. જંઘાચરણ લબ્ધિધારીની જતી વખતે ગતિ શીઘ્ર હોય છે પાછા વળતા ગતિ મંદ હોય છે કારણકે જંઘાબળ શરૂઆતમાં પ્રબળ હોય છે - પછી અલ્પ થતું જાય છે

જેઓને વિદ્યાના અતિશય વડે ગમનાગમનની લબ્ધિ ઉત્પન્ન થાય છે. તેઓ વિદ્યાચારણ કહેવાય. તેઓ એક કૂદકે (ઉડ્ડયને) માનુષોત્તર પર્વત સુધી જઇને બીજા કૂદકે નંદીશ્વરદ્વીપ જઇ અને સ્વસ્થાને પાછા આવે છે.

આ લબ્ધિવાળા મુનિઓ ઉર્ધ્વગતિમાં એક જ કૂદકે (ઉડ્ડયને) નંદનવનમાં અને બીજા કૂદકે (ઉડ્ડયને) પાંડુકવનમાં જાય અને પાછા ફરતા એક જ પગલે પોતાના સ્થાનમાં જાય છે. તેઓ સૂર્યકિરણોનો આશ્રય કરીને પણ જાય છે, જંઘાચારણો પણ એ રીતે જાય છે.

વિદ્યાચારણ લબ્ધિવાળાને પ્રથમ વિદ્યાપાઠ અલ્પ હોય છે, જેમ જેમ વિશેષ વિદ્યા ગણે તેમ તેમ ગતિ વેગવતી થાય છે, આથી તેઓની શરૂઆતની ગતિ વિસામાવાળી અને સ્વસ્થાન તરફની ગતિ શીઘ્ર હોય છે.

ચંદ્ર - સૂર્ય - ગ્રહ - નક્ષત્ર - તારા આદિ કોઈપણ તેજસ્વી પદાર્થના તેજ કિરણોના માધ્યમથી આકાશમાં ગમન કરવાની શક્તિને *જ્યોતિરશ્મિ ચારણલબ્ધિ* કહેવાય.

આવી નિહારચારણ - અવશ્યાય ચારણ - મેઘ ચારણ - વારિધાર ચારણ - વાયુચારણ - મર્કટતંતુચારણ, વ્યોમચારણ, શ્રેણિચારણ, ધુમ્રચારણ એવા અનેક ચારણલબ્ધિના પેટાભેદો છે. *ગણધર ગુરુ ગૌતમ સ્વામી મહારાજા આ લબ્ધિના પ્રભાવથી જ અષ્ટાપદ પર્વત પર સૂર્યકિરણો અવલંબી ચઢ્યા હતા.*

**(૧૧) આશીવિષ લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરેલ હોય તે આ લબ્ધિના પ્રભાવથી તે વચન બોલીને જેવો શ્રાપ આપી તેવું થાય અથવા જેવો આશીર્વાદ આપે તેવું થાય.

**(૧૨) કેવળજ્ઞાન લબ્ધિ :** મન - ઈન્દ્રિયની સહાય વગર જે જ્ઞાન દ્વારા લોક - અલોકના ત્રણ કાળના સર્વ પદાર્થોના સર્વ ભાવ - પર્યાયો પ્રત્યક્ષ જાણવાની શક્તિ દેખવાની શક્તિ તે કેવળજ્ઞાન કહેવાય.

**(૧૩) ગણધર લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરીએ તે આ લબ્ધિના પ્રભાવથી તીર્થંકર ભગવંતના ગણધરનું પદ મેળવવા સમર્થ બને.

**(૧૪) પૂર્વધર લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરી હોય તે આ લબ્ધિના પ્રભાવથી ચૌદપૂર્વનું જ્ઞાન મેળવી શકે.

**(૧૫) અરિહંત લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરી હોય તે આ લબ્ધિના પ્રભાવથી અરિહંત પદની પ્રાપ્તિ કરીશકે.

**(૧૬) ચક્રવર્તી લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરી હોય તે આ લબ્ધિના પ્રભાવથી ચક્રવર્તી પદની પ્રાપ્તિ કરી છ ખંડ ધરતીના સ્વામી અને ચૌદ રત્નોના, નવનિધિ આદિ ધારક ચક્રવર્તી થાય.

**(૧૭) બલદેવ લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરી હોય તેને આ લબ્ધિના પ્રભાવથી બલદેવ પદની પ્રાપ્તિ થાય. તે વાસુદેવના વડીલબંધુ કહેવાય.

**(૧૮) વાસુદેવ લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરી હોય તેને આ લબ્ધિના પ્રભાવથી વાસુદેવ પદની પ્રાપ્તિ થાય, ત્રણ ખંડનું રાજય તથા ચક્ર આદિ રત્નોના ધારક હોય છે.

**(૧૯) આમૃતાશ્રવ લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકે પ્રાપ્ત કરી હોય તે લબ્ધિધારકના વચનો - દૂધ - મધ - ઘી સાકર જેવા મધુર હોય.

**(૨૦) કોષ્ઠ બુદ્ધિ લબ્ધિ :** જે રીતે કોઠારમાં રાખેલુ ધાન્ય લાંબા સમય સુધી સારુ રહે છે. તેમ આ લબ્ધિધારકે ગુરુમુખે ગ્રહણ - શ્રવણ કરેલા વચનો સ્મૃતિમાં દીર્ઘકાળ સુધી સ્થિર રહે તેને કોષ્ઠક બુદ્ધિ કહેવાય

**(૨૧) પદાનુસારિ લબ્ધિ :** આ લબ્ધિ જે સાધકો પ્રાપ્ત કરી હોય તેને આ લબ્ધિના પ્રભાવે કોઈપણ ગ્રંથના કોઇ એક પદને સાંભળીને તેને અનુસરતા સર્વશ્રુતનું જ્ઞાન થાય. પદાનુસારિ લબ્ધિના ત્રણ પ્રકાર છે.

(૧) અનુશ્રોત પદાનુસારી (૨) પ્રતિશ્રોત પદાનુસારી (૩) ઉનીયશ્રીત પદાનુસાર

**(૨૨) બીજ બુદ્ધિ લબ્ધિ :** પૃથ્વી પર ખેડેલા ખેતરમાં વાવેલુ સારું બીજ જમીન - જળ - હવાના કારણો મળવાથી અનેક કોટિ બીજોને આપે છે તેમ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમનો અતિશય પ્રાપ્ત થવાથી બીજભૂત એક અર્થપદને સાંભળીને અનેક બીજવાળું સર્વશ્રુત યથાર્થ જાણે તે લબ્ધિ. તીર્થંકર ભગવંતના મુખથી 'ત્રિપદી' ગ્રહી ગણધર ભગવંથી અંતઃર્મુહૂર્તમાં દ્વાદશાંગીની રચના કરે છે.

**(૨૩) તેજોલેશ્યા લબ્ધિ :** ક્રોધે ભરાયેલા મુનિવર પોતાના શત્રુ આદિ સ્થૂળ કે સૂક્ષ્મ પદાર્થોને પોતાના મુખમાંથી નીકળેલી જ્વાળા વડે ભસ્મસાત્ કરવા સમર્થ થાય છે. તે આ લબ્ધિના પ્રભાવે.

**(૨૪) આહારક લબ્ધિ :** શરીરના અનેક પ્રકારોમાં એક પ્રકાર આહારક શરીરનો છે. આ લબ્ધિના પ્રભાવથી સાધક આહારક શરીર વિકુર્વી એક હાથ પ્રમાણ સ્ફટિક જેવું શરીર બનાવી સૂક્ષ્મ શંકાના નિવારણ માટે પરમાત્મા પાસે મોકલે અને સંશયનું સમાધાન કરી, દર્શન કરી, પછી એ દેહનું વિસર્જન કરી શકે.

**(૨૫) શીતલેશ્યા લબ્ધિ :** તેજોલેશ્યાથી વિરુદ્ધ આ લબ્ધિ છે. જેના પ્રભાવે બળતા જીવોને મેઘવર્ષાથી જેમ શાંતિ થાય તેમ આ લબ્ધિની લહેરથી શીતળતા પ્રસરે છે.

**(૨૬) વૈક્રિયલબ્ધિ :** આ લબ્ધિના પ્રભાવથી સાધક વિવિધ પ્રકારની ક્રિયાઓ કરવાની શક્તિવાળું નાનું - મોટું - હલકું - ભારે એવું વૈક્રિય શરીર નિર્માણ કરી શકે.

**(૨૭) અક્ષીણ મહાનસ લબ્ધિ :** અનેક લોકોને વસ્તુ આપવા છતાં પણ અખૂટ રહે તે અક્ષીણ મહાનસ લબ્ધિના બે પ્રકાર છે.

**(૧) અક્ષીણ મહાનસલબ્ધિ :** આ લબ્ધિના પ્રબળ પ્રભાવથી પાત્રમાં અત્યંત અલ્પ અન્ન (આહાર) હોય તો પણ તે અહાર અનેક મનુષ્યોને જીવોને વપરાવવા છતાં પણ ખૂટે નહિ. આ લબ્ધિના અચિંત્ય પ્રભાવથી જ અષ્ટાપદ તીર્થની યાત્રા કરી ગૌતમસ્વામી એક પાત્રમાં અલ્પ ક્ષીર વહોરી લાવી તીર્થની તળેટીએ રહેલા ૧૫૦૩ તાપસોને ક્ષીરના ભોજનથી પારણું કરાવેલ.(૨) અક્ષીણ મહાલબ્ધિના પરમ પ્રભાવે મર્યાદિત ભૂમિમાં અસંખ્ય દેવ - દેવી મનુષ્યો - વગેરે પરિવાર સહ બાધારહિત સુખી રહે છે. પીડા - સંકડાશ જેવું લેશમાત્ર લાગે નહિ

**(૨૮) પુલાક લબ્ધિ :** આ લબ્ધિ દ્વારા સાધક એવી શક્તિ પ્રાપ્ત કરે જે દ્વારા સંઘના ભલા માટે શત્રુસેના પરાજિત કરી શકે એટલું જ નહિ શક્તિશાળી ચક્રવર્તીના સૈન્યને પણ ચૂર્ણકરી નાશ કરવાનું પણ સામર્થ્ય ધરાવે છે.

॥ षोडश विद्यादेव्यो रक्षंतु **સોળ વિદ્યા દેવી** वो नित्यं स्वाहा ॥

## પરિશિષ્ટ - ૩

(મંત્રરુપા (વિદ્યા) ની અધિષ્ઠાત્રી છે - સોળ સ્વર વિદ્યાદેવીના વાચક છે.)

| ક્રમ | નામ | સ્વર | અર્થ | વર્ણ | વાહન | ભુજા | જમણાહાથે આયુધ | ડાબા હાથે આયુધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | રોહિણી | અ | પુણ્યબીજને ઉતન્ન કરે તે | શ્વેત | ગાય | ચાર | જપમાલા/બાણ | શંખ / ધનુષ |
| ૨ | પ્રજ્ઞપ્તિ | આ | જેને પ્રકૃષ્ટ જ્ઞાન છે તે | શ્વેત | મયૂર | ચાર | શક્તિ વરદ્‌મુદ્રા | બીજોરુ/શક્તિ |
| ૩ | વજ્રશૃંખલા | ઇ | દુષ્ટને દમન કરવા વજ્રની શૃંખલા છે. | શ્વેત | કમળ | ચાર | વરદ્‌મુદ્રા/શૃંખલા | કમળ/શૃંખલા |
| ૪ | વજ્રાંકુશી | ઈ | જેના એક હાથમાં વજ્ર અને અંકુશ રહેલા છે તે | પીળો | હાથી | ચાર | વરદ્‌મુદ્રા/વજ્ર | બીજોરુ/અંકુશ |
| ૫ | અપ્રતિચક્રા | ઉ | જેના ચક્રની બરાબરી કોઈથી થઈ ન શકે | વીજળી | ગરુડ | ચાર | ચક્ર/ચક્ર | ચક્ર/ચક્ર |
| ૬ | પુરુષદત્તા | ઊ | પુરુષને વરદાન આપનાર | પીળો | ભેંસ | ચાર | વરદ્‌મુદ્રા/ખડગ્ | બીજોરુ/ઢાલ |
| ૭ | કાલી | ઋ | દુશ્મનો પ્રત્યે કાળ સમાન | શ્યામ | કમળ | ચાર | જપમાલા/ગદા | વજ્ર/અભયમુદ્રા |
| ૮ | મહાકાલી | ૠ | દુશ્મનો પ્રત્યે મહાકાલ સમાન | અતિ શ્યામ | પુરુષ | ચાર | અક્ષસૂત્ર/વજ્ર | અભયમુદ્રા/ઘંટ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૯ | ગૌરી | લૃ | જેને દેખવાથી ચિત્ત આકર્ષાય | ગૌર કનક | ઘો | ચાર | વરદ્‌મુદ્રા/મુશળ | જપમાલા/કમળ |
| ૧૦ | ગાંધારી | લૄ | જેનાથી ગંધઉત્પન્નથાયછેતે | નીલ | કમળ | ચાર | વરદ્‌મુદ્રા/મુશળ | અભયમુદ્રા/વજ્ર |
| ૧૧ | સર્વાસ્ત્રમહાજ્વાલા | એ | સર્વ અસ્ત્રોમાંથી મોટી જ્વાલાઓ નીકળે | ધવલ | વરાહ | બે | ઘણા | ઘણ/શસ્ત્ર |
| ૧૨ | માનવી | ઐ | મનુષ્યની માતાતુલ્ય | શ્યામ | કમળ | ચાર | વરદ્‌મુદ્રા/પાશ | જપમાલા/વૃક્ષની ડાળી |
| ૧૩ | વૈરોટ્યા | ઓ | અન્યોન્ય વૈરની શાંતિ માટે જેનું આગમન થાય | શ્યામ | અજગર | ચાર | ખડગ્/સર્પ | ઢાલ/સર્પ |
| ૧૪ | અચ્છુપ્તા | ઔ | જેને પાપનો સ્પર્શ નથી | વીજળી | અશ્વ | ચાર | ખડગ્/બાણ | ઢાલ/ધનુષ |
| ૧૫ | માનસી | અં | જે ધ્યાન ધરનારના મનને સાનિધ્ય કરે | ધવલ | હંસ | ચાર | વરદ્‌મુદ્રા/વજ્ર | જપમાલા/વજ્ર |
| ૧૬ | મહામાનસી | અઃ | ધ્યાનઆરૂઢ મનુષ્યના મનને વધુ સાનિધ્ય કરે | ધવલ | સિંહ | ચાર | વરદ્‌મુદ્રા/ખડગ્ | કુંડિકા/ઢાલ |

## પરિશિષ્ટ - ૪

# પીસ્તાલીશ આગમના દુહાઓ

### મંગલાચરણ

નમીએ શ્રી પ્રભુપાર્શ્વને મહિમા કલિએ વિખ્યાત;
ભજીએ શ્રી ગુરૂરાયને, સમરી પદ્મા માત. ૧
વિદ્યમાન આગમ તણા દુહા રચું સુખકાર;
ગામે સ્તવજો ભાવથી, તરવા ઊઠી સવાર. ૨

## અગિયાર અંગના દુહાઓ

(૧) શ્રી મહાવીરના મુખશી પ્રગટ્યો વચન પ્રવાહ,
**આચારાંગે** સ્થિત થયો, ચીંધે મુક્તિનો રાહ.

(૨) સ્વ-પર સમય વિવાદથી, બીજું અંગ સોહાય,
તે **સૂયગડાંગને** નમું, સમકિત નિર્મલ થાય.

(૩) ત્રિવિધિ અવંચક યોગથી, પૂજો **ઠાણાંગ** અંગ,
વિવિધ સંદર્ભોથી શોભતું, સુણતાં આવે રંગ.

(૪) એકથી લઈને શત સુધી, વિવિધ વસ્તુ વિચાર,
**સમવાયાંગે** જાણીએ, ઉપજે હર્ષ અપાર.

(૫) ગૌતમ પૂછે વીર વદે, પ્રશ્ન છત્રીશ હજાર,
**વિવાહ પણ્હત્તી** છે પાંચમું, સુણજો ભાવે ઉદાર.

(૬) **નાયાધમ્મ** કહા ભલું, છઠ્ઠું અંગ વિશાળ,
પ્રથમ **અનુયોગે** શોભતો, વિવિધ કથા ભંડાર.

(૭) **ઉવાસગ** અંગે કહ્યાં, શ્રાવક દશ અધિકાર,
વીર પ્રભુએ વખાણીઆ, પર્ષદા બારે મોઝાર.

(૮) અન્ત સંસારનો જેહને, કીધો તેહની વાત,
તે કારણ **અંતગડ** કહ્યું, લઈએ નામ પ્રભાત.

(૯) **અણુત્તરોવવાઈ** સૂત્રને, નમીએ ભવિજન સાર,
સંજમ લઈને અણુત્તરે, ઉપન્યા તેહ અધિકાર.

(૧૦) દશમાં અંગને વંદી, **પણ્હવાગરણ** નામ,
પૂજો ધ્યાયો ભાવથી, લેવા શિવસુખધામ.

(૧૧) વિવાગસૂત્ત અગિયારમું, દુઃખ સુખ ફળ અધિકાર,
તજીએ પાપને પુણ્ય પણ, ભજીએ સંવર સાર.

## **બાર ઉપાંગોના દુહા**

(૧૨) બાર ઉપાંગમાં આદ્ય છે, **ઓવવાઈ** જેહનું નામ,
વિધવિધ વાતે સોહામણું, પૂજો મન અભિરામ.

(૧૩) **રાયપસેણિય** સૂત્રમાં, રાજા પ્રદેશી અધિકાર,
સૂર્યાભ દેવ નાટક કરે, વીર પ્રભુ આગળ સાર.

(૧૪) જીવાજીવ પદાર્થનું, ઉપજે જેહથી જ્ઞાન,
**જીવાભિગમ** ઉપાંગને, પૂજો બહુ વિધ માન.

(૧૫) **પન્નવયણા** સૂત્રે રહ્યાં, પદ છત્રીસ રસાળ,
ઉપાગમ હી જે શ્રેષ્ઠ છે, સણજો છોડી જંજાળ.

(૧૬) પન્નતિ જંબુદ્વીપની, જંબુદ્વીપ અધિકાર
ભરત ઐરાવત'ને વળી, મહાવિદેહાદિક ધાર.

(૧૭) **સુરપન્નતિ** શાસ્ત્રમાં, રવિ શશિનો છે વિચાર,
સોહમગણધરે વર્ણવ્યો, ખગોળ શાસ્ત્ર વિસ્તાર.

(૧૮) **ચંદપન્નતિ** ઉપાંગમાં, ચંદ્રાદિકનો સંચાર,
ગુરુગમથી તે જાણીએ, અનુયોગ ગણિત ઉદાર.

(૧૯) **કપ્પવંડસિયા** સૂત્રમાં, શ્રેણિક પૌત્ર અધિકાર,
દશ અધ્યયન છે ભલાં, સુણિયે ભાવે ઉદાર.

(૨૦) **નિરયાવલિયા** ઉપાંગમાં, નરકાદિક અધિકાર,
સુણી ચેતો ભવિજના, પાપ ન કરીએ લગાર.

(૨૧) **પુષ્ફચૂલિઆ** ગ્રંથમાં, સિરિ આદિ દશ અધિકાર,
તે આગમ સેવોસ્તવો, કરવા ભવ નિસ્તાર.

(૨૨) વૃષ્ણિક વંશજ બારની, કહી કથા સવિસ્તાર,
ચરમોપાંગને ભાવીએ, **વણ્હિદશા** મનોહાર.

(૨૩) સાધ્વી સુભદ્રનો રૂડો, સંદર્ભ સુણજો હેત,
તે આગમ **પુપ્ફિઆ** નમો, કરવા મુક્તિ સંકેત.

## દશ પયજ્ઞાના દુહા

(૨૪) પયન્ના વરતે છે ઘણા, પણ દશ મુખ્ય ગણાય,
**ચઉશરણપયન્નાને** નમું, પાતક દૂર પલાય.

(૨૫) **આઉરપચ્ચકખાણ** સૂત્રમાં, વિવિધ મરણ વિચાર,
પચ્ચખ્કખાણ ધર્મ આરાધતાં, પામે ભવજલ પાર.

(૨૬) જિનઆણા આરધતાં, તપ જપ કિરિયા જેહ,
**ભત્તાપરિણ્ણામાં** કહ્યું, શિવપદ લહે તેહ.

(૨૭) સંથારે કરે સાધના, પંડિત મરણને કાજ,
**સંથારગ** પયન્ને સુણો, અર્ણિકા આદિ મુનિરાજ.

(૨૮) **તંદુલવેયાલીય** શાસ્ત્રમાં, ગર્ભાદિક અધિકાર,
સુણી ધર્મ આરાધજો, તરવા આ સંસાર.

(૨૯) રાધાવેધસમ સાધજો, વિનયાદિક ગુણભંડાર,
**ચંદાવિજ્ઝય** પયન્ને સુણો, ધન્ય મુનિકથા સાર.

(૩૦) આખ્યાન બત્રીસ ઈન્દ્રનું, વર્ણવ્યું છે વિસ્તાર,
આવાસ સ્થિતિ આદિ ઘણું, **દેવિંદથય** મોઝાર.

(૩૧) **ચરણસમાહિ** પયન્નામાં, પંડિત મરણને કાજ,
ઉપાય કહ્યા તે સેવિયે, લેવા મુગતિનું રાજ.

(૩૨) **મહાપચ્ચક્ખાણ** પયન્નામાં પંડિત વીરજવંત,
અનશન શુદ્ધ આરાધતાં, મુનિ હોવે મુક્તિનો કંત.

(૩૩) **ગણિવિજ્જા** પયન્ને કહી, જ્યોતિષ વિદ્યા સાર,
શુભકર્મમાં તે યોજીએ, વરવા સિદ્ધિ અપાર.

(૩૪) રચીયું છેદ **નિસીહને**, શ્રમણહિતાહિત કાજ,
નિરતિચારને પાળતાં, ધન્ય ધન્ય તે મુનિરાજ.

(૩૫) નિર્ગ્રન્થ સાધુ-સાધ્વીની, આચાર સંહિતા જાણ,
દ્વાદશાંગ નવનીતસમ, છેદ **વવહાર** પ્રમાણ.

(૩૬) છે છેદ સૂત્રોને ભજો, **દસસુયક્ખંધ** સાર,
કલ્પસૂત્ર જેહમાં કહ્યું, શ્રમણ સંઘ આધાર.

(૩૭) પ્રાયશ્ચિત અધિકારને, વળી આચાર શાસ્ત્રની વાત,
કલ્પબૃહદ્‌માં આકરી, આચરે મુનિ સુખશાત.

(૩૮) **જીયકપ્પાખ્યે** વર્ણવ્યાં, દશ પ્રાયશ્ચિત સાર,
શ્રમણ જીવન વિશુદ્ધ બને, પાળે પંચાચાર.

(૩૯) **મહાનિસીહને** વંદીએ, ઉત્તમ કહ્યો આચાર,
વિધિ-નિષેધ અપવાદ વળી, ઉત્સર્ગ માર્ગ વિચાર.

## ચાર મૂલસૂત્રોના દુહા

(૪૦) **દસવેયાલિયે** દશ કહ્યાં, અધ્યયનો ભલી ભાત,
સર્વવિરતી નિર્મળ કરે, વંદીએ ઉઠી પ્રભાત.

(૪૧) પાવાપુરીમાં પ્રકાશિયું, મહાવીર મુખ મનોહાર,
**ઉત્તરજ્ઝયણ** સહુને જચ્યું, મુક્તિ મારગ કથનાર.

(૪૨) શ્રમણસંઘ ભોજન વિધિ **પિણ્ડનિજ્જુત્તી** મોઝાર,
નિર્દોષ ભિક્ષા ગવેષતા, વંદુ તે અણગાર.

(૪૩) **આવશ્યચ** સૂત્રે કહ્યાં, ષડાવશ્યક ધર્મ,
ઉભયટંક આરાધીએ, ભાંગે કર્મના મર્મ.

## બે ચૂલિકા સૂત્રોના દુહા

(૪૪) મંગલ **નન્દીસૂત્ર**માં, પાંચે જ્ઞાન પ્રકાશ,
ભણીએ સ્તવીએ ભાવથી પ્રગટે આત્મ સુવાસ.

(૪૫) પ્રશ્નોત્તર પરિપાટીથી, વર્ણવ્યા વિવિધ પદાર્થ,
**અનુયોગદ્વાર**ને હું સ્તવું, તજવા મિથ્યા અનર્થ.

---

**નોંધ :- વલયસાતમાં ૪૫ આગમ પૂજન કરતાં ઉપરોક્ત દુહા સમય અનુકૂળતા હોય તો બોલવા.**

---

## પરિશિષ્ટ - ૪-અ      જૈન - પિસ્તાલીસ આગમોનો માહિતી દર્શક કોઠો - ૧

| ક્રમ | નામ | વિભાગો | અધ્યયનો | વિષય | શ્લોક પરિમાણ | શૈલી | સૂત્રો | કર્તા | નિર્યુક્તિ | ચુર્ણિ | વૃતિ ટીકા | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | શ્રી આચારાંગ સૂત્ર | અંગ | ૨૫ | આચાર દ્વારા મૂક્તિ માર્ગ | ૨૫૫૪ | ગદ્ય પદ્ય | ૪૦૨ | શ્રી સુધર્મા સ્વામી | ૩૬૭ | ૮૩૦૦ | ૧૨૦૦૦ | ૯૨૨૫-દિપીકા |
| ૨ | શ્રી સૂત્ર કૃતાંગ સૂત્ર | અંગ | ૨૩ | વાદવિવદથી સિદ્ધાંત દ્રવ્ય અનુયોગને સ્થપના | ૨૧૦૦ | ગદ્ય | ૮૨ | શ્રી સુધર્માસ્વામી | ૨૬૫ પદ્ય | ૯૯૦૦ | ૧૨૮૫૦ | ૬૬૦૦-દિપીકા |
| ૩ | શ્રી સ્થાનાંગ (ઠાણ) સૂત્ર | અંગ | ૩૧ | સંખ્યાની દૃષ્ટિએ પદાર્થોના વર્ગીકરણ | ૩૭૦૦ | ગદ્ય | ૭૮૩ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૧૪૨૫૦ | ૧૦૫૦૦-દિપીકા |
| ૪ | શ્રી સમવાયાંગ સૂત્ર | અંગ | ૨ | જીવમાત્રના વિવિધ વિષયોનો સમન્વય | ૧૬૬૦ | ગદ્ય | ૧૬૦ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૩૫૭૪ | |
| ૫ | શ્રી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ (ભગવતીજી) | અંગ | ૪૨ | જીવ, કર્મ, વિજ્ઞાન, ખગોળ, ભૂગોળની માહિતી | ૧૫૭૫૧ | ગદ્ય | ૩૬૦૦૦ પ્રશ્નો | શ્રી સુધર્મા સ્વામી | - | ૩૧૧૪ | ૧૮૬૧૬ | અવચૂર્ણિ, લઘુવૃત્તિબીજક |
| ૬ | શ્રી જ્ઞાતા ધર્મ કથા | અંગ | ૨૧૬ | દૃષ્ટાંત, ઉદાહરણોની કથા | ૫૪૫૦ | ગદ્ય | ૧૫૯ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૩૮૦૦ | સાડા ત્રણ કરોડથી પણ વધારો કથાઓ સંકળાયેલી હતી. |
| ૭. | શ્રી ઉપાશક દશાંગ | અંગ | ૧૦ | ભ. મહાવીરના દસ શ્રાવકોના ગૃહસ્થાશ્રમની રુપરેખા | ૮૧૨ | ગદ્ય | ૫૯ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૮૦૦ | શ્રાવકના બાર વ્રત આચારનુંનિરૂપણછે. |
| ૮. | શ્રી અંતકૃદશાંગ | અંગ | ૯૨ | અંત સમયે કેવળ જ્ઞાન પામનાર ચરિત્રો છે. | ૮૯૯ | ગદ્ય | ૨૭ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૪૦૦ | તપશ્ચર્યાની વિગતછે. |
| ૯. | શ્રી અનુનરોપપાતિ દશાંગ | અંગ | ૩૩ | શ્રેણિક રાજાના પરિવારની દીક્ષા કાળધર્મની કથા છે. | ૧૯૨ | ગદ્ય | ૬ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૧૦૦ | ધન્નાનું વર્ણન, અનુત્તર વિમાનનું દ્વાર |
| ૧૦. | શ્રી પ્રશ્ન વ્યાકરણ | અંગ | ૧૦ | હાલ - આશ્રય અને સંવર વિશે માહિતી | ૧૩૦૦ | ગદ્ય | ૧૦૮ પ્રશ્નો | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૫૩૩૦ | બીજી વૃત્તિછે. હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ અને પાંચ મહાવ્રતો વિષે. |

## જૈન - પિસ્તાલીસ આગમોનો માહિતી દર્શક કોઠો - ૨

| ક્રમ | નામ | વિભાગો | અધ્યયનો | વિષય | શ્લોક પરિમાણ | શૈલી | સૂત્રો | કર્તા | નિર્યુક્તિ | ચુર્ણિ | વૃતિ ટીકા | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧૧ | શ્રી વિપાકશ્રુત | અંગ | ૨૦ | અશુભ અને શુભ કર્મનું ફળ દ્દષ્ટાંતોની સાથેછે. | ૧૨૫૦ | ગદ્ય | ૧૧૭ | શ્રી સુધર્મા સ્વામી | - | - | ૯૦૦ | |
| ૧૨ | શ્રી ઔપપાતિકસાર | ઉપાંગ | ૨ | દેવ, નારકને મોક્ષ ગમન અંગેછે. | ૧૬૦૦ | ગદ્ય પદ્ય | ૬૫ | - | - | - | ૩૧૨૫ | |
| ૧૩ | શ્રી રાજપ્રશ્રાય (સપપસેણીયા) | ઉપાંગ | ૨ | પ્રદેશી રાજાના પૂર્વભવો, પ્રશ્નોતર તથા નાટકો | ૨૧૦૦ | ગદ્ય | ૮૫ | - | - | - | ૩૭૦૦ | |
| ૧૪ | શ્રી જીવા જીવાભિગમ | ઉપાંગ | ૧૦ | જીવ અને અજીવનો અધિકાર | ૪૭૦૦ | ગદ્ય | ૨૭૨ | - | - | ૧૫૦૦ | ૧૪૦૦૦ | જંબુદ્વિપનું વર્ણન છે. ભરતી-ઓટના કારણછે |
| ૧૫ | શ્રી પ્રજ્ઞાપના સૂત્ર | ઉપાંગ | ૩૬ | પ્રશ્નોત્તર શૈલીમાં જૈન દર્શનની વિવિધ બાબતો | ૭૭૮૭ | ગદ્ય | ૩૪૯ | આર્ય શ્યામાચાર્ય | - | - | ૧૬૦૦૦ | જૈન ધર્મના વિશ્વકોષ રૂપેછે. |
| ૧૬ | શ્રી સૂર્ય પ્રજ્ઞપ્તિ | ઉપાંગ | ૨૦ | જૈનોનું ગણિત-ખગોળશાસ્ત્ર | ૨૨૯૬ | | ૧૦૮ | | - | - | ૯૫૦૦ | સંવત્સરીનો પ્રારંભ, અંતછે. |
| ૧૭ | શ્રી ચંદ્ર પ્રજ્ઞપ્તિ | ઉપાંગ | | " | ૨૨૦૦ | | | | - | - | ૯૫૦૦ | - |
| ૧૮ | શ્રી જંબુદ્વિપ પ્રજ્ઞપ્તિ | ઉપાંગ | ૭ | જંબુદ્વિપ અંગે જાતજાતની માહિતીછે. | ૪૪૫૪ | | ૧૭૮ | | - | - | ૧૮૦૦૦ | - |
| ૧૯ | શ્રી નિરયાવલિકા | ઉપાંગ | ૧૦ | નારકીની શ્રેણીના વર્ણનરૂપ ગ્રંથ | ૧૧૦૦ | ગદ્ય | | | - | - | ૬૦૦ | - |
| ૨૦ | શ્રી કપ્પવડિસિયા | ઉપાંગ | ૧૦ | સૂર્ય, શુક્ર, ચંદ્ર વગેરેની હકીક્ત | ૧૧૦૦ | ગદ્ય | | | - | - | ૬૦૦ | - |
| ૨૧ | પુપ્ફિયા (પુષ્પિકા) | ઉપાંગ | ૧૦ | | ૧૧૦૦ | ગદ્ય | | | - | - | ૬૦૦ | - |
| ૨૨ | પુપ્ફચૂલિકા (પુષ્પચૂલિકા) | ઉપાંગ | ૧૦ | સંયમની આરાધનામાં સ્વછંદતા સેવાતીની પરિણામ આપેલછે. | ૧૧૦૦ | | | | - | - | ૬૦૦ | - |
| ૨૩ | વહ્નિ દશા (વષ્ણિ દશા) | ઉપાંગ | ૧૨ | સર્વાર્થ સિદ્ધ સ્વર્ગની વિગતછે. | ૧૧૦૦ | ગદ્ય | | | - | - | ૬૦૦ | - |

# જૈન - પિસ્તાલીસ આગમોનો માહિતી દર્શક કોઠો - ૩

| ક્રમ | નામ | વિભાગો | અધ્યયનો | વિષય | શ્લોક પરિમાણ | શૈલી | સૂત્રો | કર્તા | નિર્યુક્તિ | ચુર્ણિ (ભાષ્ય) | વૃતિ ટીકા | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૪ | શ્રી ચતુઃશરણ પયન્ના | ઉપાંગ | ૧૦ | છ આવશ્યક / ચાર શરણાં વિવિધા સભર | ૮૦ | પદ્ય | ૬૩ | મુનિ વીરભદ્ર | - | - | - | - |
| ૨૫ | શ્રી આતુર પ્રત્યાખ્યાન | ઉપાંગ | ૧૦ | મરણના પ્રકારોની હિતશિક્ષા | ૧૦૦ | પદ્ય | - | | - | - | ૪૨૦ | - |
| ૨૬ | શ્રી મહા પ્રત્યાખ્યાન | ઉપાંગ | | દુશ્ચરિત્રની નિંદા, પાંચ મહાવ્રતો છે. | ૧૭૬ | પદ્ય | ૧૪૨ | મુનિ વીરભદ્ર | - | - | ૮૦૦ | - |
| ૨૭ | શ્રી ભક્ત પરિજ્ઞા | ઉપાંગ | | અનશન કર્યા બાદ સમાધિમરણ માટે | ૨૧૫ | પદ્ય | ૧૭૨ | અજ્ઞાત કર્તૃક | - | - | ૫૦૦ | - |
| ૨૮ | શ્રી તંદુલવૈચારિક | ઉપાંગ | | જીવના શરીર સંબંધી વૈરાગ્યજનક વર્ણન | ૫૦૦ | પદ્ય | - | અજ્ઞાત કર્તૃક | - | - | - | - |
| ૨૯ | શ્રી સંસ્તારક (સંથારગ) | ઉપાંગ | | અંતકાળની આરાધના | ૧૫૫ | પદ્ય | ૧૩૩ | અજ્ઞાત કર્તૃક | - | - | ૫૮૫૦ | - |
| ૩૦ | શ્રી ગચ્છાચાર | ઉપાંગ | | ગચ્છના સમુદાયનું નિરૂપણ છે. | ૧૭૫ | | | અજ્ઞાત કર્તૃક | - | - | - | - |
| ૩૧ | શ્રી દેવેન્દ્રસ્તવ | ઉપાંગ | | ઈન્દ્રો સિદ્ધો, નક્ષત્રોની વિગત | ૩૭૫ | | ૩૦૭ | | - | - | - | - |
| ૩૨ | શ્રી મરણ સમાધિ | ઉપાંગ | | મૃત્યુ સમયે સમાધિ જાળવવા | ૮૩૭ | પદ્ય | ૬૬૩ | અજ્ઞાત કર્તૃક | - | - | - | - |
| ૩૩ | શ્રી ગણિ વિજ્જા | ઉપાંગ | ૯ | જ્યોતિષ આદિનું જ્ઞાન છે. | ૧૦૫ | પદ્ય | ૮૨ | | - | - | - | - |
| ૩૪ | શ્રી નિશીથ સૂત્ર | છેદ | ૨૦ | જ્ઞાનચારના દોષોનું પ્રાયશ્ચિત છે. | ૮૨૧ | ગદ્ય | - | | - | ૧૨૦૦૦ ૭૫૦૦ | ૨૮૦૦૦ | - |
| ૩૫ | શ્રી જિતકલ્પસૂત્ર | છેદ | ૧૦ | આલોચનાદિ વિવરણ | ૨૦૦ | ગદ્ય | - | જિનભદ્રગણિ | - | ૨૬૦૬ ૧૦૦૦ | ૧૦૧૨૦ | |
| ૩૬ | શ્રી વ્યવહાર સૂત્ર | છેદ | ૧૦ | શિક્ષાના પ્રસંગો અમલ કરવાની રીત | ૩૭૩ | ગદ્ય | - | ભદ્રબાહુસ્વામી | - | ૬૪૦૦ | ૧૨૦૦૦ ૩૪૦૦૦ | - |
| ૩૭ | શ્રી દશાશ્રુત સ્કંધ સૂત્ર | છેદ | ૧૦ | સમાધિ - અસમાધિ મોહનીય કર્મ સાથે ★૨ | ૨૧૦૬ | ગદ્ય. | - | ભદ્રબાહુસ્વામી | ૧૪૦ | ૫૧૫૦ (૧૨૦૦૦) | ૨૧૬૧ | આઠમું અધ્યયન તે પજ્જોસવણાકપ્પ, કલ્પસૂત્ર, બારસાસૂત્ર |

# જૈન - પિસ્તાલીસ આગમોનો માહિતી દર્શક કોઠો - ૪

| ક્રમ | નામ | વિભાગો | અધ્યયનો | વિષય | શ્લોક પરિમાણ | શૈલી | સૂત્રો | કર્તા | નિર્યુક્તિ | ચુર્ણિ ભાષ્ય | વૃતિ ટીકા | વિશેષ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૮ | શ્રી બૃહત્કલ્પ (કલ્પાધ્યન) | છેદ | ૬ | સાધુ-સાધ્વીના આચાર અને નિયમો આપેલ છે. | ૪૭૩ | ગદ્ય | | ભદ્રબાહુસ્વામી | - | ૭૬૦૦ | ૧૧૦૦૦<br>૧૬૦૦૦ | - |
| ૩૯ | શ્રી મહાનિશીથ સૂત્ર | છેદ | ૮૩ | પાપની નિંદા અને આલોચના જણાવેલ છે. | ૪૫૪૮ | ગદ્ય | - | - | - | - | - | - |
| ૪૦ | શ્રી આવશ્યક સૂત્ર | મૂળ | ૬ | અવશ્ય કરવા લાયક છ આવશ્યક છે. | ૨૫૦૦ | ગદ્ય | ૧૬૨૩ ગાથા | - | ૧૨૪.૧+<br>૯૩૩૬ | ૧૮૫૦૦ | ૮૪૦૦૦<br>૪૨૬૦૦ | -<br>- |
| ૪૧ | શ્રી દશવૈકાલિક સૂત્ર | મૂળ | ૧૦ | સાધુને સંયમમાં સ્થિર રહેવાની સમજણ છે. | ૮૩૫ | ગદ્ય | - | શય્યંભવસૂરિજી | ૫૦૦ | ૬૩ | ૭૦૦૦ | - |
| ૪૨ | શ્રી ઓઘ નિર્યુક્તિ | મૂળ | | સાધુ-સાધ્વીજીના આહારના ૪૨ દોષોનું વર્ણન | ૩૮૦૦ | પદ્ય | ૬૭૧ | ભદ્રબાહુસ્વામી | - | - | ૭૦૦૦ | - |
| ૪૩ | શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર | મૂળ | ૩૬ | વિનય ગુણની પ્રધાનતા આપેલ છે. | ૨૦૦૦ | પદ્ય | - | ભ. મહાવીરની અંતિમદેશનાતથાઅન્ય | ૬૦૦ | ૫૮૫૦ | ૧૬૦૦૦+<br>૧૪૦૦૦ | આ સૂત્ર આસો વદમાં દિવાળી ઉપર આવે છે. |
| ૪૪ | શ્રી નન્દી સૂત્ર | ચૂલિકા | ૧૦ | પાંચ જ્ઞાનનું વર્ણન | ૭૦૦ | પદ્ય | ૫૯+૫૯ | દેવવાચક | - | ૧૫૦૦ | ૨૩૩૬+<br>૭૭૩૨ | - |
| ૪૫ | શ્રી અનુયોગ દ્વાર સૂત્ર | ચૂલિકા | - | પ્રશ્નોત્તર અનુયોગ સંખ્યાની માહિતી | ૨૦૦૦ | ગદ્ય | ૧૫૨ | આર્યરક્ષિત સૂરિજી | - | ૨૨૬૫ | ૩૦૦૦+<br>૫૯૦૦ | - |

## પરિશિષ્ટ - ૫

# તપાવલી

(૧)

### * શ્રી મહાવીર તપ *

महावीरतपो ज्ञेयं वर्षाणि द्वादशैव च ।
त्रयोदशैव पक्षांश्च पञ्चकल्याणपारणे ॥१॥

શ્રી મહાવીર સ્વામીએ છદ્મસ્થ અવસ્થામાં જે તપ કર્યો તે મહાવીર તપ કહેવાય છે. તેમાં બાર વર્ષ અને તેર પક્ષ એટલે સાડા છ માસ સુધી દસ ઉપવાસે પારણું કરીને તપ પૂર્ણ કરવો.

ઉદ્યાપનમાં મોટી સ્નાત્ર વિધિ પૂર્વક શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા આગળ સુવર્ણમય વટ વૃક્ષ ઢોકવો. તથા સંઘવાત્સલ્ય વગેરે કરવું. આ તપનું ફળ કર્મનો ક્ષય થાય તે છે. આ સાધુ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગણણામાં **"શ્રી મહાવીર સ્વામિને નમઃ"**

(૨)

# * ગૌતમ પડઘો તપ *

राकासु पंचदशसु स्वशक्तेरनुसारतः ।
तपः कार्य गौतमस्य पूजाकरणपूर्वकम् ॥१॥

શ્રી ગૌતમસ્વામીના પાત્રાંને ઉદ્દેશીને આ તપ કરવામાં આવે છે, તેથી તેનું નામ ગૌતમ પતદ્ગ્રહ (પડઘો) કહેવાય છે. આ તપમાં દરેક પૂર્ણિમાએ યથાશક્તિ ઉપવાસ એકાસણું વગેરે તપ કરવો તથા શ્રી ગૌતમસ્વામીની મૂર્તિની પૂજા કરવી. એ રીતે પંદર પૂર્ણિમા સુધી તપ કરવો. ઉદ્યાપને શ્રી ગૌતમસ્વામીની તથા શ્રી મહાવીર સ્વામીની મોટી સ્નાત્રવિધીએ પૂજા કરવી. રૂપાનું પાત્ર કરાવી વીર સ્વામીની મૂર્તિ પાસે મૂકવું તથા કાષ્ટમય પાત્રું ખીર અને ઝોળી સહિત ગુરૂને વહોરાવવું. સંઘવાત્સલ્ય સંઘપૂજા કરવી. આ તપ કરવાથી વિવિધ લબ્ધિની પ્રાપ્તિ થાય છે. આ શ્રાવકને કરવાનો આગાઢ તપ છે.

બીજી રીતે કાર્તિક શુદિ એકમને દિવસે ઉપવાસાદિક તપ કરીને ગૌતમ સ્વામીની પૂજા વગેરે ઉપર પ્રમાણે સર્વ કરવું. આ પ્રમાણે એક વર્ષ સુધી દરેક એકમને દિવસે કરવું ઉદ્યાપન વગેરે ઉપર પ્રમાણે કરવું.

**"શ્રી ગૌતમસ્વામિને નમઃ"** એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વગેરે સત્તાવીશ કરવા.

(૩)

## * ગૌતમ કમળ તપ. (નં. કં.) *

આ તપમાં એકાંતર ઉપવાસ નવ કરવા. ઉદ્યાપને ગૌતમસ્વામીની પૂજા પૂર્વક સુવર્ણનું કમળ કરાવીને ઢોકવું. બીજી સર્વ વસ્તુ પક્વાન્ન, ફળ વગેરે શક્તિ પ્રમાણે ઢોકવાં. "**શ્રી ગૌતમસ્વામિસર્વજ્ઞાય નમઃ**" એ પદની નવકારવાળી વીશ ગણવી. સાથીયા વગેરે સત્તાવીશ કરવા.

(૪)

## * શ્રી વીર ગણધરતપ *

**चरमजिनस्यैकादशशिष्यगणधारिणस्तदर्थं च ।**
**प्रत्येकमनशनान्यप्याचाम्लान्यथ विदध्याच्च ॥१॥**

ગણધરની આરાધના માટે જે તપ તે ગણધર તપ કહેવાય છે. તેમાં શ્રી વર્ધમાન સ્વામીના અગિઆર ગણધરો છે, તેમની આરાધના માટે દરેક ગણધરને આશ્રયિંને એકાંતર અગિયાર અગિયાર ઉપવાસ અથવા અગિયાર અગિયાર એકાંતર આંબિલ કરવાં. (મતાંતરે દરેક ગણધર આશ્રયીને એક એક ઉપવાસ અથવા

આંબિલ કરવાનું પણ કહ્યું છે.) ઉદ્યાપનમાં અગિયાર અગિયાર ચારિત્રના ઉપકરણ સાધુને આપવા. ગણધરની મૂર્તિની પૂજા કરવી. સંઘવાત્સલ્ય, સંઘ પૂજા કરવી. આ તપનું ફળ કેળળજ્ઞાન પ્રાપ્તિ થાય તે છે. આ તપ યતિ તથા શ્રાવકને કરવાનો આગાઢ તપ છે. ગરણું વગેરે નીચે પ્રમાણે. (જે ગણધરનો તપ ચાલતો હોય તે નામનું ગરણું ગણવું)

ઉપરનો આ તપ વૈશાખ સુદિ ૧૧ થી શરૂ કરવામાં આવે છે. તે દિવસે શ્રી ગૌતમ આદિ ગણધરના દેવ વાંદે. આ તપ ૧૧ છઠ્ઠ કરીને પણ કરાય છે.

## (૫)

## * અઠ્ઠાવીશ લબ્ધિતપ. (અં. પૂ. વિગેરે) *

એક એક લબ્ધિનું એક એક એકાસણું (અથવા એકાંતર ઉપવાસ) એમ નિરંતર અઠ્ઠાવીસ એકાસણા (અથવા ઉપવાસ) કરવા. દૂહો -

**"લબ્ધિ અઠ્ઠાવીશ ધરી, ગુરૂ ગોયમ ગણેશ ।**
**ધ્યાવો ભાવિ શુભકરું, ત્યાગી રાગ ને રીશ ॥૧॥**

**"શ્રી આમોસહિ લબ્ધયે નમઃ"**૧ એમ બોલી દરરોજ પચાસ ખમાસમણ, પચાસ લોગસ્સનો કાયોત્સર્ગ, પચાસ સાથીયા તથા વીશ નવકારવાળી તે તે દિવસની લબ્ધિના નામની ગણવી. તે લબ્ધિનાં નામ નીચે પ્રમાણે (આ તપનું ફળ નિર્મળ બુદ્ધિની પ્રાપ્તિ થાય તે છે.)

## (૬)

## * અષ્ટમહાસિદ્ધિ તપ. (લા.) *

આ તપમાં લગોલગ આઠ એકાસણાં કરવાં. અથવા એકાંતર આઠ ઉપવાસ કરવા, ઉદ્યાપને જ્ઞાન પૂજા વગેરે યથાશક્તિ કરવું. ગરણું નીચે પ્રમાણે -

| | | |
|---|---|---|
| **૧. અણિમા સિદ્ધયે નમઃ** | **૨. મહિમા સિદ્ધયે નમઃ** | **૩. લધિમા સિદ્ધયે નમઃ** |
| **૪. ગરિમા સિદ્ધયે નમઃ** | **૫. વિશતા સિદ્ધયે નમઃ** | **૬. પ્રાકામ્ય સિદ્ધયે નમઃ** |
| **૭. પ્રાપ્તિ સિદ્ધયે નમઃ** | **૮. વશિતા સિદ્ધયે નમઃ** | |

**સાથીયા વગેરે આઠ આઠ કરવા**

## * (૭) નવ નિધાન તપ (લા. વિ. પ્ર) *

આ તપ શુક્લ પક્ષની નવ નવમીને દિવસે ઉપવાસ કરવાથી પૂર્ણ થાય છે. ગરણું નીચે પ્રમાણે.

| | | |
|---|---|---|
| ૧. શ્રી નૈસર્ગ નિધાનાય નમઃ | ૨. શ્રી પાંડુક નિધાનાય નમઃ | ૩. શ્રી પિંગલ નિધાનાય નમઃ |
| ૪. શ્રી કાલ નિધાનાય નમઃ | ૫. શ્રી મહાકાલ નિધાનાય નમઃ | ૬. શ્રી માણવ નિધાનાય નમઃ |
| ૭. શ્રી સર્વરક્ત નિધાનાય નમઃ | ૮. શ્રી મહાપદ્મ નિધાનાય નમઃ | ૯. શ્રી શંખ નિધાનાય નમઃ |

આ તપથી નિધાનની પ્રાપ્તિ થાય છે. સાથીયા વિગેરે નવ નવ કરવા. ઉદ્યાપને પ્રભુને નવ અંગે તિલક ચડાવવાં.

## * (૮) પીસ્તાલીશ આગમ તપ *

આ તપમાં ૪૫ લગોલગ એકાસણાં કરવાં. દરરોજ જુદું જુદું ગણણું ગણવું. સાથીયા કરવા; ખમાસમણ દેવા. હંમેશાં તે તે આગમની ઢાળ સ્નાત્ર ભણાવીને બોલવી. તપ પૂર્ણ થયે ઉદ્યાપને વરઘોડો તથા પૂજા પ્રભાવનાદિક કરવું. નંદિસૂત્ર તથા ભગવતીસૂત્રની સોનામહોરે પૂજા કરવી. પહેલે તથા છેલ્લે દિવસે રૂપાનાણે તથા બીજા આગમોની પૈસાથી તથા વાસક્ષેપથી પૂજા કરવી. તપ પૂર્ણ થયે પીસ્તાલીશ પીસ્તાલીશ વસ્તુઓ જ્ઞાન પાસે ઢોકવી. ગુરૂપૂજન કરવું. પીસ્તાલીશ આગમની મોટી પૂજા ભણાવવી. શેષ વિધિ ગુરૂ પાસેથી જાણવો.

## શ્રી ગૌતમસ્વામીનું ગીત - ૧

સમરૂ ગૌતમ ગણધર નામ, જેથી સીઝે સર્વે કામ
લબ્ધિનિધિ અમને લબ્ધિઓ આપજો રે ...૧

સાંભળી વીર જિનેશ્વર વાણી, જે છે ગુણમણ મણિની ખાણી
શિષ્ય થયા તે શિક્ષા અમને આપજો રે... ૨

નામે ઈન્દ્રભૂતિ ગણરાય, જેને વંદે સુરનર રાય
મંગલમૂર્તિ મંગળ સઘળા સ્થાપજો રે...૩

જેના વચને ત્યાગ કરીને, ભવ્ય જીવ પર કેવળ લહીને
સિદ્ધિ વર્યા તે, સિધ્ધી અમને આપજો રે...૪

ક્ષણમાં અષ્ટાપદગીરી ચઢિયા, સાધુ શિરોમણી ગુણના દરિયા
એ તીરથને વંદીને સૌ રાચજો રે...૫

## શ્રી ગૌતમસ્વામીનું ગીત - ૨

(રાગ - સિધ્ધાચલના વાસી જિનને ક્રોડો પ્રણામ)

પહેલા છો અણગાર, ગૌતમ લાગું તારે પાય
શાસનના શણગાર, ગૌતમ લાગું તારે પાય...૧

નવનિધિ રિધ્ધિ સિધ્ધિ પામે, સ્વામીશ્રી ગૌતમને નામે
આનંદ અંગ ન માય, ગૌતમ લાગું તારે પાય...૨

કલ્પવૃક્ષ સમ મહિમા તારો, જીવનનો તું છે સથવારો
ગુણ તારા ગવાય, ગૌતમ લાગું તારે પાય...૩

નામ જપતા જય જયકારી, તારી લબ્ધિની બલિહારી
ભકતો તારા હરખાય - ગૌતમ લાગું તારે પાય...૩



સ્વ. પ.પૂ. આચાર્યદેવ
ભાનુચંદ્રસૂરી મ.સા.

# શ્રી ગૌતમસ્વામી મહાપૂજન

લબ્ધિના ભંડાર એવા ગૌતમસ્વામીજી જિનશાસનમાં 'મંગલ વિભૂતિ' તરીકે નિત્ય પ્રાત:સ્મરણીય ધર્મપુરુષ તરીકે મહિમાવંત છે. અનંતલબ્ધિસંપન્ન શ્રી ગૌતમસ્વામી ભગવંતની વિશિષ્ટ આરાધના - ભક્તિનું અનુપમ માદ્યમ આ પૂજન છે. આ પૂજન દ્વારા પૂજક આત્મા બાહ્ય-આંતરિક ઋદ્ધિ, સિદ્ધિ અને લબ્ધિઓને પ્રાપ્ત કરે છે. જે ગૌતમસ્વામીજીમાં વિનયગુણ સહ ભવ્યતા અને ભદ્રતા હતી, તે ગુણ પૂર્ણભાવથી એકાગ્રચિત્તે પૂજન દ્વારા પૂજકને પ્રાપ્ય બને છે. નિર્મળ ઉપકારકવૃત્તિ સંપન્ન એવા મહાન આત્મસાધક ઉજ્જવળ વ્યક્તિત્વવાળા ધર્મપુરુષ તેઓ હતા. ગૌતમસ્વામીજી પૂર્ણ શ્રદ્ધાવંત બની પ્રભુ મહાવીરના ચરણે સમર્પિત થઈને વીર ચરણોની અનન્ય ભક્તિ કરી હતી તેઓ અવિહડ 'ભક્તિગુણ' આ પૂજન દ્વારા પૂજકને પણ પ્રાપ્ય બને એ જ આ પૂજનરચનાની મનોકામના.



પરમ પૂજ્ય પંન્યાસજી
શ્રી સુબોધવિજયજી મ.સા.